
માર્ચ, ૨૦૧૩

# પાવન હૃદય દૂત



રડતી જનેતાને નીરખવા, દીકરા, આંખો ઉઘાડો તમારી;
ઘાયલ હૃદય તણા કારી ઘા રૂઝવો 'મા' શબ્દ મીઠો ઉચ્ચારી, ઓ દીકરા મારા

# ત્રીજી વાર્ષિક પુણ્યતિથિએ ભાવાંજલિ

*ચિઠ્ઠી ના કોઈ સંદેશ જાને વો કૌન સા દેશ જહાઁ તુમ ચલે ગયે.*

જીવનભર કઠોર પરિશ્રમ કરી,
શૂન્યમાંથી સર્જન કર્યું.
ઘરના માળાને સુંદર અને
આંખને ઠારે એવો બનાવ્યો.
પ્રેમાળ પતિ, બંધુ, સખા, પિતા, દાદા
તરીકેની ફરજ પૂરેપૂરી રીતે નિભાવી.
તમારી ખોટ તો સદાયે ખટક્યા કરશે.
પરંતુ,
પરમ પિતાની ઈચ્છાને આધીન બનીને આપની
શાશ્વત જીવનની વાટનો સ્વીકાર કરીએ છીએ.
પુનરુત્થાનની પ્રભાતે અચૂક મળીશું એ
અજરામર શ્રદ્ધા સાથે આ ભાવાંજલિ
અર્પણ કરીએ છીએ.



**સ્વ. વિલિયમ એ. દાવલા**

જન્મ: ૨૫-૦૬-૧૯૨૬
શાશ્વત જીવનમાં પ્રવેશ: ૨૧-૦૩-૨૦૧૦

**લિ. આપનો પરિવાર**
**જીવનસાથી કમળાબેન**
**તથા દાવલા પરિવાર**
વિદ્યાનગર

# પ્રથમ પુણ્યતિથિએ શ્રદ્ધાંજલિ

## સ્વ. કિરપાબેન (કુમુદ) જશુભાઈ પરમાર

આલોકે આગમનઃ ૦૭-૦૩-૧૯૫૨

પરલોકે ગમનઃ ૨૨-૦૩-૨૦૧૨



આપની વિદાયને એક વર્ષ વિતવા છતાં,
આપ હયાત છો, એવો ભ્રમ થાય છે.
આપનું સ્મરણ થતાં જ
અમારી આંખો આંસુથી છલકાય છે.
આપની બેઠક તરફ નજર કરતાં
ત્યાં ખાલીપો વર્તાય છે.
આવતા જતા પ્રસંગોમાં તમારી ગેરહાજરી
તમારી યાદ તાજી કરાવી જાય છે.
તમે અમારાં પ્રેરણાસ્ત્રોત તથા શ્રેષ્ઠ પથદર્શક હતાં.
પરમકૃપાળુ પિતા પરમેશ્વર આપના
આત્માને પરમ શાંતિ અર્પે એજ અમારી પ્રાર્થના.
પુનરુત્થાનની પ્રભાતે ફરી મળીશું
એજ અમર આશા.

લિ.
જશુભાઈ સીરીલભાઈનો
દુ:ખીત પરિવાર
નિર્મલ, વિલિસ, યતીન (પુત્ર)
રોઝમેરી (પુત્રવધુ)
તનિષ્ક (પૌત્ર)
લોટિયા ભાગોળ, જીસસનગર,
આણંદ

# Happy Birthday

Our little Aaron is turning!!!!
On 24th March, 2013



A year ago, we welcomed our
little Aaron!
His first smile, first laugh, first tooth,
first step made us very pleased.
as his each movements has been
very special to
express in words.
It's Proud to have you a little boy
"AARON" descended from heaven to earth.
It's nice kind of a day 24th of March
to celebrate for treats and fun.

Happy Birthday



*Best Compliment From:*

Alkesh (Papa)
Megha (Mummy)
Kalpesh (Mota Papa)
Priyanka (Moti Mummy)

Joseph J. Parmar (Dada)
Nirmala J. Parmarr (Dadi)
Sr. Elisha (Foi)

7, Sneh Sagar Society
St. Xavier's road, Anand (Gujarat)

# ચાલો કાટકુવા, કાલવારી ડુંગરી

## (દઢવાડા તાબો)


# વેદનામૂર્તિ માતા મરિયમનો મેળો

## તપઋતુનો ચોથો રવિવાર, ૧૦મી માર્ચ, ૨૦૧૩

કાટકુવા ગામથી શરૂ થઈ બાજુમાં આવેલ ડુંગર ઉપર ક્રૂસના માર્ગની ભક્તિ પૂર્ણ થાય છે. આ ડુંગર ઉપર જતાં અલગ અલગ જગ્યાએ ક્રૂસના માર્ગના ચૌદ સ્થાનો મૂકવામાં આવ્યાં છે અને ડુંગરની ટોચ ઉપર પવિત્ર મારીઆના ખોળામાં મૃત્યુ પામેલ ઈસુની પ્રતિમા (સુતોપાસિકા) મૂકવામાં આવી છે.

કાલવારી પર્વત ઉપર જતા પ્રભુ ઈસુની પીડામાં ભાગ લેવા પધારો.
૯મી તારીખે રાત્રે ટેકરી ઉપર ફાધર લૂઈસ લોપેસ દ્વારા ભક્તિ-પ્રાર્થના-આરાધના રાખવામાં આવેલ છે.

**ખ્રિસ્તયજ્ઞ:** સવારે ૯.૦૦ કલાકે
મહાખ્રિસ્તયજ્ઞ માનનીય બિશપશ્રી ગોડફ્રી રોઝારીયો (વડોદરા ધર્મપ્રાંત) દ્વારા
બપોરે ૧૨.૦૦ કલાકે.



**નોંધ: કાટકુવા પહોંચવા માટે અંકલેશ્વરથી ઝંખવાવ, ઝંખવાવથી માંડવી રોડ ઉપર ૧૧ કિલોમીટર પછી ઉમરખડી ચોકડી ત્યાંથી ડાબી બાજુ ૭ કિલોમીટર કાટકુવા ગામ માટે.**

"પાવન હૃદય દૂત"

# ગુજરાત સાહિત્ય પ્રકાશ

## 'દૂત'માં જાહેરાત આપવા માટેના નીતિ-નિયમો

- જાહેરાત સુવાચ્ય અક્ષરે લેખિત અથવા ટાઈપ કરેલી, કમ્પ્યુટરાઈઝ તથા ડીઝાઈન (ઓપન ફાઈલ)માં આપવાની રહેશે. A/4 સાઈઝના પેપરમાં આપવી.
- જાહેરાતની સાથે જ જાહેરાતની રકમનો થતો ચાર્જ ચૂકવવાનો રહેશે, અથવા તો અમારા બેંક ખાતામાં જમા કરાવવાનો રહેશે.
- કલર પેજ: દરેક અંકમાં ૩ કલર પેજ હશે, પરંતુ જો વધુ માંગ હશે તો સાત પેજ કે અગિયાર પેજ કરવામાં આવશે. (સાત પેજ કે અગિયાર પેજની પૂરતી સંખ્યા થાય તો જ કલર પેજ કરવામાં આવશે).
- જાહેરાત હંમેશા વહેલા તે પહેલાના ધોરણે સ્વીકારવામાં આવશે.
- જાહેરાત સ્વીકારવાની છેલ્લી તારીખ દસમી તારીખ રહેશે. જો જગ્યા હોય તો જ, ત્યાર પછીથી જાહેરાત લેવામાં આવશે.
- પ્રૂફ જોવા ૨૦મી તારીખે રૂબરૂ ગુજરાત સાહિત્ય પ્રકાશની ઑફિસમાં આવવાનું રહેશે. જો જાતે ના આવી શકાય તો પ્રતિનિધિને મોકલવાના રહેશે.
- ૨૦મી સાંજના પાંચ વાગ્યા પછી જાહેરાતમાં કોઈ જ સુધારો-વધારો સ્વીકારવામાં આવશે નહીં.
- ફાધરો, સિસ્ટરો અને સંસ્થાઓ માટે, મેળાઓ, અધિવેશન, ઉદ્‌ઘાટન જેવા પ્રસંગની છેલ્લા કવર પેજમાં જાહેરાત મૂકવા બે મહિના પહેલાં બુક કરાવવી જરૂરી છે.
- જાહેરાત માટે સારી ક્વોલિટીવાળા ડીજીટલ ફોટોગ્રાફ્સ આપવા.
- જાહેરાતમાં આવતા તમામ લખાણની જવાબદારી જાહેરાતદાતાની રહેશે. પ્રકાશકની કોઈ જ જવાબદારી નથી.
- જાહેરાતનું લખાણ, ડીઝાઈન અને કલર 'દૂત' મેગેઝીનને સુસંગત રહેશે તથા તૈયાર આપેલ ડીઝાઈનમાં સુધારા-વધારા કરવાનો તમામ હક્ક ગુજરાત સાહિત્ય પ્રકાશનો રહેશે.
- જાહેરાત આપનારે પોતાનું પૂરું નામ, સરનામું, ટેલિફોન નંબર અને ઈ-મેઈલ (શક્ય હોય તો) આપવું ફરજિયાત છે.
- લેખકો-કવિઓએ પોતાની કૃતિ સાથે પોતાના ઘરનું પૂરું સરનામું, ફોન નંબર, ઈ-મેઈલ આઈ.ડી. (હોય તો) અને ફોટોગ્રાફ્સ મોકલવાના રહેશે.
- **Subject to Anand jurisdiction only.**

**કાર્યાલયનો સમય : સવારે ૮-૦૦ થી બપોર ૧૨.૦૦ અને બપોરે ૧-૦૦ થી ૫.૦૦**

# અનુક્રમણિકા

**તંત્રીની કલમે**

રે નારી તારી શી કહાણી! ❄ ડો. થોમસ પરમાર ૭

**કાવ્યધારા (સંપાદકઃ ડો. સિલાસ પટેલિયા)** ૯

સવિતાબહેન પરમાર ❄ બાસીલ મેકવાન "શૈલ" ❄ મનીષા વી. પરમાર ❄ કલ્પેશ સોલંકી 'કલ્પ' ❄ સિલાસ પટેલિયા

**તમારો પત્ર** ૧૦

પોલ મેકવાન ❄ યોસેફ મેકવાન ❄ અમિત ચૌહાણ ❄ ફ્રાન્સીસ ગાલુસ મેકવાન ❄ સિસ્ટર પ્રતિભા સોલંકી ❄ રજનીકાન્ત સુતરિયા

**લેખો**

"ઈસુઃ એક વેદનામૂર્તિ દાસ ❄ બ્રધર એડવીન ૧૩

તપઋતુનો મહિમા ❄ આમ્બ્રોસ સી. ડાભી ૧૬

કેથોલિક ધર્મસભા પર ઈશ્વરની અનેરી કૃપા...! ❄ બિશપ થોમસ મેકવાન ૧૮

પવિત્ર શુક્રવારઃ એક ચિંતન ❄ ફાધર મલર ૨૦

દૂત – સો વર્ષ પહેલાં ❄ ગુજરાત સાહિત્ય પ્રકાશ ૨૧

આંતરરાષ્ટ્રીય મહિલા દિન અને મહિલાઓની સ્થિતિ ❄ સ્મિતા બી. મેકવાન ૨૨

નારી પ્રેમ - શક્તિનો અવિરત ધોધ ❄ મેકવાન રાજુભાઈ ગોપાલભાઈ ૨૪

**કિશોરમિત્ર (સંપાદકઃ રાજેશ ક્રિશ્ચિયન)** ૨૭-૩૦

માર્ચ-એપ્રિલ મહિનાના શાસ્ત્રપાઠો ❄ ગુજરાત વિદ્યાદીપ, સેવાસી ૩૧

'સબકો સન્મતિ દે ભગવાન!' ❄ ઈન્દુ રાવ ૩૪

ઈસુવાણીની શ્રદ્ધાલહર... ❄ ડો. સિલાસ પટેલિયા ૩૬

"હે ઈસુભક્ત, તું છે આ ધરતી કરને રક્ષણ તારુ" ❄ બ્રધર આનંદ એસ.જે. ૩૮

**પંખીની પાંખે (સંપાદકઃ રાજુલ આઝાદ)** ૪૮

**આવરણઃ** પોતાના એકના એક વહાલસોયા દીકરા ઈસુના મૃત્યુનો વિલાપ કરતા પવિત્ર મારિયા.

આ અંકમાં લીધેલ ફોટોગ્રાફ્સ સૌજન્યઃ ગુગલ

## સૂચના


- અહીં પ્રગટ થયેલાં લેખો, નોંધો, અભિપ્રાયો અને કાવ્યો માટેની જવાબદારી જે તે લેખકની રહેશે, તંત્રીની નહિ તેની નોંધ લેવી.
- લેખકોએ પોતાનું લખાણ A4 સાઈઝના કાગળની એક બાજુએ સ્વચ્છ અને સુવાચ્ય અક્ષરે લખી મોકલવું. ઝેરોક્ષ નકલ મોકલવી નહીં. લેખકે પોતાનું સરનામું અને ફોન નં. લખવા. લેખ મૌલિક હોવાનું અને છાપવા માટે અન્યત્ર મોકલેલ નથી તેવું લખાણ મોકલવું.
- લેખકો જ્યારે પોતાનું લખાણ મોકલે ત્યારે કવર પર જે તે વિભાગનું નામ અવશ્ય લખવું.

## શાસ્ત્રવાણી

જેની શ્રદ્ધા કાચી હોય તેને મતભેદોના વાદવિવાદમાં ઊતર્યા વગર અપનાવી લો.

(રોમ, ૧૪:૧)

### ગુજરાતના કૅથલિકોનું સર્વાંગી માસિક



✞ 'પાવન હૃદય દૂત' ઈસુ ભગવાનના હૃદયને એટલે કે મનુષ્યાવતાર પામેલા પ્રેમસ્વરૂપ ઈશ્વરના અંતઃસ્વરૂપને સમર્પિત છે. ઈસુના પાવન હૃદયમાંથી વહેતાં જ્ઞાન, શક્તિ અને તેજ મારફતે માનવહૃદયનું અને માનવસમાજનું સર્વક્ષેત્રે નવઘડતર કરવામાં નિમિત્ત બનવું તેને 'દૂત' પોતાનું કર્તવ્ય સમજે છે.

✞ 'પાવન હૃદય દૂત' ગુજરાતના ઈસુસંઘ દ્વારા સ્થાપિત-સંચાલિત, સમગ્ર જીવનને ઈસુપંથી દૃષ્ટિથી સંસ્કારતું સર્વાંગી માસિક છે. ઈસુસંઘ એ કૅથલિક ધર્મસભામાં આંતરરાષ્ટ્રીય સ્તરે કામ કરતો એક સાધુસંઘ છે.

✞ 'પાવન હૃદય દૂત' સમસ્ત ગુજરાતના કૅથોલિકો માટે છે. ઉપરાંત અન્ય ઈસુપંથીઓ અને અન્ય ધર્મીઓનું હિત પણ ચાહે છે. ઈસુધર્મના સિદ્ધાંતોને અનુરૂપ માનવજીવન શૈલી ઘડવા ઉપરાંત વિવિધ ધર્મો અને સામાજિક વર્ગો વચ્ચે સમજણ, સદ્‌ભાવ અને સહકાર વધારતા રહેવાની મહેચ્છા પણ સેવે છે.


ગુજરાત સાહિત્ય પ્રકાશ સોસાયટી વતી

**મેનેજર, પ્રકાશક અને મુદ્રક**
ફાધર જેરી સિક્વેરા એસ.જે.

**માનદ્ તંત્રી**
ફાધર વિનાયક જાદવ એસ.જે.

**તંત્રી**
ડૉ. થોમસ પરમાર (મોઃ ૯૮૨૫૩૮૪૬૨૩)

**સહતંત્રી**
રાજુલ આઝાદ (મોઃ ૯૯૨૪૮ ૯૮૫૯૪)

**તંત્રી મંડળ**
ડૉ. સિલાસ પટેલિયા
રાજેશ ક્રિશ્ચિયન, ડૉ. પ્રીતિ રાઠોડ,
ફ્રાન્સિસ કાનીસ, ફાધર રિચર્ડ લોપીસ,
ફાધર આરસકુમાર રાયપ્પન,

**જાહેરાત અને પ્રસાર**
જયંતીભાઈ આર. પરમાર

**લવાજમ**
ઈલોમીના એ. મહિડા

**ટાઈપ સેટિંગઃ** મંજુ એમ. મેકવાન

**ડિઝાઈનઃ** વિજય મેકવાન



**પત્રવ્યવહારનું સરનામું**
'પાવન હૃદય દૂત' ગુજરાત સાહિત્ય પ્રકાશ,
પ્રેસ કોલોની, સેંટ ઝેવિયર્સ રોડ,
આણંદ - ૩૮૮ ૦૦૧
**કાર્યાલયનો સમયઃ**
૮.૦૦ થી ૧૨.૦૦ અને ૧.૦૦ થી ૫.૦૦ કલાક સુધી.
**Ph. (Office) : (02692) 241578 / 240161**
**Mob. 94092 72754**
**http://www.gspbooks.in/periodicals.php**
**e-mail : phdoot@gmail.com**



**લવાજમ**
છૂટક નકલ રૂ. ૧૫/-
ભારતમાં વાર્ષિક : રૂ. ૧૦૦/-
પાંચ વર્ષ માટે : રૂ. ૪૫૦/-
પરદેશમાં (વાર્ષિક) : (U.S. $ ૩૦) રૂ. ૧૨૦૦/-


**જાહેરખબરના દર**

| | | |
|---|---|---|
| છેલ્લું કવરપેજ | : | રૂ. ૭,૦૦૦ |
| પ્રથમ કવરની અંદરની બાજુના કલર પેજ | : | રૂ. ૬,૫૦૦ |
| છેલ્લા કવરની અંદરની બાજુના કલર પેજ | : | રૂ. ૬,૩૦૦ |

**અંદરના સામાન્ય પેજ**

| | | |
|---|---|---|
| આખું પેજ | : | રૂ. ૪,૦૦૦ |
| અર્ધું પેજ | : | રૂ. ૨,૧૦૦ |
| ૧/૪ પેજ | : | રૂ. ૧,૧૦૦ |
| ટ્યુકડી | : | રૂ. ૪૦૦ |
| ૧/૧૨ પેજ | : | રૂ. ૩૫૦ (માત્ર શ્રદ્ધાંજલિ) |

# તંત્રીની કલમે...



# રે નારી તારી શી કહાણી!

હઝરત મુહમ્મદ પયગંબર સાહેબે ઈસ્લામ ધર્મની સ્થાપના કરી તે પૂર્વે અરબસ્તાનમાં ધાર્મિક અને સામાજિક સ્થિતિ ઘણી કથળેલી હતી. એક રીતે કહીએ તો એ વખતે ત્યાં સામાજિક અને ધાર્મિક અંધકાર છવાયેલો હતો. મૂર્તિપૂજાનું પ્રચનલ વ્યાપક હતું. આરબો મહોરમના એક માત્ર મહિના સિવાય આખું વર્ષ અંદરોઅંદર લડતા ઝઘડતા રહેતા. વેરની વસૂલાત પેઢી દર પેઢી ચાલતી. પુરુષની સરખામણીમાં સ્ત્રીનું સ્થાન ઘણી ઉતરતી કક્ષાનું હતું. સ્ત્રીનો જન્મ અપશુકનિયાળ ગણાતો. છોકરી જન્મે તો તેને જીવતી દાટી દેવાનો ક્રૂર રિવાજ હતો. ત્યાં એમ કહેવાતું કે ઉત્તમ જમાઈ કબર છે.

પંડિત સુંદરલાલ રચિત, હઝરત મુહમ્મદ પયગંબર અને ઈસ્લામ, નામના પુસ્તકમાં એક સ્પર્શનીય પ્રસંગ ટાંક્યો છે. એક દંપતીને ઘેર પુત્રીનો જન્મ થાય છે. સમાજના રિવાજ પ્રમાણે પુત્રીને દાટી દેવી પડે તેમ છતાં માતા-પિતા પ્રેમ વાત્સલ્યને લીધે તેને જીવતી રાખે છે, ઉછેરે છે. સમાજમાં તેમની ટીકા થવા લાગે છે. આમ છતાં બે-ત્રણ વર્ષની પુત્રી થઈ તો પણ તેને ઉછેરવાનું ચાલુ રાખે છે. લોક નિંદાથી કંટાળીને આખરે મા-બાપ તેને દાટી દેવાનો નિર્ણય કરે છે. જન્મી તે જ વખતે તેને દાટી દીધી હોત તો તેમને સરળ હતું. પણ આ તો બે-ત્રણ વર્ષની થઈ છે. બોલે-ચાલે છે અને સમજે પણ છે. તેથી તેને મામાને ઘેર લઈ જવાની લાલચ આપી ફોસલાવીને પિતા તેને વેરાન જગ્યામાં અગાઉથી ખોદી રાખેલા ખાડાના સ્થળે લઈ જાય છે. તેને વાતોમાં રાખી ખાડામાં ફેંકીને દાટી દેવાની યોજના હતી. કશો મેળ પડતો ન હતો તેથી પિતા કહે છેઃ 'જો ખાડામાં કશુંક છે.'

છોકરી ખાડામાં જોવા નીચી વળે ત્યારે જ પાછળથી તેને ધક્કો મારી ખાડામાં પાડી દેવી અને પછી માટી નાંખી ખાડો પૂરી દેવો એમ પિતાએ વિચાર્યું હતું. માસૂમ બાળકી પિતાએ જણાવ્યા પ્રમાણે નીચે વળીને ખાડામાં જોવા લાગી. પિતાએ પોતાનો હાથ પ્રસાર્યો અને તેને ધક્કો મારવા જતા હતા ત્યાં જ બાળકીએ પાછા વળીને પિતાના મોં સામે જોઈ કહ્યુંઃ

"અબ્બાજી આપકી દાઢી મેં મિટ્ટી ગિરી હૈ તો મૈં નિકાલ દૂં?"

પિતા શો જવાબ આપે? સાચે જ આ કૃત્યથી તેના ધોળામાં ધૂળ પડવાની હતી. શું થયું એ પછી? બાળકીના કાકલૂદી-પ્રેમસભર શબ્દોને એક બાજુ મૂકીને પિતાએ બાળકીને ધક્કો મારી ખાડામાં પાડીને માટી નાંખીને પૂરી દીધી. મારો સવાલ છે કે કોની જીત થઈ? બાળકીના એ નિર્દોષ પ્રેમની કે સમાજના લોકોએ ઘડેલા ક્રૂર રિવાજની? તમારી પાસે જવાબ છે જ - જીત ક્રૂર રિવાજની થઈ હતી.

દરેક યુગ અને દરેક સંસ્કૃતિમાં પુરુષપ્રધાન માનવ સમાજે ઘડેલાં આવા ક્રૂર રિવાજો ચાલતા આવ્યા છે જેણે સ્ત્રીનો જીવવાનો અધિકાર છીનવી લીધો છે અથવા તો જ્યાં તેને જીવતી રાખવામાં આવે છે ત્યાં તેને પુરુષ જેટલું સ્થાન કે અધિકારો નથી. ઉપરોક્ત બાળકીનો કિસ્સો વાંચ્યા પછી આપણે અરેરાટ કરવાને લાયક નથી અને કહેવાના અધિકારી પણ નથી કે यत्र नार्यस्तु पूज्यन्ते तत्र रमन्ते देवताः- જ્યાં નારીનું સન્માન થાય છે દેવો આનંદ કરે છે. આપણે ત્યાં પણ ૧૯મી સદીના પ્રારંભમાં દૂધપીતી કરવાનો ચાલ હતો. દીકરી જન્મે તો દૂધ ભરેલા વાસણમાં ડૂબાડીને મારી

નાંખવામાં આવતી. આરબો દીકરીને જમીનમાં દાટીને મારી નાખતા તો આપણે દૂધ ભરેલા વાસણમાં ડૂબાડીને મારી નાંખતા. કૃત્ય તો બંને જગ્યાએ સરખું જ છે, માત્ર પદ્ધતિ જુદી જુદી છે. કર્નલ વોકરના પ્રયત્નથી દૂધપીતી કરવાનો ચાલ દૂર કરવામાં આવ્યો હતો.

દાટીને કે ડૂબાડીને દીકરીને મારી નાખવાના કુરિવાજો તો દૂર થયા. પણ આધુનિક કાળમાં તે નવા સ્વરૂપે શરૂ થયા છે. અને તે છે - ગર્ભપાત કરાવીને સ્ત્રી-ભ્રૂણહત્યા કરવામાં આવે છે. આ તો જન્મ પહેલાં જ મૃત્યુ. હમણાં જ ટી.વી પર સમાચાર સાંભળ્યા કે અમદાવાદના એક વિસ્તારમાં કચરાપેટીમાંથી છ સ્ત્રી-ભ્રૂણ મળી આવ્યા. સરકારે આ અંગે સખત કાયદો ઘડ્યો છે છતાં કચરાપેટીમાંથી સ્ત્રી-ભ્રૂણ મળી આવતા હોય તે શું સૂચવે છે?.

સ્ત્રી-ભ્રૂણહત્યાની ચૂંગાલમાં ન ફસાવાય તે માટે હવે એક નવો તરીકો અપનાવામાં આવ્યો છે. બાળકીને માતાના દૂધથી વંચિત રાખવી, પૂરતો ખોરાક ન આપવો કે બીમાર હોય તો તેની દવા ન કરાવવી. આથી બાળકી કુદરતી રીતે જ મૃત્યુ પામે. મૃત પતિની વિધવાને તેની ચિતા સાથે જ જીવતી બાળી નાખવાનો સતી પ્રથાનો કુરિવાજ આપણે ત્યાં ઘણો જ પ્રચલિત હતો. સમાજ સુધારક રાજા રામ મોહન રાય અને લોર્ડ વિલિયમ બેન્ટિકના પ્રયત્નોથી તે કુરિવાજ દૂર કરવામાં આવ્યો છતાં ક્યારેક પાંચ-છ વર્ષે પણ આ કુરિવાજનું પાલન આજે પણ થતું જોવા મળે છે. સ્ત્રીને હવે ડાકણ માનીને મારી નાખવાનો કુરિવાજ શરૂ થયો છે. અંધશ્રદ્ધાના નામે તેને ડાકણ જાહેર કરીને રંજાડવામાં આવે છે. છેલ્લાં ૧૦ વર્ષમાં આશરે ૧૨૦૦ જેટલી સ્ત્રીઓને આવા આળ સાથે મારી નાખવામાં આવી છે.

૩૦ નવેમ્બર ૨૦૧૧ના રોજ ઝારખંડના સરાયકેલા જિલ્લાના બીસબારમાં ચાંદવા નામની સ્વરૂપવાન સ્ત્રીને તેના ઘરમાંથી ટીંગાટોળી કરીને ટોળું નદીકાંઠે એકાંતમાં લઈ ગયું અને તેની પર ગેંગ રેપ (સામૂહિક બળાત્કાર) કરવામાં આવ્યો. તેના બાપ સહિત આખા કુટુંબની હત્યા કરવામાં આવી. કારણ એ જાહેર કરવામાં આવ્યું કે ચાંદવા ડાકણ છે. ઝારખંડના ચાઈબાસા જિલ્લાના પિસુકોયા ગામમાં અચાનક બીમારી પ્રસરી અને ગામના બે-ત્રણ બાળકોનાં મરણ થયાં. ગામના લોકોએ એ માટે ગૌરી નામની એક સ્ત્રીને જવાબદાર ઠેરવી. ગ્રામ પંચાયતે તેને ૩૦ હજાર રૂપિયાનો દંડ ફટકાર્યો. ગૌરી દંડની રકમ ન ભરી શકતા તેને નિર્વસ્ત્ર કરીને આખા ગામમાં ફેરવવામાં આવી. (સંદેશ, તા. ૯ જાન્યુઆરી ૨૦૧૩ અર્ધ સાપ્તાહિક પૂર્તિ, રાજેન્દ્ર રાવલ) દ્રોપદી વસ્ત્રાહરણનો કિસ્સો તો મહાભારતના સમયનો હતો. પરંતુ આજે પણ ભારતના અનેક ગામડાઓમાં અનેક નિર્દોષ સ્ત્રીઓને કોઈને કોઈ રીતે દોષિત ઠેરવીને નિર્વસ્ત્ર કરીને આખામાં ગામમાં ફેરવવામાં આવે છે. એ મહાભારતનો કાલ હોય કે આજનો આધુનિક કાલ હોય સ્ત્રી આ રીતે અપમાનિત થતી આવી છે. ઉત્તર પ્રદેશના અંતરિયાળ ગામડાંઓમાં બાળવિધવાઓ જ્યારે યૌવન પ્રાપ્ત કરે છે ત્યારે તેને ડાકણ જાહેર કરીને તેનું યૌન શોષણ કરવામાં આવે છે. જમશેદપુરના વિસ્તારના ખૂંટી, સિમડેગા, લાહરદગા, ગુમલા, દુમકા, મેદનીનગર જિલ્લાઓમાં સ્ત્રીને ડાકણ તરીકે જાહેર કરીને તેને રીબાવવાના કિસ્સા પ્રકાશમાં આવ્યા છે. આ કુરિવાજ નાથવા માટે સરકારે Prevention of witch Hunting Act. 1999નો કાયદો ઘડ્યો છે પણ તેનો અમલ થતો હોય તેમ જણાતું નથી. જો કડકાઈથી આ કાયદાનો અમલ થાય તો આવી ક્રૂર ઘટનાઓ ન બને. સ્ત્રીને ડાકણ તરીકે જાહેર કરીને તે મૃત્યુ પામે ત્યાં સુધી તેને હેરાન કરવાની આ અમાનુષી પ્રથા બિહારના ગ્રામ્ય વિસ્તારમાં વ્યાપક છે. આની સામે બિહારના મઢેપુરા જિલ્લાની મિથાઈ ગ્રામ પંચાયતના વડા મધુબાલાદેવીએ આ અનિષ્ટ સામે લડી લેવાનું ઠરાવ્યું છે અને પંચાયતે આ દુષ્કૃત્ય કરનાર પાસેથી રૂ. ૨૧ હજારનો દંડ વસૂલ કરવાનું ઠરાવ્યું છે. (Ucain india.in ૧૬ નવે. ૨૦૧૨). ઓછું શિક્ષણ, જાગૃતિનો અભાવ. વધુ પડતી ધાર્મિક અંધશ્રદ્ધા, વ્યક્તિગત, ઈર્ષા, પરપીડનવૃત્તિ, પીડિતની કે તેના કુટુંબની સંપત્તિ પચાવી પાડવાનું વલણ વગેરે કારણો આની પાછળ જવાબદાર છે.

આમ દરેક કાળમાં જોઈએ તો સ્ત્રી અપમાનિત થતી, રીબાતી આવી છે. સૌથી વધુ દુઃખ તો એ છે કે જુદા જુદા કુરિવાજોને નામે તેનો જીવવાનો અધિકાર પણ છીનવી લેવામાં આવે છે. ત્યારે હૃદયમાંથી શબ્દો સરી પડે છે રે નારી તારી શી કહાણી તું સદાયે રીબાણી. યુગે યુગે જોઈએ તો નારીની કથા દર્દભરી છે. પુરુષ જેટલું જ સ્થાન અને અધિકારો મહિલાઓને આપીને તેની કરુણ કહાણીને સુખદ કહાણીમાં ફેરવવાનો સંકલ્પ આંતરરાષ્ટ્રીય મહિલા દિને આપણે કરીએ.

— થોમસ પરમાર

e-mail: dr.thomasparmar@gmail.com

# કાવ્યધારા

## મુગ્ધ મન મારું...

ફૂલડે ફૂલડે ભ્રમર ભમે,
ને હું ના રહું 'હું'!
ઊડી ચાલી ક્યાંક પવન - પાંખે,
ને આ મન મારું મુગ્ધ -
મખમલી પાંદડે જઈ વીંટળાયું,
એ ડાળીઓમાં મદમતે હીંચે,
ખેતરની માટીમાં મ્હેંકે -
કંઈક એવું
કે, હું ના રહું 'હું'!
ને આ મન મારું મુગ્ધ -
ટહૂકો પડઘાયો,
ને આ વગડો આનંદે,
સૂરોના સાથમાં, પહાડોની સોડમાં,
બહોશ અસ્તિત્વ
કે, હું ના રહું 'હું'!
ને આ મન મારું મુગ્ધ....

— સવિતાબહેન પરમાર

## વસંત

ઝૂમે છે બાગબાન! હરખભર્યો હૈયે,
સંભળાયા છે એને ટહૂકા વસંતના!
વનરાઈ લ્હેર.... લહર... લહર... લ્હે રે...

પર્ણમર્મરમાં ટહૂકા વસંતના,
છવાઈ ગઈ ખુશી, વન-ઉપવનમાં,
ભ્રમર પાંખે ગૂંજે ટહૂકા વસંતના!

ફૂલોમાં વ્યાપી અસર વસંતની,
બાગે બાગે ટહૂકે, ટહૂકા વસંતના,
પાનખર પછી 'શૈલ' વસંત,
વધાવો ટહૂકા વસંતના, આ કોયલ કંઠ સાથે!

— બાસીલ મેકવાન 'શૈલ'

## જોઈ લેજો

બંધ આંખના સપના નીચે
થાશે ચોરી, જોઈ લેજો....

વાયરો એવો વાશે,
હાથમાં પતંગ ને કપાશે દોરી, જોઈ લેજો!

સાગર વિમાસણમાં રહે ને,
નદીને કોઈ દોરી જાશે, જોઈ લેજો!

હૈયું ભીનું પણ આંખ કોરી,
એવા રુદને શંકા ઊઠશે, જોઈ લેજો!

સંધ્યાના પ્રેમમાં આંધળો આ સૂરજ,
અંધકારના વાઘા પહેરશે, જોઈ લેજો!

ગૂંગળાશે શ્વાસ ને પીંખાશે પાંદડા,
ધરતી વ્હોરી લેશે કસ, જોઈ લેજો!

— મનીષા વી. પરમાર

## મા

સાવ કોરા એક કાગળમાં મળી મા,
કેટલાં વર્ષો પછી, સાંભરી મા!

એ વળાવી મને પાદરેથી આવે ને,
એકલો હું, જાણતાં પાદરે વળે મા!

દોડતા રસ્તા વચ્ચે યાદ આવે મા,
શ્વાસ સાથે એતો ભળી ગઈ મા!

મોતીયો પાકી ગયો આંખે, છતાં,
એકક્ષણ જોવા મને, રાતો ગણે મા!

એક ભીતર, એક ફોટામાં હવે મા,
વીણતાં જે લાકડાં, એમાં બળી મા!

— કલ્પેશ સોલંકી 'કલ્પ'

## તપઋતુ

વાણીમાં છલકાય
હૈયાના ભાવની સરવાણી!
છતાં માની લે લોકો
એ વાણીને, છળકપટભરી વાણી -
એ વેળા, આપણા હૈયામાં
જો ઈસુવાણી માટેની શ્રદ્ધા તપે....
તપતી જ રહે,
ને જેમ જેમ એ તપતી રહે,
એમ એમ, હૈયામાં પડેલા એ ઘા પર,
એ શ્રદ્ધાશીતલતા લેપ કરે,
એમાં જ ધખતી રહે
આ તપઋતુ!

હોય એ શ્રદ્ધાનો રણકો પોતીકો,
હોય એ શ્રદ્ધાના અગ્નિમાં
તપવાનું ખમીર પોતાનું જ!
તોજ ને ત્યારે જ
થાય સાર્થક
આ તપની ઋતુ!

— સિલાસ પટેલિયા

**નોંધઃ**
કવિમિત્રોએ પોતાની કૃતિઓ સંપાદકશ્રીના સરનામે મોકલવી.
— તંત્રી

**સંપાદકઃ**
ડો. સિલાસ પટેલિયા,
ઈ/૧૧ સૂર્યા ફ્લેટ્સ-બી,
સ્વામીનારાયણ નગર સામે,
નિઝામપુરા, વડોદરા - ૩૯૦ ૦૦૨
મો. ૯૩૭૭૨ ૬૬૮૨૮

# તમારો પત્ર



### (૧)

ફા. વી.જી. દાસે ફેબ્રુઆરીના દૂતમાં સગાઈની આવશ્યકતા/અનઆવશ્યકતા વિષે અત્યંત જરૂરી માહિતી પૂરી પાડી, મહત્ત્વનું કાર્ય કર્યું છે તે બદલ તેઓશ્રીને અભિનંદન. સમય બદલાયાં છતાં આપણે 'બિલાડીને બાંધીને જ' જમ્પીએ છીએ. લગ્નના દિવસે થતી સગાઈથી વિશેષ કોઈ અર્થ સરતો નથી.

૧. સગાઈ, ચર્ચના કાનૂન મુજબ, લગ્નની પૂર્વશરત રૂપે થવી જ જોઈએ એવી ગેરસમજનો હવે અંત આવે છે. (સભાયાજ્ઞિક ધર્મજનોને આ માહિતી આપતા હોય તેવી શક્યતા ઓછી છે)

૨. લગ્નના દિવસે થતી સગાઈમાં ફાધરે છાપેલી પ્રાર્થના પાંચસો માણસની હાજરીમાં કોઈ ફેરફાર વગર વાંચે છે ત્યારે તે માત્ર ઔપચારિક, ક્રિયાકાંડ લાગે છે.

૩. લગ્નના દિવસે 'સમય' સૌથી વધારે કિંમતી હોય છે, અને સગાઈના કારણે સમયનો ભારે બગાડ થાય છે. જો સગાઈ વગર ચલાવી લઈએ તો જે લગ્નો બબ્બે વાગે શરૂ થાય છે તે કદાચ બાર વાગ્યે શરૂ થઈ શકે, બધાં દેવળમાં હાજર રહે અને દરેકને સમયસર ભોજન મળે, જેથી સુંદર રીતે વ્યવસ્થા સચવાય. જે લોકો એમ માનતા હોય છે કે શુભ કાર્ય સવારે સંપન્ન થાય તે ઈષ્ટ છે તે જ લોકો લગ્ન માટે ફાધરોને બપોર પછીય બે ત્રણ કલાક રાહ જોવડાવતા હોય છે!

૪. દેવળમાં પ્રથમ જાહેરાત વંચાય તેને જ પ્રતીકાત્મક રીતે સગાઈ ગણી લઈએ તો ઘણો બધો ખર્ચ, સમય અને અનઅપેક્ષિત મુશ્કેલીઓમાંથી ઉગરી જવાય તથા દેવળની વિધિ માટે પૂરતું ધ્યાન આપી શકાય.

૫. બીજું સૂચન એ પણ કરી શકાય કે લગ્નના અઠવાડિયા અગાઉ છોકરાનું કુટુંબ (અન્ય કોઈ સગા નહિ) કન્યાના ઘરે જઈ કપડાં, દાગીના વગેરે પહોંચાડી દે તો લગ્ન વખતે થતો સમયનો બગાડ અટકે. સાથે બંને પક્ષ લગ્નના દિવસ માટેનું પ્રત્યક્ષ કે માનસિક રીહર્શલ કરી શકે, જેથી દેવળમાં થતી પરમપૂજા અને લગ્નવિધિને વધારે અર્થસભર બનાવી શકાય.

આ બાબતે જાહેર ચર્ચા દ્વારા લોકમત કેળવાય અને લોકો પરંપરાને ના વળગી રહેતાં સમય અને પરિસ્થિતિ મુજબ નિર્ણય લેતાં શીખે તે જરૂરી બન્યું છે.

આપશ્રીના તંત્રી લેખોના વિષય પસંદગી માટે આપને પણ હાર્દિક અભિનંદન! — પોલ મેકવાન (ટોરોન્ટો)

### (૨)

"શ્રદ્ધાવર્ષ" વિશેના લેખો વિચારમનન કરતા પ્રેરે એવા છે.

ફા. વિનાયકનો લેખ 'પાવન કરકમળો' વાંચવો ગમે એવો છે. તેમણે 'હાથ'ને નવી રીતે જોવાનો પ્રયત્ન કર્યો છે તે આવકારદાયક છે. આ સંદર્ભમાં નિરંજન ભગતનું કાવ્ય, 'લાવો તમારો હાથ' પણ લેખાન્તે સુપેરે બેસી જાત!

આ લેખમાં એક ભૂલ એ છે કે 'તુલસી'નો દુહો છે ને નામ 'કબીર'નું આવ્યું છે.

બીજું એ કે 'શ્રદ્ધા જ મારી લઈ ગઈ' એ શેર ગની દહીંવાલાનો છે જેને તેઓશ્રીએ મરીજના શેર તરીકે દર્શાવ્યો છે.

બધું વાંચી યાદ રાખીએ તો આવી ભૂલો બધાની થાય.. આ તો જાણ સારું લખ્યું... — યોસેફ મેકવાન (અમદાવાદ)

### (૩)

જાન્યુઆરી ૨૦૧૩ના 'દૂત'માં તંત્રીલેખની લેખનશૈલી ઉત્તમ લાગી. કાના ગામના ચમત્કારના નવાં દૃષ્ટિબિંદુઓમાં સાતમુ દૃષ્ટિબિંદુ મને વધુ મહત્ત્વનું લાગ્યું. આપણા કેથોલિક સમાજમાં દારૂના વ્યસનના કારણે અનેક પ્રશ્નો ઉદ્‌ભવ્યા છે. જેમાંનો મહત્ત્વનો પ્રશ્ન છૂટાછેડા (ડિવોર્સ) છે. સમાજમાં જેટલા પણ છૂટાછેડાના કિસ્સા ઉદ્‌ભવે છે તેમાં પતિનું દારૂનું વ્યસન મહદ્અંશે જવાબદાર તો ખરું જ એમ હું માનું છું. સાદી ભાષામાં પીવાની લતને કેવી રીતે છોડાવી શકાય એ એક પેચીદો પ્રશ્ન છે. તંત્રીલેખમાં આ બાબતને સુપેરે રજૂ કરવામાં આવી છે.

'કાવ્યધારા' માટે કાવ્ય લખતા કવિમિત્રોએ પોતાની સર્જનકલાને વધુ ધારદાર બનાવવાની જરૂર છે.

'પત્રવિભાગ' ઉત્તમ બની રહ્યો છે. આક્રોશસહ કહેવું પડે છે કે જોડણી બાબતે હજી પણ મેનેજમેન્ટ દ્વારા દુર્લક્ષ દાખવવામાં આવે છે. કાબેલ પ્રુફરીડરની નિમણૂંક કરો જેથી જોડણીની ભૂલો ટાળી શકાય.

શ્રી. પ્રવીણ પ્રવાસીનો લેખ "મારા ચ્હેરાનું ઘરેણું મારી મૂછ, મને ખમ્મા," સમયને અનુરૂપ રહ્યો. હળવું સ્મિત રેલાઈ ગયું.

ડો. શેફાલી બાત્રાના અંગ્રેજી લેખનો અનુવાદ 'અજોડ અને અદ્વિતિય બનો' માટે અનુવાદક જોન ફિલીપ મેકવાનને અભિનંદન પાઠવું છું.

સહતંત્રી શ્રી રાજુલ આઝાદની નવલિકા "સ્ટેફી" સાંપ્રત સમયની જ સ્થિતિનું નિરુપણ કરે છે. સ્ટેફી એટલે શહેરમાં રહેતી એક આધુનિક યુવતી. વડીલોની આજ્ઞાનું ઉલ્લંઘન અને પોતાની જાત ઉપર અંકુશ ન રાખી શકવાની નબળાઈને કારણે કોઈપણ વ્યક્તિ ચાહે તે સ્ત્રી હોય કે પુરુષ, કફોડી સ્થિતિમાં મૂકાઈ શકે છે. સ્ટેફી તેનું ઉદાહરણ છે. શ્રી આઝાદની આ નવલિકા તમામ યુવક-યુવતીઓને દિશાસૂચન કરે છે કે પોતાના વાણી-વ્યવહાર તથા વર્તન પ્રત્યે વિવેક દાખવે.

"દૂત"ના કવિ-લેખકોના (૨૫-૧૧-૨૦૧૨) સંમેલનમાં હાજર રહ્યો હોઈ, વિજય અને સિરિલ મેકવાનનો આ સંદર્ભનો અહેવાલ વાંચવો ગમ્યો.

'પંખીની પાંખે' વિભાગ અંતર્ગત્ સરસ પત્રકારત્વનું કાર્ય થઈ રહ્યું છે. ધર્મવસુધા, ધર્મભારતી અને ધર્મગુર્જરી દ્વારા સાંપ્રત ધર્મસભા તથા સમાજની સ્થિતિ વિશે જાણકારી મળી રહે છે. વિશેષ રીતે, સમાચાર તથા અહેવાલ માટે જે તે તાબાનુસાર પત્રકારોની નિમણૂંક કરવી જોઈએ, જેઓ નિયમિતપણે સમાચારો મોકલતા રહે અને 'દૂત'ને લેખનસામગ્રી પૂરી પાડવા રહે. (ધર્મગુર્જરી માટે ખાસ)

વ્યાવસાયિક જાહેરાતો તથા શુભેચ્છા સંદેશાઓથી 'દૂત' બદલાઈ રહ્યો છે. જાહેરાતો થકી સમાજના લોકો એકબીજા સાથે વ્યવહાર કરી શકવા સમર્થ બની શક્યા છે. કીપ ઈટ અપ!

— અમિત ચૌહાણ (વલાસણ)

## (૪)

૨૦૧૩ના દૂતના પ્રથમ અંકમાં શ્રી પ્રવીણ પ્રવાસી લિખિત 'મારા ચહેરાનું ઘરેણું મારી મૂછ, મને ખમ્મા!' લેખ ખૂબ સુંદર લાગ્યો. આમ જોઈએ તો મૂછ એ સાવ સામાન્ય બાબત લાગે. પરંતુ એનો ગુઢાર્થ શ્રી પ્રવીણભાઈએ પોતાની જાત દ્વારા જ પ્રગટ કર્યો છે. અગાઉના જમાનામાં રાજા મહારાજાઓ પણ મૂછ રાખતા. મૂછાળો માનવી મરદ ગણાય છે. કેટલીક શરતોની બાબતમાં ઘણા મૂછ કપાવી નાખવાની વાત કરે છે સ્ત્રીઓને જેમ પોતાના ચોટલા (લાંબાવાળ)નું ગૌરવ હોય છે તેમ પુરુષોને પોતાની મૂછનું ગૌરવ હોય છે. કહેવત પણ છે કે 'વાંકો તોય મૂછનો વાળ', પ્રવીણભાઈને અભિનંદન.

સાથે શ્રી ડેનિયલ મેકવાન દ્વારા લખાયેલ 'બીમારી' લેખ પણ વાંચવા લાયક છે. જયંતિભાઈ જેવા સીધા સરળ માણસના જીવનમાં અચાનક આવી પડેલી બીમારી. તેનાથી ચિંતાગ્રસ્ત કુટુંબ. છતાં લાખો નિરાશામાં એક અમર આશા છુપાયેલી છે તેમ તેમના પુત્ર દ્વારા કિડનીનું પ્રત્યાર્પણથી નવું જીવન પ્રાપ્ત થાય છે. અભિનંદન.

વળી, 'નમ્ર પરમ સુખી છે' શ્રી અશોક એમ. પૈઝા લિખિત લેખ વાંચવા ગમ્યો. નમ્રતા વિશે બાઈબલના ઉદાહરણો દ્વારા સુંદર માહિતી આપી છે. નમે તે સૌને ગમે, તેમ પ્રભુને પ્યારા થવું હોય તો નમ્રતા ધારણ કરવી. એ દૃષ્ટિબિંદુ સમજાવવા બદલ લેખકને અભિનંદન.

આમ તો વર્ષારંભે શ્રદ્ધાવર્ષ નિમિત્તે ધર્મજનોને જાગૃત કરવા સમગ્ર દૂત ઉચિત ગણાય. સર્વ લેખક કવિ તથા તંત્રીશ્રીને આભાર સાથે અભિનંદન.

— ફ્રાન્સીસ ગાલુસ મેકવાન

## (૫)

ફેબ્રુઆરી ૨૦૧૩, તંત્રીલેખ 'કદી હિંમત હારશો નહિ' સમયોચિત લેખ છે. કેન્સર પીડિત બે પ્રસિદ્ધ વ્યક્તિઓના દાખલા સાથેની સાદી અને સરળ ભાષામાં રજૂઆત પ્રશંસનીય છે. આપ તો હિસ્ટ્રીના પ્રોફેસર છો, ડોક્ટર (Ph. D.) થયા છો પરંતુ આ લેખથી લાગે છે કે આપ તો ફિજિશિયન (M.D) છો. કેન્સર પીડિતોને આ લેખથી તેમની બીમારીમાં રાહત મળશે. દર્દી અને પીડિતોના પરિવારજનોનો અભિગમ અચૂક બદલાશે, નવી સમજ ઊભી થશે. તેમને જીવન જીવવાનું નવું જોમ અને શક્તિ મળશે. 'કદી હિંમત હારશો નહિ' આ શીર્ષક જ એક ટોનિક પૂરું પાડે છે. તંત્રીશ્રીને ખૂબ ખૂબ અભિનંદન.

ફાધર ગિરીશ એસ.જે. લિખિત 'ફાધર ઈગ્નાસ આર્દોનિયસ'નો શ્રદ્ધાંજલિ લેખ તેમના જીવન અને કવનની ઝાંખી કરાવે છે. તેમના કાર્યોની સુવાસ અને માનવમૂલ્યોની મહેંક દૂતના વાચકવર્ગને મળશે. આભાર ફાધર ગિરીશને. 'ભલો ગોવાળ' લેખમાં શ્રદ્ધેય વ્યક્તિત્વનો પરિચય મળે છે.

જૂન ૨૦૧૨માં 'હીરો' લઘુકથાની લેખિકાએ લાંબા વિરામ બાદ 'સરોગેટ મધર' લેખ આપ્યો. હૃદયસ્પર્શી લેખ છે. વિધવા નિરાલીની દયનીય દશા, બે બાળકોનાં ભરણપોષણની ચિંતા, આર્થિક સંકડામણમાંથી બહાર આવવા, ગ્રેજ્યુએટ સ્ત્રી સરોગેટ મધર બનવાનો શોર્ટકટ રસ્તો અપનાવે છે. સવિતાબેન અને દાઉદભાઈ અનિચ્છાએ નિરાલીને કહે છે, "બેટા તારા બાળકોના ભવિષ્ય માટે તને જે યોગ્ય લાગે તેમ કર..." લેખિકાએ વાર્તાનો વળાંક આપતા જે સંદેશ આપ્યો છે તે કાબિલેદાદ છે. પૈસાના લોભમાં બીજાને આધાર આપતા પોતાના જ બાળકોને નિરાધાર કરી નાખ્યા. આ વાર્તા દ્વારા લેખિકાએ શુભ સંદેશની ઘોષણા કરી છે.

પંખીની પાંખે વિભાગના સંપાદક રાજુલ આઝાદને, જાન્યુઆરી અંકની 'સ્ટેફી' વાર્તા દ્વારા સમાજને સંદેશ આપ્યો

છે. આ વાર્તા ઘણાંને ગમી છે, તેની પ્રતિતી 'તમારો પત્રો' વિભાગમાં દેખાય છે. રાજુલભાઈ ધર્મગુર્જરી વિભાગમાં ઘણાં સમાચારોને સ્થાન આપે છે, આપતા રહેશો, અભિનંદન

આ અંકમાં મોટાભાગના લેખો માત્ર વાચકની ભૂખને સંતોષતા નથી, પરંતુ આધ્યાત્મિક ભાથું પણ પૂરું પાડે છે. સાથે સાથે સામાજિક સંવેદનાને પણ સ્થાન અપાય છે. તંત્રીશ્રી, તંત્રીમંડળ અને લેખકગણ અભિનંદનને પાત્ર છે.

— સિસ્ટર પ્રતિભા સોલંકી, વાઘોડિયા

**(૬)**

'રાજુલ આઝાદને મારી સલામ'

પ્રભુઈસુમાં જણાવવાનું કે ભાઈ શ્રી રાજુલ આઝાદ લિખિત 'સ્ટેફી' વાર્તા વાંચી. ખૂબ જ અભિનંદનને પાત્ર છે. તેમણે જે વાસ્તવિક્તાનું નિરૂપણ કર્યું છે તે સાચે જ સ્વીકારવા જેવું છે. તેમાં મારા મત મુજબ કહેવા માગુ તો મા-બાપે જે દીકરીઓને સ્વતંત્રતા આપી છે તે સ્વતંત્રતાનો સાચા અર્થમાં ઉપયોગ કરે તો મા-બાપને આનંદ થાય. પરંતુ દીકરીઓ મા-બાપના વિશ્વાસનો વિશ્વાસઘાત કરે ત્યારે મા-બાપના કાળજાને કેવી વેદના થાય તે તો ફક્ત વડીલોને જ ખબર પડે.

આ 'સ્ટેફી' તો કદાચ એક કાલ્પનિક પાત્ર છે. માત્ર 'સ્ટેફી'ની વાત નથી. ભુરી, જુલી, જેની.... વગેરે પાત્રો છે. જે મા-બાપે તેમના માટે ઘણું વૈતરું કરીને તેમને જીવનમાં પંથ ઉપર સરળતાની શિખરો સર કરાવી પણ....


દીકરી કોલેજમાં ભણવા માટે જાય ત્યારે તેમનું ધ્યાન રાખવું તે મા-બાપની નૈતિક ફરજ છે. તે લેક્ચરમાં બેસે છે કે નહિ. તેનું મિત્ર વર્તુળ કેવું છે કોલેજમાં જાય ત્યારે તે સ્વતંત્રતાનો દૂરઉપયોગ ન કરે તેનું સઘળુ ધ્યાન રાખો. દા.ત. કોલેજમાં તેના પહેરવાના વસ્ત્રો ઉપર. મોબાઈલનો ફક્ત જરૂર જણાય તો જ આપવો.

ઘણીવાર કોલેજમાં ભણતા છોકરાઓ ઘરે આવે છે. નાતાલ તથા અન્ય પ્રસંગે આવે ત્યારે તેનું બારિકાઈથી નિરીક્ષણ કરવું જરૂરી છે. મારું કહેવું એ છે કે તેમને ઘરના આંગણા સુધી ના આવવા દેશો.

છેલ્લે ભાઈશ્રી રાજુલ આઝાદને મારાં 'સ્ટેફી' વાર્તા માટે મારી સલામ.

લાખ-લાખ અભિનંદન અને ધન્યવાદ.

— રજનીકાન્ત સુતરિયા



# 'દૂત'ની ભીતરમાં

**આશીર્વાદ વાઘેલા, વડોદરા**

મરિયમપુરા, પેટલાદમાં પ્રાથમિક શાળાનો અભ્યાસ, સેંટ ઝેવિયર્સ હાઈસ્કૂલ, આણંદ(બોર્ડિંગ)માં રહી ઓલ્ડ એસ.એસ.સી. સુધીનું શિક્ષણ મેળવ્યું. પેટલાદમાં સાયન્સ કોલેજમાં અભ્યાસ પૂર્ણ કરી વડોદરા એલેમ્બિક ગ્લાસ કંપનીમાં લેબોરેટરી વિભાગમાં આજીવિકા મેળવી. કર્મનિષ્ઠ, વિશ્વાસ અને વફાદારીપૂર્વક ઈસુના મૂલ્યોને પોતાના જીવન અને કાર્યોમાં ઉજાગર કરી એલેમ્બિકમાંથી નિવૃત્તિ મેળવી. નોકરીની સાથે સાથે 'દૂત'ના પ્રચાર અને પ્રસાર માટે છેલ્લા ૩૦ વર્ષથી કાર્યરત છે. નવાયાર્ડ, ફતેહગંજ અને ટી.પી. ૧૩ના વિસ્તારમાં ઘેર ઘેર મુલાકાત કરી 'દૂત'ની ૧૩૦ નકલો દર મહિને હાથોહાથ પહોંચાડે છે.

મરિયમપુરા-પેટલાદ પેરિસના પડોશી પરિવેશમાં, પુરોહિતો અને સાધ્વીઓના સાન્નિધ્યમાં જેમનું બાળપણ(બચપણ) ઉછર્યું હતું તેવા આશીર્વાદભાઈના ઘડતરમાં ધર્મ અને સામાજિક સેવાની ભાવનાઓ ભળેલી છે. જેના પરિણામ સ્વરૂપે વડોદરા સેંટ જોસેફ પેરિસમાં પેરિસ કાઉન્સિલર તરીકે દસ વર્ષની સેવા આપેલી છે. સાથેસાથે વડોદરાની કેથલિક ક્રેડિટ સોસાયટીમાં પણ દસ વર્ષની પ્રશંસનીય કામગીરી બજાવેલી છે.

સંત ફ્રાન્સિસ ઝેવિયરના દર્શનાર્થે ગોવા, માઉન્ટ મેરી-મુંબઈ, વેલાંગણી માતા-મદ્રાસ, તથા ચૌદ સ્થાનની યાત્રાનું સુપેરે આયોજન કરી ધાર્મિક પ્રવાસનું સંચાલન કરે છે.

હાલમાં આશીર્વાદભાઈ ગુજરાતી કેથલિક સમાજ વડોદરાના પ્રમુખ તરીકેનો મહત્ત્વનો અને માનભર્યો હોદ્દો સંભાળે છે.

૨૦મી જાન્યુઆરી, ૧૯૪૩માં જન્મેલા અને ૨૯-૧૨-૧૯૬૩માં ગૃહસ્થ જીવનમાં પ્રવેશેલા આશીર્વાદભાઈ દાંપત્યજીવનની સફળ સફર કરી, લગ્નજીવનની સુવર્ણજયંતીની ઉજવણીની આતુરતાપૂર્વક રાહ જોઈ રહ્યા છે.

સુદીર્ઘ, તંદુરસ્ત આયુષ્ય માટે ઈશ્વરને પ્રાર્થના.

— ફાધર જેરી સિક્વેરા, એસ.જે.
પ્રકાશક



# "ઈસુઃ એક વેદનામૂર્તિ દાસ"

✍ બ્રધર એડવીન

"પ્રાચીન કાળમાં પરમેશ્વર આપણા પૂર્વજો સાથે ભિન્ન ભિન્ન સમયે અને ભિન્ન ભિન્ન રીતે પયગંબરો દ્વારા બોલ્યો હતો, પણ આ અંતિમ યુગમાં આપણી સાથે પુત્ર દ્વારા બોલ્યો છે" (હિબ્રુઓ ૧:૧-૨). ખ્રિસ્તીધર્મના ઈતિહાસ ઉપર નજર નાખીએ તો આપણને ખબર પડશે કે તેની શરૂઆત પશ્ચિમમાં ખૂબજ ઝડપથી થઈ અને ઘણા લોકોએ આ ધર્મનો અંગીકાર કર્યો હતો, કારણ કે તે સમયે ખ્રિસ્તી ધર્મ સિવાય બીજા ધર્મોનું વર્ચસ્વ ખુબજ ઓછું હતું. પૂર્વની વાત કરીએ તો ખ્રિસ્તી ધર્મ એશિયામાં આવ્યો ત્યારે બીજા બધા ધર્મોનું પ્રભુત્વ હતું, તેમજ ઘણા ધર્મોની શરૂઆત અહીંથી જ થઈ છે તેથી ખ્રિસ્તી ધર્મને પશ્ચિમની સરખામણીએ પૂર્વમાં ઓછો પ્રતિસાદ મળ્યો. તદુપરાંત અન્ય ધર્મના લોકો માટે ખ્રિસ્તી ધર્મ એટલે પાશ્ચાત્ય સંસ્કૃતિ વાળા લોકોનો ધર્મ, માંસ-માછલી ખાનારા લોકોનો ધર્મ એવી નકારાત્મક અસર શરૂઆતથી પ્રસરી. આ માટે ધર્મસભાનું વલણ પણ જવાબદાર છે, તેમણે રૂઢિચુસ્ત વલણ રાખીને અન્ય ધર્મની હાજરીનો નકાર કર્યો હતો. પવિત્ર આત્માની કૃપાથી બીજી વેટિકન પરિષદ બાદ ધર્મસભાનું વલણ બીજા ધર્મો પ્રત્યે ઘણું આવકારદાયક રહ્યું છે અને પરિષદના દસ્તાવેજો અન્ય ધર્મોની માત્ર પ્રશંસા જ નહિ પરંતુ તેમાં પણ પવિત્ર આત્માની હાજરીના સંકેતો દર્શાવે છે. આ ઉપરાંત બીજી વેટિકન પરિષદ બાદ ધર્મસભાએ સંદર્ભને અગત્યનું સ્થાન આપ્યું. આ સંદર્ભને કારણે જ, જે તે જગ્યાની સંસ્કૃતિને અનુલક્ષીને ખ્રિસ્તના સંદેશને પ્રાદેશિક ભાષા, નૃત્યો, ભજનો અને લખાણોમાં રજૂ કરવાની શરૂઆત થઈ. દા.ત. કીર્તનસાગર, સંપૂર્ણ બાઈબલ, સવાલ જવાબ, સ્વર્ગનો રસ્તો વગેરે. આ સાંસ્કૃતિકરણમાં એક મહત્ત્વની બાબત જરૂરી છે કે હજુ અન્ય ધર્મના લોકોને ઈસુ એ યુરોપિયન લોકોના જ ભગવાન લાગે છે. હું ઈસુને દાસ તરીકે રજૂ કરવાનો પ્રયત્ન કરું છું.

લગભગ ત્રણ મહિના પહેલા હું એક ગામની મુલાકાતે ગયો હતો. ગામની મુલાકાત લીધા બાદ એક યુવાને મારા માટે જમવાની વ્યવસ્થા કરી હતી. જ્યારે હું તેમના ઘરે જમતાં પહેલાં પ્રાર્થના કરતો હતો, ત્યારે જ બાજુના ઓરડામાંથી કોઈ વ્યક્તિ પડી ગઈ હોય તેવો અવાજ આવ્યો. મેં ત્યાં જઈને જોયું તો એક ઘરડી વ્યક્તિએ પોતાના કપડામાંજ હાજત કરી નાખી હતી અને જ્યારે પેલો યુવાન તે સાફ કરવા ગયો ત્યારે તે વ્યક્તિએ તે યુવાનના ચહેરા ઉપર ઉલટી કરી નાખી હતી; છતાં પણ પેલા યુવાને ગુસ્સે થયા વિના બધો મંદવાડ સાફ કર્યો. આ દૃશ્ય જોઈને હું અવાક જ થઈ ગયો હતો. ત્યારબાદ તે યુવાન પાછો મને જમવાનું પીરસવા આવ્યો ત્યારે મેં તેને તે વૃદ્ધ વ્યક્તિ વિષે પૂછ્યું. આ યુવાને કહ્યું કે, "તે મારા પિતા છે અને લગભગ બાર વર્ષ સુધી મને અને મારી માને એકલા મુકીને ચાલ્યા ગયા હતા. બે મહિના પહેલાં તે કચ્છની એક હોસ્પિટલમાં દાખલ થયા હતા. ત્યાં અમારા ગામના એક બહેન નર્સ તરીકે કામ કરતા હોઈ, તેમણે અમને ફોન દ્વારા જાણ કરી. છેલ્લા બે મહિનાથી હું મારા પિતાનું સંડાસ સાફ કરું છું અને તેમના કપડાં ધોઈને નવડાવું પણ છું." મેં તેને પ્રશ્ન પૂછ્યો, "દોસ્ત તારા પિતાજીએ તને અને તારી માતાને નાનપણમાં ત્યજી દીધા છતાં તને તેમના પ્રત્યે દ્વેષભાવ નથી." તેણે મને કહ્યું કે, "બ્રધર, જો હું સાચો ખ્રિસ્તી હોઉં તો મારા પિતા ઉપર દ્વેષ રાખી શકું ખરો? ત્યારે મારા મોઢામાંથી ઉદ્‌ગારના શબ્દો નીકળ્યા, આ છે સાચો ખ્રિસ્તી, આ છે સાચો દાસ!"

ભારતીય સંસ્કૃતિમાં દાસ શબ્દના ત્રણ અર્થ થાય છે.

**(૧) દુશ્મન કે વેરઃ** ઋગ્વેદનો અભ્યાસ કરીએ તો ખબર પડે કે દાસ શબ્દ આર્યજાતિના લોકો તેમના વિરોધીઓ એટલે કે દુશ્મનો માટે વાપરતા હતા.

**(૨) શુદ્રઃ** હિંદુ ધર્મના વેદ પુરુષસુક્તમાં આ શબ્દનો અર્થ આપણને વર્ણવ્યવસ્થામાં વપરાતા દાસ શબ્દની યાદ દેવડાવે છે. દુઃખની વાત એ છે કે અત્યારે પણ આપણને અંતરિયાળ વિસ્તારોમાં આ પ્રથા જોવા મળે છે.

**(૩) ઈશ્વરનો ભક્તઃ** લગભગ ૧૩મી અને ૧૪મી સદીમાં ભક્તિ ચળવળ શરૂ થઈ જેમાં આ શબ્દનો અર્થ હકારાત્મક થયો. દાસ એટલે એ કે જેણે પોતાનું સંપૂર્ણ જીવન ઈશ્વરની ભક્તિમાં સમર્પિત કર્યું છે. આપણી સમક્ષ નરસિંહ મહેતા, મીરાંબાઈનું ઉદાહરણ છે કે જેઓએ પોતાના જીવનમાં કૃષ્ણ ભગવાનની ભક્તિ કરી દાસ્ય ભાવ રજૂ કર્યો. "અખિલ બ્રહ્માંડમાં એક તું શ્રી હરિ", "મેરે તો ગિરધર ગોપાલ ઔર દુજો ના કોઈ."

હવે આપણે શુભસંદેશ ઉપર નજર કરીએ. ઈસુ કેવા પ્રકારના દાસ હતા? જ્યારે આપણે ઈસુને દાસ તરીકે વિચારીએ તો આપણા માનસપટ ઉપર ચોક્કસ ગુરુ તરીકે શિષ્યોના પગ ધોતાં ઈસુ યાદ આવી જ જાય. દર વર્ષે પવિત્ર ગુરુવારના દિવસે પુરોહિત બાર વ્યક્તિના પગ ધોઈ આપણને આપણા દાસ બનીને આવેલા પ્રભુ ઈસુની યાદ દેવડાવે છે (જુઓઃ યોહાન ૧૩:૩-૫, ૧૨-૧૫). તે આખા પ્રસંગ ઉપર આપણે જો મનન-ચિંતન કરીએ તો તે આપણને ઈસુના દાસ્યભાવનો ખ્યાલ આવશે. સૌપ્રથમ તો ઈસુએ માત્ર તેમના પસંદીદાર શિષ્યોના જ પગ નહોતા ધોયા. સિમોન પિતરનું શું? જે પ્રભુ ઈસુનો ત્રણ વાર નકાર કરવાનો હતો. થોમાનું શું? જે પ્રભુ ઈસુના પુનરુત્થાનના સમાચાર ઉપર વિશ્વાસ કરવાનો ન હતો. અરે યહુદાનું શું? જે ત્રણ-ત્રણ વર્ષ સુધી ઈસુ સાથે રહ્યો હોવા છતાં ઈસુને ૩૦ ચાંદીના સિક્કા માટે રોમન સૈનિકોને હવાલે કરી વિશ્વાસઘાત કરવાનો હતો. આ બધું જાણતા હોવા છતાં ઈસુ બારે શિષ્યોના પગ ધુએ છે અને બધા સાથે સમાનતાથી વર્તે છે અને આપણને બીજાના દાસ થવાની જવાબદારી આપી જાય છે. નમ્રતાનું મૂલ્ય એક નૈતિક આદર્શ તરીકે ઈસુના જીવનમાં સ્પષ્ટ જોવા મળે છે. જ્યારે ઈસુના શિષ્યો ઈસુને પૂછે છે કે, "ઈશ્વરના રાજ્યમાં સૌથી મોટું કોણ છે?" (માથ્થી ૧૮:૧). ઈસુનો જવાબ ચોંકાવનારો લાગે છે, "જે કોઈ પોતાની જાતને આ બાળકના જેવી નાની બનાવી દેશે તે જ ઈશ્વરના રાજ્યમાં સૌથી મોટો ગણાશે" (માથ્થી ૧૮:૪). તે સમયના સંદર્ભમાં, જ્યારે ફરોશીઓ જાહેર સ્થળોએ માન અને મોભો મેળવવાની અપેક્ષા રાખતા હતા, ત્યારે ઈસુ એક અલગ જ પ્રકારનું જીવન જીવવા માટે પોતાના શિષ્યોને આમંત્રણ આપે છે. "મારી ધૂંસરી ઉઠાવો, મારા શિષ્ય થાઓ, કારણ, હું હૃદયનો રાંક અને નમ્ર છું; અને તમારા જીવને શાતા વળશે" (માથ્થી ૧૧:૨૯).

સંત પાઉલ ઈસુનો દાસ્યભાવ ખૂબજ સુંદર રીતે ફિલીપ્પીના ધર્મસંઘને રજૂ કરતા કહે છે કે "તમે એકબીજા પ્રત્યે ખ્રિસ્ત ઈસુમાં હતી તેવી ભાવના રાખો. પોતે ઈશ્વર સ્વરૂપ હોવા છતાં તેઓ ઈશ્વર સાથેની સમાનતાને વળગી રહ્યા નહિ, બલકે, તેમણે પોતાને શૂન્યવત્ બનાવ્યા અને દાસનું સ્વરૂપ ધારણ કરીને તેઓ માણસ જેવા માણસ બની ગયા. માનવરૂપે પ્રગટ થઈને તેમણે પોતાની જાતને નમાવી દીધી, અને પોતે એવા તો આજ્ઞાધીન બની ગયા કે મૃત્યુને - વધસ્તંભ ઉપરના મૃત્યુને સુધ્ધાં તેમણે વધાવી લીધું (ફિલિપ્પી ૨:૫-૮). મૃત્યુ દ્વારા આપણે કંઈ ગુમાવતા નથી પરંતુ આપણું તેના દ્વારા સંપૂર્ણ પરિવર્તન થાય છે." સંત પાઉલને આનો અનુભવ થાય છે.

"ખ્રિસ્તની સાથે જ હું પણ ક્રૂસે જડાયેલો છું; એટલે હવે જે જીવે છે તે હું નથી જીવતો, પણ ખ્રિસ્ત મારામાં જીવે છે; આ નશ્વર દેહે હું જે જીવું છું, તે મારા ઉપર પ્રેમ રાખનાર અને મારે ખાતર પોતાની જાત સમર્પી દેનાર ઈશ્વરપુત્ર ઉપરની શ્રદ્ધાને આધારે જીવું છું" (ગલાતિયા ૨:૨૦). તે સમયના સંદર્ભમાં ઈસુનું દાસત્વ એક નૈતિક આદર્શ કરતા વધુ ગણાય. આ દ્વારા ઈસુ આપણને જીવન અને મૃત્યુના રહસ્યના ઊંડાણમાં લઈ જાય છે.

**વેદનામૂર્તિ સેવક અને ઈસુઃ** પયગંબર યશાયાની અગમવાણીમાં વેદનામૂર્તિ સેવકનો ઉલ્લેખ થાય છે (યશાયા ૪૨:૧-૭, ૪૯:૧-૬, ૫૦:૪-૯, ૫૨:૧૩-૫૩:૧૨). પવિત્ર શુક્રવારે આપણે વેદનામૂર્તિ સેવકનું ગીત ગાઈએ છીએ.

વેદના કે દુઃખ પર આપણે મનન ચિંતન કરીએ તો કેટલાક લોકો વર્તમાનમાં થતી પીડાને ભૂતકાળમાં કરેલા પાપોનું પરિણામ એટલે કે કર્મોનું ફળ ગણાવે છે. જૂના કરારમાં યોબના ગ્રંથમાં આવી જ વિચારધારા આપણને યોબના મિત્રોમાં જોવા મળે છે, જેઓ યોબ પર આવેલી આફતોને તેના પાપોનું પરિણામ તરીકે સમજાવે છે (જુઓ યોબ ૪). ઈસુને પણ તે અંગે તેમના શિષ્યોએ પ્રશ્ન પૂછ્યો હતો. "ગુરુજી, કોને પાપે આ માણસ આંધળો જન્મ્યો છે? એને પોતાને કે એનાં માબાપને?" ઈસુ જવાબ આપે છે કે, "એના પાપે નહિ; પણ એને સાજો કરવામાં ઈશ્વરની શક્તિ પ્રગટ થઈ શકે એટલા માટે એ આંધળો જન્મ્યો છે" (યોહાન ૯:૨-૩).

વેદનામૂર્તિ સેવક અને ઈસુમાં સમાનતા એ છે કે તેઓ બંને નિર્દોષ છે અને બીજાના પાપોનું ફળ તે પોતે ભોગવે છે. ઈસુની પીડા એ પોતાના પિતા તરફની શરણાગતિ છે. તેઓ બોલ્યા, "અબ્બા, હે પિતા, તમે સર્વશક્તિમાન છો, આ પ્યાલો મારી આગળથી લઈ લો. તેમ છતાં, મારી નહિ, પણ તમારી ઈચ્છા પૂર્ણ થાઓ" (માર્ક ૧૪:૩૬). તેમના બલિદાનમાં (ખ્રિસ્તયજ્ઞ) ભાગ લઈને આપણે પણ જીવનની પૂર્ણતાનો અનુભવ કરી શકીએ છીએ.

**ઈસુ એક દાસ તરીકેઃ** ભારતની હિંદુ વર્ણવ્યવસ્થા પ્રમાણે

વ્યક્તિ જે કુળમાં કે વર્ણમાં જન્મ્યો હોય છે ત્યાં જ તેનું ભાગ્ય રચાઈ ગયું હોય છે. જો વ્યક્તિ શુદ્ર કુટુંબમાં જન્મે તો તેણે જીવનભર તે અપમાન સહન કરવું પડતું હોય છે. એ સંદર્ભમાં જોઈએ તો ઈસુ ક્ષત્રિય સમાજના હતા એમ કહી શકાય. "અબ્રાહમના વંશજ દાવિદના વંશજ ઈસુ ખ્રિસ્તની વંશાવળી" (માથ્થી ૧:૧). તેમ છતાં ઈસુએ ગરીબાઈ (શુદ્રતા) પસંદ કરી. આમાં તે દાસ તરીકે જુદા પડે છે. તેમનો જન્મ એક તુચ્છ ગમાણમાં પ્રાણીઓની વચ્ચે થયો હતો. તેમનું પોતાનું ઘર ના હતું અને ભાણું ક્યાંથી મળશે તેની પણ તેમણે જાણ ન હતી. તે પોતે કહે છે કે, "શિયાળવાંને બોડ હોય છે, અને આકાશનાં પંખીઓને માળા હોય છે, પણ માનવપુત્રને માથું મેલવાનોયે ઠામ નથી" (લૂક ૯:૫૮). તેમના સ્નાનસંસ્કાર બાદ, શેતાન તેમની કસોટી કરે છે. પોતાની ભૂખ મટાડવા માટે ઈસુ ચમત્કાર નથી કરતા (માથ્થી ૪:૩-૪) પણ ૫૦૦૦ ભૂખ્યાં લોકોને ભોજન પૂરું પાડે છે (માથ્થી ૧૪:૧૩-૨૧). તેઓના પ્રેષિતિક કાર્યમાં તેઓ પાપીઓનો પક્ષ લે છે. "હું પુણ્યશાળીઓને નહિ, પણ પાપીઓને બોલાવવા આવ્યો છું" (માર્ક ૨:૧૭). તે વ્યભિચારી સ્ત્રીનાં પાપ માફ કરે છે, (યોહાન ૮:૧૧) જાખ્ખી અને માથ્થીના ઘરની મુલાકાત લે છે, કે જેઓને સમાજ દ્વારા નિમ્નકક્ષાના ગણવામાં આવતા. જે સમાજમાં પ્રાથમિક સારવાર અને દવાખાનાઓનું નામોનિશાન ન હતું તે ગાળામાં ઈસુ બીમાર અને પથારીવશ લોકોને સાજાપણું બક્ષે છે. તેમાં પણ ઈસુ દસ કોઢીયાઓને સાજા કરીને સાચે જ દાસ બને છે. જૂના કરારમાં અનુસંહિતાનો ગ્રંથ વાંચીએ તો આપણને કોઢીયાઓની દુર્દશા ખબર પડે. "કોઈને કોઢનો રોગ થયો હોય, તો તમારે બહાર જ રહેવું, અને લેવી પુરોહિતો તમને જે ફરમાવે તેનું પાલન કરવું" (અનુસંહિતા ૨૪:૮,૧૧). ઈસુ યહૂદી હોવા છતાં નિયમો કરતાં વ્યક્તિને પ્રાધાન્યતા આપી તેમને ઈશ્વરના પ્રેમનો અનુભવ કરાવે છે. તદુપરાંત તેઓ શુભસંદેશની ઘોષણા ગરીબોને લક્ષમાં રાખીને કરે છે (લૂક ૪:૧૮). તેમણે પોતાના શિષ્યો પણ આ જ જૂથમાંથી પસંદ કર્યા.

ઈસુનું દાસત્વ પરાકાષ્ટાએ ત્યારે પહોચ્યું કે જ્યારે તેઓ આપણા પાપો માટે ક્રૂસે મૃત્યુ પામ્યા. તે સમયે ક્રૂસ એ અભિશાપની નિશાની ગણાતી હતી. મોશેની આચારસંહિતા વાંચીએ તો ખબર પડશે કે, "ઝાડે લટકતા માણસ ઉપર ઈશ્વરનો શાપ ઉતરે છે" (અનુસંહિતા ૨૧:૨૩). ઈસુ એક દાસ તરીકે પોતાના પિતાને આજ્ઞાધીન થવા માટે તે શાપ પોતાના શિર ઉપર લઈ લે છે. જેમ પેલા યુવાને પોતાના પિતાને માફ કર્યા અને તેમની સેવા એક દાસ તરીકે કરી, તેવી જ રીતે ઈસુ એક દાસ તરીકે એટલા આજ્ઞાધીન બન્યા કે તેમના પર અદમ્ય ક્રૂરતા વીતી હોવા છતાં તેમણે કહ્યું, "હે પિતા, આ લોકોને માફ કર; પોતે શું કરે છે એનું એમને ભાન નથી" (લૂક ૨૩:૩૪). આ દાસ આપણને સૌને પોતાના જીવન દ્વારા સમાનતાનો પંથ શીખવે છે. આપણામાંના ઘણા લોકો હજુ પણ છાસી, ચરોતર, બેતાલીસ કહેવડાવવામાં ગૌરવ અનુભવે છે. આમ જાણ્યે અજાણ્યે આપણે પણ તે અસમાનતાને સમર્થન આપીએ છીએ. આ વખતની તપઋતુ માત્ર કર્મકાંડ જ ના બની રહે પણ સાચે જ પુનરુત્થાન પામેલા ઈસુનો આપણે સૌ અનુભવ કરીએ તે માટે આપણે જ્યાં પણ હોઈએ ત્યાં એક બીજાના દાસ બનીએ અને માફી, નમ્રતા અને સમાનતાનો પોતાના જીવનમાં અમલ કરી આપણા ઘર, શેરી, ગામ અને સમાજમાં ઈસુની હાજરીનો અનુભવ કરાવીએ.


# Wanted

1. Primary teachers with P.T.C. / B.A., B.Ed. Preferbly with teaching experience.
2. Maths & Science teacher: B.Sc., B.Ed. with Maths

Application invited for the above from
(a) Females only (b) Those with fluency in English

Send your application with complete bio-data within 10 days.

To,
The Principal, St. Ursula School,
Near Reliance Petrol Pump, N.H. No. - 8
Dabhan, Ta. Nadiad, Dt. Kheda. Pin 387320
Ph. 0268-2581819



**Statement about ownership and other particulars regarding Magazine 'Pavan Hurdaya Doot' Form IV**

1. *Place of Publication*: Anand 2. *Periodicity:* Monthly. 3. *Printer's Name:* Jerry Sequeira, S.J., *Nationality:* Indian, *Address*: Gujarat Sahitya Prakash, P.B.70, St, Xavier's Road, Anand-388 001. 4. *Publisher's Name:* Jerry Sequeira, S.J., *Nationality*: Indian, Address: Gujarat Sahitya Prakash, P.B.70, St, Xavier's Road, Anand-388 001. 5. *Editor's Name*: Thomas Parmar. *Nationality*: Indian, *Address:* Gujarat Sahitya Prakash, P.B.70, St, Xavier's Road, Anand-388 001. 6. *Name and Address of the owner*: Gujarat Sahitya Prakash Society, Premal Jyoti, Navrangpura, Ahmedabad - 380 009.

I, Jerry Sequeira S.J., hereby declare that the particulars given above are true to best of my knowledge and belief.

Sd.
Date: 5 March, 2013 Jerry Sequeira S.J.

# તપઋતુનો મહિમા

✍ આમ્બ્રોસ સી. ડાભી

તપઋતુ શબ્દ જ એ બાબતનું સૂચન કરે છે કે એ ઋતુ દરમ્યાન તપ, સ્વદમન અને સ્વનકારને યોગ્ય સ્થાન આપીએ. જોકે આખા વર્ષ દરમ્યાન યથાયોગ્ય તપ કરવાની આપણી ફરજ બને છે. પરંતુ ખાસ કરી તપઋતુમાં ધર્મસભા તપ કરવા માટે ભાર દઈ ભલામણ કરે છે. સૌ પ્રથમ તો આપણા તારણને સ્મરણમાં લાવવા માટે તપઋતુનો મુખ્ય આશય છે. જ્યારે આપણે પાપના પ્રલોભનમાં પડીએ છીએ ત્યારે આપણા મરણ સુધી પાપનો પ્રતિકાર કરવાનું આપણે ભૂલી જઈએ છીએ. તપઋતુમાં ફક્ત આપણા જ પાપોના પસ્તાવા માટે તપ કરવું પૂરતું નથી પણ, બીજાનાં પાપો માટે પણ તપ કરી તેમના માટે પ્રાર્થના કરવાની આપણી ફરજ બને છે. તપઋતુમાં અને તેમાંય ખાસ કરી પવિત્ર અઠવાડિયા દરમ્યાન પ્રભુ ઈસુની પીડાનું મનન કરીએ છીએ. જેમ આપણા ઘરમાં કોઈ ગંભીર રીતે બીમાર હોય ત્યારે આપણે દુઃખી હોઈએ છીએ. આપણી ધર્મસભા એક કુટુંબ છે અને તેનું અદૃશ્ય શિર પ્રભુ ઈસુ છે. તેથી તપઋતુમાં અને તેમાંય ખાસ કરી પવિત્ર અઠવાડિયા દરમ્યાન પ્રભુ ઈસુનાં દુઃખો યાદ કરી દિલશોજી વ્યક્ત કરીએ, તેમની પીડામાં તેમની સાથે રહીએ અને તપમય જીવન જીવીએ.



**“ તેમની પીડામાં તેમની સાથે રહીએ અને તપમય જીવન જીવીએ. ”**

પ્રશ્ન એ થાય છે કે તપ કેવી રીતે કરવું? આખો દિવસ ઓફિસમાં, શાળામાં, ફેક્ટરીમાં કે મજૂરીમાં દિવસ પસાર કરતાં સાંજે થાકીને લોથ થઈ જઈએ છીએ. ઘેર આવી બીજા કામમાં અટવાયા હોઈએ ત્યાં વળી તપ કેવું? પરંતુ દરેક કેથલિક શ્રદ્ધાળુની તપ કરવાની ફરજ બને છે. જૂના જમાનામાં અત્યારની પરિસ્થિતિ સાથે સરખાવતાં તપઋતુ ખૂબ આકરી ગણાય. અત્યારે તો ફક્ત બે જ વખત ઉપવાસ! પણ ઉપવાસ સિવાય બીજી ઘણી બાબતે તપ થઈ શકે છે. જેમકે પગપાળા યાત્રા, દરરોજ કરતાં વહેલા ઊઠી પ્રાર્થનામાં સમય ગાળવો, માંદાની મુલાકાતે જવું, ખૂબ પ્રિય આદત અને આનંદપ્રમોદની અમૂક બાબતોનો સ્વનકાર, બીજાને મદદરૂપ થવું વગેરે ઘણી બાબતો તપમાં સામેલ કરી શકાય. તેમ છતાં મારા ધારવા પ્રમાણે એક તપ ખૂબજ લાભદાયી અને જરૂરી છે, જેના વિના બીજા બધાં તપકૃત્યો કદાચ મિથ્યા સાબિત થાય! તો જોઈએ એ તપ કયું છે.

આદમ અને હેવાએ આ દુનિયામાં પ્રથમ પાપ કર્યું. જો કે તેમણે પ્રભુ આગળ પાપ કબૂલ તો કર્યું પણ પરમેશ્વરે તેમને શિક્ષા આપી કે ‘તારા પરસેવાથી તું રોટલો ખાઈશ’ આ રીતે ઈશ્વર તરફથી કામરૂપી શિક્ષા આપણા માથે આવી. આ દરરોજનું કામ વફાદારીથી અને પ્રમાણિકપણે કરવું તે આપણું સાચું તપ છે. કારણ રોજનું કામ એ જગતનો નિયમ છે, તેમાંથી આપણે છટકી જઈ શકતા નથી. સંત પાઉલ પણ કહે છે કે “જે કામ નથી કરતો તેને ખાવાનું મળવું જોઈએ નહિ.” કારણ પોતાની ફરજો પૂરી નહિ કરનારાં બધાં તપ વ્યર્થ છે. એક સારા, પવિત્ર અને ઉદ્યમી માણસ થવા પહેલાં સંત બનવું તદ્દન અશક્ય છે. પોતાની ફરજો પૂરી કરવી એ યાત્રાએ જવા કરતાં વહેલા ઉઠી પ્રાર્થના કરવા કરતાં, માંદાની મુલાકાત કરવા કરતાં, કે પછી ઘણી બધી બાબતોનો સ્વનકાર કરવા કરતાં વધારે ઉત્તમ છે. પિતા મહેનત મજૂરી કરી પોતાના કુટુંબનું ભરણપોષણ કરે અને એમ ઘરના મોભી તરીકે પોતાની ફરજ પૂરી કરે એજ એના માટે ઉત્તમ તપ તથા પ્રાર્થના છે. વિદ્યાર્થીઓનું તપ એટલે ખંતથી અભ્યાસ કરવો, જો તે અભ્યાસ બાજુએ મૂકી કલાકોના કલાકો પ્રાર્થનામાં વિતાવે અથવા તો આકરાં સ્વદમન કરે તો તે પોતાની જાતને છેતરે છે, કારણ બીજા તપો કરતાં તેનું મુખ્ય ધ્યેય અભ્યાસ છે.

ફાતિમામાં પવિત્ર મરિયમે ત્રણ બાળકોને જણાવ્યું કે જગતના તારણ માટે તપ અને પ્રાર્થનાની જરૂર છે, જે પાછળથી ત્રણે બાળકોમાં સૌથી મોટી લુસીઆએ સમજાવ્યું કે દરેક પોતપોતાની જવાબદારી નિષ્ઠાથી પૂરી કરે એ જ ઉત્તમ તપ છે. જો કે કામ કામમાં પણ ફેર તો છે જ. કામની

# ઈસુસંઘ તમને આવકારે છે...



સાંભળ્યો મેં તો પ્રભુજી તમારો સાદ,
સેવા કરવા બનજે મારા હાથ,
મુજ વાડીની લેજે તું સંભાળ,
મારાં ઘેટાંઓને તું જઇ ચાર,
સોંપજે મુજને, સોપજે તારી જાત,
સાચવી રાખીશ એને મારે હાથ.


આ રહ્યો હું તો! હે મારા ભગવાન,
કરીશ સેવા જ્યાં લગી મુજમાં પ્રાણ.



**લોયોલાના સંત ઈગ્નાસ**
**(ઈસુસંઘના સ્થાપક)**

શું ઈશ્વર તમને ઈસુસંઘી બનવા હાકલ કરે છે?
તો આવો અને જોડાવો
ઈસુસંઘ આયોજીત હાકલ શિબિરમાં.
વધુ માહિતી આવતા અંકે.







**ફા. સુધીર ચેટ્ટીયાર એસ. જે.**
(૯૪૨૬૫ ૭૮૨૫૮)

**ફા. અલ્પેશ મેકવાન એસ.જે.**
(૯૪૨૬૩ ૫૧૫૩૭)

**ફા. નગીન એસ.જે. (આણંદ)**
(૯૪૨૯૯ ૨૭૦૧૬)

**ફા. ચંન્દ્રેશ એસ.જે. (વડોદરા)**
(૯૯૭૮૦ ૬૫૨૭૫)

કિંમત કામના હેતુ પર રહેલી છે. આળસુ માણસ જેમ બને તેમ ઓછું કામ કરી પોતાની ફરજ પૂરી કરવા પ્રયત્ન કરે છે, જ્યારે પ્રમાણિક અને ઉધમી માણસ પોતાથી બનતી બધી જ મહેનત કરી પોતાની ફરજ પૂરી કરવા પ્રયત્નશીલ હોય છે. આળસુ માણસ પોતાની ફરજ વફાદારીથી બજાવતો નથી, કામના નિયમનું પાલન કરતો નથી માટે તેના કામની ખાસ કિંમત નથી. પ્રમાણિક માણસ પોતાથી બનતું કામ સારી રીતે કરે છે એટલે એક પ્રકારે એ કાંઈક વેઠે છે અને એમ એ તપ કરે છે.

હવે હેતુ દ્વારા કેવી રીતે કામ કામથી જુદું પડે છે તે જોઈએ. ઘણા લોકો કોઈ કોઈ વખત વધારે પૈસા કમાવા પોતાની શક્તિ ઉપરાંત કામ કરે છે. આમ તેઓ એક પ્રકારનું તપ તો કરે જ છે, પરંતુ તે તપ પ્રભુ માટે નહિ પરંતુ નાશવંત પૈસા માટે છે, તે સારું તપ નથી. ખ્રિસ્તી માણસનું કામ પ્રત્યેનું વલણ કાંઈક નોખું તરી આવવું જોઈએ. એટલે કે ફક્ત પૈસાની લાલચે નહિ પરંતુ ઈશ્વરની ઈચ્છાને વશ વર્તી કામ કરવું જોઈએ. ઈશ્વરની ઈચ્છાને સમજી રાજી થવું જોઈએ. જો એ કામ વધારે ભારે હોય તો વધારે રાજી થવું જોઈએ. મૂળ પાપની શિક્ષા તરીકે ઈશ્વરે આપણી ઉપર જે કામ મોકલ્યું છે તે કામ તપ ભાવે પૂરા દિલથી કરવા પ્રયત્ન કરવો જોઈએ. તપમાં તારણનો ગુણ સમાયેલો છે જે નિષ્ઠાથી કરવામાં આવેલા કામથી ઉદ્ભવે છે.

સંત પુષ્પાવતી દૂર મિશન દેશોમાં ગયા સિવાય, બોધ કે ઉપદેશ આપ્યા સિવાય પોતાની ફરજો નિષ્ઠાથી પૂરી કરી ધર્મસભાની રક્ષક સંત ઠરી છે. એમણે તપ અને પ્રાર્થના દ્વારા જ પોતાની કોન્વેન્ટમાં રહી હજારો આત્માઓને ઉગાર્યા છે.

કામથી માણસનો આત્મિક અને શારીરિક વિકાસ થાય છે, નહિ તો કામ વગર માણસ નખ્ખોદ વાળે એ કહેવત લાગુ પડે. કામ દ્વારા માણસ ઉધમી રહે જેને લીધે પાપનાં પ્રલોભનો અને પરીક્ષણોથી બચી શકે છે. આળસમાંથી સર્વ પ્રકારના દુર્ગુણો પરિણમે છે. કામ દ્વારા બીજાઓને સહાયભૂત નિવડી શકાય છે, તેમજ બીજાને નમૂનો પૂરો પાડી શકાય. કામ દ્વારા જગતનું તારણ અને પ્રગતિ જળવાઈ રહે છે. કામ દ્વારા ભાતભાતની નવીન કળા કેળવી માણસ ઉચ્ચ પદવીએ ચઢે છે. કામ દ્વારા માણસ વિશ્વની ઉત્પત્તિનો ભાગીદાર બની શકે છે. કારણ કામ એટલે એક વસ્તુમાંથી બીજી વસ્તુ બનાવવી, જે એ પહેલાં અસ્તિત્વમાં ન હતી. આ બધું જોતાં નિષ્ઠાપૂર્વક કામ તપ નથી તો બીજું શું છે? જે ઈશ્વર સમક્ષ ખૂબ કિંમતી નીવડે છે. કામમાં પોતાનું તારણ તો છે જ પણ બીજાનું તારણ પણ છે. કામ દ્વારા પોતાનાં તેમજ બીજાનાં પાપોનો બદલો વાળી શકાય છે. આમ પેલી ગુજરાતી કહેવત સાચી ઠેરવી શકાય છે- "કામ કર્યું તેણે કામણ કર્યું" તપઋતુમાં તપ અને પ્રાર્થના દ્વારા આ બધી બાબતોનું પ્રાધાન્ય જાળવીએ. ●

# કેથોલિક ધર્મસભા પર ઈશ્વરની અનેરી કૃપા...!

✍ બિશપ થોમસ મેકવાન

ઈશ્વર એટલો કૃપાળુ છે કે ભલે માણસે પોતાની સ્વતંત્રતાનો દુર ઉપયોગ કરી સ્વર્ગભુવન ગુમાવ્યું, પરંતુ એણે પોતાના એકના એક દીકરાને મોકલીને આપણને તે પાછું અપાવ્યું. માનવી જો જાણતો હોય કે ઈશ્વરે તેના માટે વારસામાં શું રાખ્યું છે, તો આપણે ઈશ્વરે ચીંધેલા માર્ગે જ ચાલતા હોત...! સ્વર્ગ કેટલું સુંદર છે તેનો અનુભવ ઈસુના દિવ્યરૂપ દર્શન વખતે પીટર, યાકોબ અને યોહાને તાબોર પર્વત પર કર્યો હોત, જ્યાં ઈસુ મોશે અને એલિયાનું મિલન થયું હતું. ત્યાં ઈસુનું રૂપ બદલાય ગયું હતું, તેમનો ચહેરો સૂર્યની જેમ ઝળહળવા લાગ્યો હતો અને તેમનાં વસ્ત્રો પ્રકાશ જેવાં ઊજળાં થઈ ગયાં હતાં. પીટરે તો ભાવાવેશમાં ઈસુને કહ્યું, "પ્રભુ અહીં રહીએ તો કેવું સારું! જો આપની ઈચ્છા હોય તો હું અહીં ત્રણ મઢુલી ઊભી કરું: એક આપને માટે, એક મોશેને માટે ને એક એલિયાને માટે" (માથ્થી ૧૭:૪). ૧૩મી સદીમાં જન્મેલા દોમિનિકન સંત થોમસ અકવાયનસે દેવવિદ્યામાં જે કાંઈ પ્રદાન કર્યું તેની સરખામણીમાં કોઈ ન આવી શકે. સ્વર્ગનું વર્ણન કરવા તેમણે પ્રયાસ કર્યો હતો પણ જ્યારે તેમણે મરણ પથારીમાં સ્વર્ગનું દૃશ્ય જોયું તો તેમની મદદમાં રહેલાં ધર્મગુરુને સુચના આપી, "મેં મારા જીવનમાં ઈશ્વર અને સ્વર્ગ વિશે જે કઈ લખ્યું છે તે શૂન્ય સમાન છે, એને બાળીને ફેંકી દો."

માણસને ઈશ્વરમાં વિશ્વાસ બેસે એટલે એણે ઘણાં ચમત્કારો કર્યાં હતાં અને આજે પણ કરી રહ્યો છે. ઈશ્વરે અમુક સંત સ્ત્રી-પુરુષના શરીરને મૃત્યુ બાદ સડવા દીધા નથી જેના દ્વારા પ્રભુ આપણને કાંઈક કહી રહ્યો છે.

માતા મરિયમના પવિત્ર ધામ લુર્દમાં ૧૧મી ફેબ્રુઆરીથી ૧૫મી માર્ચ ૧૮૫૮ વચ્ચેનાં ગાળામાં બર્નાદેટ નામની ૧૪ વરસની બાળાને માતા મરિયમે ૧૮ વાર દર્શન દીધા હતાં. જેના લીધે ખ્રિસ્તી જગતમાં ખળભળાટ મચ્યો હતો. છેલ્લા દર્શનમાં માતા મરિયમ પોતાની ઓળખ આપતા કહે છે: "હું નિષ્કલંક ગર્ભધારણ મરિયમ છું." આ દર્શન થાય તેના ચાર વર્ષ પહેલાં વડાધર્મગુરુ પિયુષ ૯માએ સમસ્ત ધર્મસભા માટે માતા મરિયમનું નિષ્કલંક ગર્ભધારણ થયું હતું તે પરંપરાને શ્રદ્ધાની મહોર મારી હતી. આ જાહેરાતને માતા મરિયમે લુર્દના છેલ્લા દર્શનમાં ટેકો આપ્યો. ૮મી ડિસેમ્બરે 'માતા મરિયમનું નિષ્કલંક ગર્ભધારણ'નું પર્વ આપણે ઉજવીએ છીએ.



બાળકી બર્નાદેટની વાત કરીએ તો તેની તબિયત બાળપણથી જ નબળી હતી અને અતિ ગરીબ કુટુંબમાં તેનો જન્મ થયો હતો. પરંતુ કુટુંબ ધાર્મિક હતું. તે ૨૨મા વર્ષે કોન્વેન્ટમાં પ્રવેશ મેળવે છે. નબળી તબિયતને કારણે સાક્રીસ્ટી તથા બીમાર પડેલાં સીસ્ટરોની સેવામાં કામ કરવાની જવાબદારી સંભાળે છે. ૧૬મી એપ્રિલ ૧૮૭૯નાં રોજ ક્ષયની બીમારીથી ૩૫મા વરસે તે મરણ પામ્યાં. ૩૦ વર્ષ બાદ ૨૨મી સપ્ટેમ્બર, ૧૯૦૯નાં રોજ તેમની કબર ખોલવામાં આવી ત્યારે બર્નાદેટનું શરીર અકબંધ હતું. આગલા જ દિવસે મરણ પામ્યા હોય તેવું એ શરીર દેખાતું હતું. એ શરીરને ફરી દફનાવવામાં આવ્યું. અને ૧૦ વરસ બાદ કબર ખોલવામાં આવી તો માલુમ પડ્યું કે શરીર તાજું જ રહ્યું હતું. આજે આટલા વર્ષો પછી પણ નેવર્સમાં સંત બનદિટનું શરીર સચવાયેલું છે અને લોકો તેના દર્શન કરવા ત્યાં જાય છે.

લેબેનોનના મઠવાસી ચારબેલ માકલાઉફ ૧૮૨૮ થી ૧૮૯૮ વચ્ચે જીવી ગયા. ૨૩મા વરસે કુટુંબની ઈચ્છા ના હોવા છતાં ઘર છોડ્યું અને મઠમાં જોડાયા. ૧૮૫૯માં તેમણે પુરોહિતદીક્ષા લીધી. જીવનનાં છેલ્લાં ૨૩ વર્ષ પ્રાર્થના, તપ અને ઉપવાસમાં ગાળ્યા. ૨૪મી ડિસેમ્બર ૧૮૯૮ના રોજ ટૂંકી બીમારી બાદ તેઓ મરણ પામ્યા. તેમના મંડળના કાયદા પ્રમાણે પેટી વગર

જ તેમને દફનાવવામાં આવ્યા. તેઓ ચોક્કસ ભૂલાય ગયા હોત પરંતુ એક અલૌકિક ઘટનાથી તેઓ મશહુર બન્યા. જે દિવસથી તેમને દફનાવવામાં આવ્યા હતાં તે દિવસથી ૪૫ દિવસ સુધી તેમની કબરનો વિસ્તાર રાત્રે પ્રકાશિત થતો હતો. ચાર મહિના બાદ જ્યારે કબર ખોલી તો શરીરને કોઈ આંચ આવી ન હતી. તેમની ચામડીમાંથી તૈલી પ્રવાહી ઝરતું હતું જેના દ્વારા ઘણાને સાજાપણું મળતું. શરીરને સાફ કરી ફરી વાર દફન પેટીમાં મૂકી દફનાવવામાં આવ્યું. ૧૯૨૭માં કબર ખોલી તો શરીર તાજું જ હતું. શરીરની તપાસ કર્યા બાદ ફરી દફનાવી દેવામાં આવ્યું. ૨૫મી ફેબ્રુઆરી ૧૯૫૦ના રોજ દીવાલમાં બનાવેલી કબરમાંથી પ્રવાહી ઝરવા લાગ્યું એટલે કબર ખોલવી પડી, ત્યારે પણ શરીર તાજું હતું. વળી જીવંત દેખાતું હતું. લોકોના ટોળેટોળાં તેમનાં દર્શને આવવા લાગ્યાં અને શરીરમાંથી નીકળતા પ્રવાહીમાંથી તથા તેમની મધ્યસ્થી દ્વારા ઘણાને અસાધ્ય રોગોમાંથી છૂટકારો મળ્યો. બે વર્ષના ટૂંકા ગાળા દરમ્યાન લગભગ ૧૨૦૦ લોકોને તંદુરસ્તીનો અનુભવ થયો હતો. જેવા કે, સિ. મારિયા એબલનું ૧૪વર્ષ જૂનું આંતરડામાં પડેલું ચાંદુ પળવારમાં સુકાઈ ગયું અને આલેક્ષસાન્દ્રોની આંખના પડદાને વૃક્ષની ડાળી વાગવાથી નુકશાન થયું હતું અને અંધાપો આવ્યો હતો પરંતુ સંતની મધ્યસ્થી વડે તે દેખતો થયો. જેના માટે દાક્તરો પાસે કોઈ જવાબ નહોતો! સમય જતાં ધર્મસભાએ ચારબેલ માકલાઉફને સંત જાહેર કર્યા. હાલમાં તેમનું શરીર માટીમાં ભળી ગયું છે. આપણે ભારતવાસીઓ નસીબદાર છીએ કે ઈશ્વરની એ કૃપા સંત ફ્રાન્સિસ ઝેવિયરમાં બની જેના પાવન અવશેષોને નિહાળવા આવતા વર્ષે લાખો લોકો ગોવા ઉમટી પડશે.

જોએન કેરોલ ક્રૂસ નામની એક અમેરિકન બહેને: "The Incorruptible" નામનું પુસ્તક (Tan Books and Publishers, INC, Illinois, 1977) લખ્યું છે જેમાં સંતોનાં ધામો પરથી માહિતી મેળવી આ પુસ્તકમાં પોતાનો અભ્યાસ રજૂ કર્યો છે. તેમનું તારણ ખુબ જ મહત્ત્વનું છે. આપણને નવાઈ લાગશે પણ તેમનાં અભ્યાસ પ્રમાણે મૃત્યુ પછી કુદરતનાં નિયમની વિરુદ્ધ જઈને સચવાયેલા શરીરો માત્ર કેથોલિક શ્રદ્ધા ધરાવનારના જીવનમાં જ જોવા મળે છે. અને એ પણ તેઓ કે જે પવિત્ર જીવન જીવતા હતાં. એવી વ્યક્તિઓને ધર્મસભાએ સંતો/સુધન્ય જાહેર કર્યા છે. જોએન કેરોલે આવા ૧૦૨ સંતોના અવશેષોની માહિતી મેળવી છે! પણ આપણી શ્રદ્ધા આપણને શીખવે છે કે શરીર સચવાયાને લીધે નહિ પરંતુ પવિત્ર જીવનના લીધે તેઓ સંત બન્યાં છે.

સંતોના જીવનમાં ઈશ્વરની એવી કરામત છે કે સામાન્ય કુદરતી નિયમોને બાજુમાં મૂકીને ઈશ્વરે તેમનું બહુમાન કર્યું છે. સંત ફ્રાન્સિસ ઝેવિયરનાં કોફીનમાં ચૂનાના પથ્થરો મૂકવામાં આવ્યાં હતાં જેથી તેમનું શરીર જલ્દીથી માટી બની જાય, છતાં પણ વર્ષો સુધી એ શરીર સચવાયેલું રહ્યું છે. સંત જોસાફટ તથા સંત એન્ડ્રુ બબોલ જેવા શહીદ સંતોના શરીર તલવારથી વીંધાયા હતાં, છતાં પણ તેમાં સડો લાગ્યો ન હતો. અમુક સંતોનાં શરીરમાંથી સુગંધી તેલ જેવા દ્રવ્યો ઝર્યા છે જ્યારે અમુક સંતોનાં શરીરમાંથી સુગંધી સુવાસ પણ પ્રસરતી. આવિલાનાં સંત થેરેસ્યા જેમનું શરીર પણ વર્ષો સુધી અકબંધ રહ્યું હતું તેમનાં સાથી મધર મારિયા ઓફ જીસસનાં શરીરમાંથી અક્સીર દ્રવ્ય તથા ગુલાબ અને મોગરાનાં ફૂલોની સુવાસ પ્રસરી હતી. અમુક સંતોના શરીરનાં અંગોને હલાવી (flexible) પણ શકાતાં હતાં.

આવી ઘટનાઓની સમજ આપતા આઠમી સદીનાં સંત જોન દામાસીનનું કહેવું છે કે, "ઈસુ આપણને તંદુરસ્તીના ઝરણાં સ્વરૂપે સંતોના અવશેષો આપે છે, જેમાંથી કૃપા અને તંદુરસ્તીના ઝરા વહે છે. આમાં અવિશ્વાસ ન રાખવો જોઈએ. જો મોશેના વખતમાં ઈશ્વરે પથ્થરમાંથી અને શિમશોનને ગધેડાનાં જડબામાંથી પાણી આપ્યું હોય તો, સંતોના અવશેષોમાંથી ઈશ્વર શું તંદુરસ્તી ન આપે?" ઈશ્વર માટે બધું જ શક્ય છે. આવા સંતોનાં અવશેષો, નથી ઈજિપ્તના મમીઓ કે ઔષધોથી સાચવી રાખેલા શબ, પરંતુ ઈશ્વરનો હસ્તક્ષેપ છે અને માનવજાતને પવિત્ર જીવન જીવવા માટેની હાકલ આપી રહ્યો છે. આવી ઘટનાઓ આપણને કહી રહી છે કે સ્વર્ગ છે, શરીરનું પુનરુત્થાન છે અને આપણે માટે મધ્યસ્થી કરનાર સંતોનો સંઘ પણ છે. છતાં પણ આપણી શ્રદ્ધા તો પ્રભુ ઈસુમાં છે જે આપણને કહી રહ્યો છે, "હું જ પુનરુત્થાન છું અને હું જ જીવન છું જેને મારામાં શ્રદ્ધા છે, તેનું મૃત્યુ થાય તો પણ, તે જીવતો થશે; બલ્કે, મારામાં શ્રદ્ધા રાખનાર કોઈપણ જીવતો માણસ કદી મૃત્યુ નહિ પામે." (યોહાન ૧૧:૨૫-૨૬)

અમદાવાદ ધર્મપ્રાંતનાં અમુક દેવળોમાં સંતોના અવશેષો રાખવામાં આવ્યા છે- સંત આલ્ફોન્સનાં અવશેષો લોયોલા ચર્ચ, અમદાવાદમાં, સંત જુડના અવશેષો થલતેજનાં પ્રભુ મંદિરમાં, સંત અન્થોનીના અવશેષો નરોડાના દેવળમાં, સંત ફ્રોસ્તીનાનાં અવશેષો 'દિવ્ય - દયા ધામ' સલુણમાં તથા ચાવડાપુરા - જીટોડીયાનાં ચર્ચમાં સંત ફ્રાન્સિસ ઝેવિયરનાં અવશેષો સ્થાપવામાં આવ્યા છે.

સંતો આપણે માટે અનુકરણ કરવા માટેનો નમૂનો બને છે અને તેમને કરેલી પ્રાર્થના ઈશ્વર પાસે તેઓ રજૂ મધ્યસ્થીની સેવા આપે છે. ઈશ્વરની ઈચ્છા મુજબનું જીવન અને ઈસુએ આપેલી પ્રેમની બે આજ્ઞાઓને અનુસરીને જીવનાર વ્યક્તિ ઈશ્વરની નજરમાં સંત જ છે. જેનામાં આ સદ્‌ગુણો વિશેષ રીતે જોવામાં આવે છે અને જેમની મધ્યસ્થી દ્વારા ચમત્કારો થાય છે, તેમને માતા ધર્મસભા સંત/સુધન્ય જાહેર કરે છે. સંતો આપણા જેવા માનવો હોવા છતાં પવિત્ર જીવન જીવી ગયાં તેમ ઈસુ દરેક ખ્રિસ્તી ભાઈ-બહેનોને સંત બનવાનું આહ્‌વાન આપે છે. ●



# પવિત્ર શુક્રવારઃ એક ચિંતન

✍ ફાધર મલર

ક્રૂસ પરના મરણ કરતાં ભયંકર મરણ બીજું હતું જ નહિ. રોમનો પોતે પણ તેને ખૂબ જ ડરથી જોતાં. સિસેરોએ જાહેર કર્યું હતું કે તે અતિ ક્રૂર અને ભયાનક મરણ હતું. ટેસીટસે કહ્યું હતું કે તે શરમજનક મરણ હતું. ખરેખર તો સજા માટેની એક પર્શિયન પદ્ધતિ હતી. કદાચ અને એ માટે વાપરવામાં આવતી હતી કારણ પર્શિયનો માટે પૃથ્વી પવિત્ર હતી અને દુષ્કૃત્યો કરનારના શરીરથી એને અભડાવવા દેવી ન હતી. આથી તેઓ તેને ક્રૂસ પર ખીલાથી જડી દઈ લટકાવી દેતા. મરણ પામવા માટે અને ગીધ અને કાગડાઓ માટે બાકીનું કામ પૂરું કરવાનું છોડી દેતા. ક્રૂસ પર લટકાવવાનું કાર્તાજિનીયન્સો પર્શિયન પાસેથી શીખ્યા અને રોમનો કાર્તાજિનીયન્સ પાસેથી શીખ્યા. (વિલિયમ બાર્કલે)

એ વિચિત્ર છે કે ક્રૂસ પર લટકતી વ્યક્તિ આટલો બધો મહિમા અને માન પ્રાપ્ત કરે. ૨૦૦૦ વર્ષનો ગાળો આ રીતની સજા કરવાની એની ભયાનકતાને ઓછી કરે દે. જ્યારે પિલાતે ક્રૂસની ટોચ પર "ઈસુ નાઝારી યહૂદીઓનો રાજા" મથાળું લટકાવ્યું ત્યારે એનો ઈરાદો ઈસુ અને યહૂદીઓની મજાક કરવાનો હતો.

શું હાથે પગે ખીલાથી જડાયેલ નગ્ન શરીર કોઈને પણ આકર્ષી શકે ખરું? આ રીતથી ભયંકર રીતે મરનારનું દૃશ્ય એ વ્યક્તિની આબરૂ ઝૂંટવી લે છે. ક્રૂસ પરનું મરણ જાણે પૂરતું ના હોય તેમ તે કેવળ ગુનેગારને મારી જ નથી નાખતું પરંતુ એના માનવી તરીકેના અર્થ અને હેતુને પણ મારી નાખે છે. ક્રૂસની ભયાનકતા લોકોની યાદદાસ્તને કાયમી ઠેસ પહોંચાડવાની હતી. પયગંબર યશાયાના શબ્દોમાં સમજીએ તો એનું રૂપ એવું વિરૂપ થઈ ગયું હતું કે જાણે માણસ જ ના લાગે. (યશાયા ૫૨:૧૪). પરંતુ બન્યું એથી કંઈક ઉલટું, ઈસુ લોકોના મન અને હૃદય પર બિરાજે છે.

આ બાબત આપણને ઈસુના પોતાના શિષ્યોમાં પણ જોવા મળે છે. ઈસુને જ્યારે ક્રૂસ લઈ જતા હતા ત્યારે શિષ્યોએ એમને તરછોડી દીધા. ફક્ત આંગળીના વેઢે ગણી શકાય એટલા જ લોકો એમની સાથે રહ્યા. ઈસુ જ્યારે ક્રૂસ પર ત્રણ કલાક લટકતા રહ્યા હતા ત્યારે ખાસ કરીને સ્ત્રીઓ તેમની સાથે હતી. પીતરનો નકાર આપણને સમજાવે છે કે ઈસુની પીડા દરમિયાન તેમની સાથે રહેવું શોકજનક હતું. ઈસુ તેમની સલામતી માટે પડકારરૂપ હતા.

એકલા અને તરછોડાયેલા ઈસુ આપણી પાપમય પરિસ્થિતિને તેમની પીડામાં વળગી રહે છે. સાચે જ ક્રૂસની ભયાનકતા આપણને આકર્ષતી નથી. પરંતુ એમનો આપણા પ્રત્યેનો પ્રેમ જ્યારે આપણને ખરાબ સ્થિતિમાં હોઈએ છીએ ત્યારે આકર્ષે છે. તે આપણને આશા આપે છે કે તેમની સહાયથી ગમે તેવી વિકટ પરિસ્થિતિમાં આપણે ઉપર આવી શકીશું.

"એટલું જ નહિ, હું તો મારા પ્રભુ ખ્રિસ્ત ઈસુને ઓળખવાના મોટા લાભ આગળ સર્વ કાંઈને ખોટરૂપે જ દેવું છે. તેમને ખાતર મેં સર્વ કાંઈ જતું કર્યું છે. અને એ બધાને હું તો કચરો જ લેખું છું. જેથી હું ખ્રિસ્તને પામી શકું." (ફિલિપ્પી ૩:૮)

# દૂત – સો વર્ષ પહેલાં

✍ ગુજરાત સાહિત્ય પ્રકાશ

### પવિત્ર કોરનેલીયુસ

હું એક બીજા સત્ય વિષે વાત કરવા ઈચ્છું છું, જે વિષે ખ્રીસ્તીઓને વાત કરવાની જરૂર ન હોત તો સારૂં; પણ તે વિષે વાત કરવી ઘણી ઉપયોગી છે, કેમકે ઘણાઓ તે વિષે ભુલી ગયા, ઘણાઓએ તે ધ્યાનમાં લીધી નહિ, અને ઘણાઓ તે વાત જાણતા નથી, જો કે ખ્રીસ્તી કહેવાય છે. કેમકે ઘણા એવા લોકો છે, જેઓ એમ ધારે છે કે ગમે તેવો ધર્મ કોઈ પાળે તે વિષે કાંઈ ફીકર નહિ, ફક્ત તે સારી રીતે ચાલે એટલે બસ છે. –એ વાત ખરી છે કે જુઠી તે કોરનેલીયુસની વાતથી સારી પેઠે નક્કી થાય છે. તારણ પામવાને શું જરૂરનું છે તે નક્કી પરમેશ્વર સારી પેઠે જાણે છે. અને જો ન્યાયી જીવન કહાડવાનું તારણને માટે બસ હોત, તો ખ્રીસ્ત વગર તારણ મેળવી શકાયઃ પણ જો તેમ હોય તો પરમેશ્વરે સદ્‌ગુણી ભક્તિવાન કોરનેલીયુસને ખ્રીસ્તીપણામાં લાવવાને એવો અસાધારણ ચમત્કાર ના કીધો હોત. ખ્રીસ્તી ધર્મ ફક્ત માણસોને માટે ઉપકાર છે, કેમકે બીજા ધર્મો કરતાં તેમાં પરમેશ્વર અને તેની ઈચ્છા શી છે તે વધારે સ્પષ્ટ રીતે જણાય છે, એમ ધારવું નહિ. માણસને ખ્રીસ્તી થવાનું એ એકજ કારણ નથી; કેમકે નાનાં બાળક, જે પરમેશ્વર વિષે કંઈ જાણતાં નથી, તેઓ જ્યારે મરી જાય તો ફક્ત ખ્રીસ્તી ધર્મથી સ્વર્ગમાં પહોંચે છે. સૌથી સારો માણસ પાપી અને ડાઘ પડેલો છે, અને પવિત્ર પરમેશ્વરના હાથમાંથી સ્વર્ગનું સુખ પામવા અશક્ત છે. એકજ આ પૃથ્વી ઉપર હતો, જેણે પોતાના અત્યંત મોટા પુણ્યને લીધે સર્વ માણસો, જે તેનું માને તેમને માટે આકાશનું સુખ મેળવ્યું. તે એજ છે, જેણે કહ્યું કેઃ "રસ્તો, સત્ય તથા જીવન હું જ છું, મારા વિના બાપની પાસે કોઈ પહોંચી શકતો નથી."

તે એજ છે. જેના વિષે પ્રમુખ્ય પ્રેરીત પીતરે પ્રત્યક્ષ એવી ખાતરી આપી કેઃ "બીજા કોઈથી તારણ નથી. જેથી આપણું તારણ થાય એવું બીજું કોઈ નામ આકાશ તળે માણસોમાં આપેલું નથી." અને તે એજ છે જે વિષે પવિત્ર યોહાન પોતાના પત્રમાં એવું લખે છે કેઃ "અમે જોયું તથા સાક્ષી પુરીએ છીએ કે, બાપે પુત્રને જગતનું તારણ થવા માટે મોકલ્યો છે."

માટે માણસ પોતાના કૃત્યથી નહિ, પણ ફક્ત ખ્રીસ્ત વડે તારણ પામી શકે. તે માટે સૌથી ઉત્તમ જે પરમેશ્વર આ દુનીઆમાં માણસને આપી શકે, અને જે સૌથી ઉત્તમ માણસ આ જીવનમાં મેળવી શકે એ ખ્રીસ્તીપણું છે. એ તો ખરૂં કે ન્યાયી અને ભક્તિવાન જીવન નકામુ નથી. જે ભલું માણસ ખ્રીસ્તી ધર્મ બહાર કરે છે તે ભલાથી તેને વધારે સહેલાયથી ખ્રીસ્તી ધર્મમાં દાખલ થવાની કૃપા મળે છે; અને જે ખ્રીસ્તી છે પણ ખ્રીસ્તીધર્મ પ્રમાણે જીવન કહાડતા નથી, તેની શ્રદ્ધા મુએલી અને આશીર્વાદ વગરની છે; અને ઘણી વાર તે હોલવાઈ જાય છે.

હવે તું ઓ ખ્રીસ્તી માણસ વિચાર કર, કદાપી તું પણ કોરનેલીયુસની પેઠે ભક્તિવાન જીવન કહાડ્યાને લીધે ખ્રીસ્તી ધર્મનું ઈનામ પામ્યો છે, અને તેમ ના હોય તો તેટલો વધારે તારે પરમેશ્વરનો આભાર માનવો જોઈએ, કેમકે પાપી જીવન કહાડ્યા છતાં પણ તે તને ખ્રીસ્તી ધર્મમાં લાવ્યો છે. ખ્રીસ્તી ધર્મમાં દાખલ થયા પછી હાલમાં સદ્‌ગુણી જીવનથી તું તેને યોગ્ય બતાવ. વિદેશીપણા કરતાં ખ્રીસ્તી ધર્મમાં ઉછરેલા અને પવિત્ર સાક્રમેન્તથી મજબૂત કીધેલા માણસને ભક્તિવાન જીવન કહાડવાને ઘણું જ સહેલ છે. જેવી રીતે કોરનેલીયુસ વિદેશીપણામાં હતો, તેવી રીતે તું ખ્રીસ્તીપણામાં ચાલતો નથી, તો તું ખરેખર નકામો માણસ છે, અને શ્રદ્ધાનો દીવો તારી પાસેથી દુર થાય અને અશ્રદ્ધામાં પડે, પવિત્ર સાક્રમેન્ત વગર મરણ પામે, કે આખરે તેમને લાભ વગર અને અયોગ્ય રીતે પામે. તું ખ્રીસ્તીની પેઠે મરણ પામે, અને દાટવામાં આવે, પણ સત્યતામાં ખ્રીસ્તમાં તારો કોઈ ભાગ નથી, અને તેના વગર સર્વકાળ ન્યાયમાં તું જાય એવા ભયમાં તું છે.

(માર્ચ ૧૯૧૩. જોડણી મૂળ પ્રમાણે રાખવામાં આવી છે.)

## નોંધ લેશો

કવિ યોસેફ મેકવાન રચિત **ક્રૂસ અંગેના કાવ્યો**ની બૂક કરેક્શન કરવા માટે **ગુજરાત સાહિત્ય પ્રકાશ**માંથી કોઈ વ્યક્તિને આપેલ છે. આ કાવ્યો પ્રિન્ટ કરવાના હોવાથી જેમની પાસે આ બૂક હોય તેમણે સત્વરે મને પહોંચાડવા વિનંતી.

**ફાધર જેરી સિક્વેરા, એસ.જે.**
**ગુજરાત સાહિત્ય પ્રકાશ**

## સુધારો

ગત માસના દૂતાંકમાં પેજ નંબર ૪૭, સ્વ. શાન્તાબેન કાન્તિલાલની શ્રદ્ધાંજલિમાં શ્રી મનોજ એન્જિનીયર નામ શરતચૂકથી રહી ગયેલ છે.



# આંતરરાષ્ટ્રીય મહિલાદિન અને મહિલાઓની સ્થિતિ

✍ સ્મિતા બી. મેકવાન

“એટલે પ્રભુ પરમેશ્વરે માણસને ગાઢ ઊંઘમાં નાખી દીધો.... તેમાંથી એક સ્ત્રી બનાવી.... એ નારી કહેવાશે કારણ એને નરમાંથી કાઢવામાં આવી છે.” (ઉત્પત્તિ ૨૧:૨૩). બાઈબલના સર્જનના વૃત્તાંતમાં નરમાંથી સર્જેલી નારીની અહીં વાત છે. અને આ લેખમાં સાંપ્રત સમાજમાં તેની સ્થિતિ વિશે આજે આંતરરાષ્ટ્રીય મહિલાદિનની વાત કરવી છે.

આંતરરાષ્ટ્રીય મહિલાદિનના પરિસંવાદમાં સહભાગી બનવાનું બનેલું. પ્રવેશતાં જ સુંદર વાક્ય વાંચવા મળ્યું: “ઔરત ક્યા હૈ? સિર્ફ એક કુરબાની હૈ?” સાચે જ મહિલા પોતાના પરિવાર માટે પોતાના અસ્તિત્વની આહૂતિ આપી દે છે. પણ આ આહૂતિના બદલામાં એને શું મળે છે? અપમાન, અત્યાચાર, લાચારી, ઉપેક્ષાનો રસથાળ! રાજ્યકક્ષાના મહિલા સહકારી શૈક્ષણિક પરિસંવાદમાં પણ ઉપસ્થિત રહેવાની તક મળેલી. કેન્દ્રિય ખાણ અને ખનિજ મંત્રાલયના મંત્રીએ સ્ત્રીની પ્રશસ્તિ કરતી વાત જણાવેલી: “આકાશના તારા એ આકાશનું કાવ્ય છે; પૃથ્વીનું કાવ્ય સ્ત્રી છે. સ્ત્રી પાસે પ્રેમ અને સદ્ભાવનાના ઉત્તમ વિચારો છે; તેની પાસે શક્તિ છે.” પણ પ્રેમ, શક્તિ અને સદ્ભાવનાના પ્રતીક સમી સ્ત્રીની આજે શું પરિસ્થિતિ છે?

તા. ૮મી માર્ચે ઉજવનાર આંતરાષ્ટ્રીય મહિલાદિન નિમિત્તે લખાયેલ આ લેખ દિલ્હીમાં દુષ્કર્મનો ભોગ બનેલી સ્વ. દામિનીને અર્પણ! ૧૯મી સદીમાં રાજા રામમોહનરાય તેમ જ સ્વામી દયાનંદ સરસ્વતી જેવા ક્રાંતિકારી સમાજસુધારકોએ સતીપ્રથા, વિધવાવિવાહ વગેરે કુરિવાજોને તિલાંજલિ આપવાની ઝુંબેશ ચલાવી, સ્ત્રીઓના અધિકારો પ્રત્યે જાગૃતિ ફેલાવી હતી. જ્યારે ૨૧મી સદીમાં દામિનીના મૃત્યુએ ન્યાયની જે મશાલ પ્રજ્વલિત કરી છે તે આવનાર વર્ષોમાં બૂઝાય નહિ એવી અભ્યર્થના. આપણે દર વર્ષે મહિલાદિનની બીબાંઢાળ ઉજવણી કરીએ છીએ પણ આ વર્ષે તો નક્કર પગલાં લેવાય એ વિષે જાગૃત રહેવું પડશે; બધી મહિલાઓએ એક સાથે અવાજ ઉઠાવવો પડશે. જ્યાં સુધી દામિનીને ન્યાય નહિ મળે ત્યાં સુધી મહિલાદિનની ઉજવણી સાર્થક થશે નહિ. લખતાં લખતાં એક સુવાક્યનું સ્મરણ થઈ આવ્યું: “ઈશ્વર તું થયો ઘણો મહાન, કુંવારી નારીના પેટે જન્મ ધારણ કરી નારીને તેં આપ્યું ઘણું માન!” ઈશ્વરપિતાએ પોતાના એકમાત્ર પુત્રની માતા થવા એક સ્ત્રીને પસંદ કરીને તેમને ઉચ્ચ સ્થાને બિરાજમાન કર્યાં છે. જ્યારે સમાજમાં સ્ત્રીનું સ્થાન ક્યાં છે? સંસ્કૃતમાં સાચે જ કહ્યું છે: “યત્ર નાર્યસ્તુ પૂજ્યન્તે, રમન્તે તત્ર દેવતા.” જ્યાં નારીની પૂજા થાય છે ત્યાં દેવતાઓનો નિવાસ હોય છે. સમાજમાં મહિલાનું સન્માન અને પુરુષો સાથે સમાનતાના સિદ્ધાંતને હકીકતમાં બદલવા માટે ક્યારેય કોઈ નક્કર કામગીરી કરવામાં આવી નથી. આપણી પુરુષપ્રધાન સમાજ વ્યવસ્થામાં સ્ત્રીઓ પરત્વેનો અભિગમ બદલવાનો સમય પાકી ગયો છે. શિક્ષિત અને સંપન્ન સમાજમાં સ્ત્રીમાં વધેલો આત્મવિશ્વાસ અને આત્મગૌરવ પુરુષના વર્ચસ્વ માટે પડકારરૂપ લાગી રહ્યો છે. સ્ત્રી-પુરુષ વચ્ચેની અસમાનતાના મૂળમાં દૈહિક ભેદભાવ નથી બલ્કે સામાજિક-આર્થિક અસમાનતા અને સાંસ્કૃતિક મૂલ્યોનો ભેદભાવ રહેલો છે. એટલે આ ભેદ માનવસર્જીત છે, જે દૂર કરવો જ રહ્યો.

નજીકના ભૂતકાળમાં, ટી.વી કલાકાર અને સાંસદ એવાં સ્મૃતિ ઈરાનીએ “વિમન ડેવલપમેન્ટ ઈન ઈન્ડિયા- મિશન, વિઝન એન્ડ એક્શન” અંગેના રાષ્ટ્રીય પરિસંવાદમાં પોતાની જોશીલી જબાનમાં જણાવ્યું હતું કે “દેશમાં સ્વતંત્રતા હોવા છતાં પણ મહિલાઓ સાચા અર્થમાં સ્વતંત્ર નથી; સ્ત્રીઓએ પોતાની જાતને એટલી સક્ષમ બનાવવી જોઈએ કે તે કોઈપણ સ્થિતિમાં લડત આપી શકે. જો ખરા અર્થમાં સ્ત્રી સશક્તિકરણને પ્રોત્સાહિત કરવું હોય તો તેને નિર્ણય કરવાનો હક્ક પ્રદાન કરવો જોઈએ.” ચાણક્ય આ અંગે સુંદર વાત કરે છે: “નારીની અવગણના કરીને કોઈપણ દેશ ક્યારેય પ્રગતિ કરી શકશે નહિ.” ભારતમાં ગર્ભાશયથી માંડી કબર ભેળી થતાં સુધી સ્ત્રીઓ પર થતાં અત્યાચારોએ માઝા મૂકી દીધી છે. સમાજમાં જેમ જેમ આર્થિક, સામાજિક અને શૈક્ષણિક સંજોગો બદલાતા જાય છે તેમ તેમ સ્ત્રીઓ પર થતી હિંસાનાં કારણો અને સ્વરૂપો પણ બદલાતાં જાય છે. ૧૬મી ડિસેમ્બરના ગોઝારા દિવસે દિલ્હીમાં કમકમાં આવી જાય એવી કલંકરૂપ ઘટના બની ગઈ. ત્રેવીસ વર્ષની અબળા યુવતી પર નરપિશાચાએ સામૂહિક દુષ્કર્મ આચર્યું અને આ નૃશંસ કૃત્ય પીડિતાના મૃત્યુનું કારણ બન્યું. આ જઘન્ય બનાવ બર્બરતાની પરાકાષ્ઠા સમાન હતો. જે દેશમાં નારીને દેવી તરીકે પૂજવામાં આવતી હોય એ દેશમાં આમ બને? આ ફક્ત સ્ત્રીઓની જ નહિ બલ્કે દેશની ગરિમાનો સવાલ છે. દિન-પ્રતિદિન સ્ત્રીઓ સાથે બનતા જાતીય દુષ્કર્મના બનાવો, હિંસા, હત્યા વગેરેની સામે મૂંગા સાક્ષી બનવાની

આપણી વૃત્તિને પરિણામે જ સમાજમાં વ્યાપકપણે બળાત્કારની ઘટનાઓ બની રહી છે. સ્ત્રીઓ જ્યારે સલામતીની અપેક્ષા રાખે છે ત્યારે સમાજ અને સરકાર સલામતીના નામે સ્ત્રીઓ પર જ બંધનો લાદે છે. યુવતીઓ અને સ્ત્રીઓની મહત્ત્વાકાંક્ષાઓ પણ વધી રહી છે; જીવનમાં આગળ ધપવાની હોડમાં કાંઈક કરી બતાવવાની અદમ્ય ઝંખનાને લઈને સ્ત્રીઓએ ટાણે-કટાણે ઘરની બહાર જવું પડે છે; બીજાઓ સાથે સંપર્કો કેળવવા પડે છે અને એ એનો અધિકાર છે. પોતાની સુરક્ષા માટે સ્ત્રીઓએ પુરુષો પર આધારિત રહેવું પડે છે. દિલ્હીના પાશવી બનાવ બાદ હવે સ્ત્રીએ સ્વરક્ષા કાજે સજ્જ થવું પડશે. રાજધાનીમાં જ જ્યાં સ્ત્રીઓ સુરક્ષિત નથી ત્યાં બીજા પ્રાંતોની તો વાત જ શી કરવી? આ પાશવી ઘટનાના વિરોધમાં સંસદથી સડક લગી દુઃખ વ્યક્ત કરવામાં આવી રહ્યું છે. ૨૦૧૧ના આંકડાઓ (એન.સી.આર.બી) મુજબ, ગુજરાતમાં એક વર્ષમાં બળાત્કારના ૪૩૯; જાતીય સતામણીના ૬૮૫; અપહરણના ૧૪૪૨ અને સાસરિયાં દ્વારા શારીરિક તેમજ માનસિક ત્રાસના ૬૦૫૨ જેટલા બનાવો પોલીસ દફ્તરે નોંધાયા છે; જ્યારે નહિ નોંધાયેલા તો અનેક બનાવો છે. દેશભરમાં ૨૦૦૯માં દુષ્કર્મના ૨૧૩૯૭; ૨૦૧૦માં ૨૨૧૭૨ અને ૨૦૧૧માં ૨૪૨૦૬ બનાવો નોંધાયા છે; નહિ નોંધાયેલી ઘટનાઓ તો અલગ! પુરુષપ્રધાન સમાજમાં અગાઉ પણ બળાત્કારની ઘટનાઓ બનતી હતી; આજે પણ બને છે; જો કે સ્ત્રીઓ હવે ખાસ્સી જાગૃત થઈ છે અને આ પ્રકારની કમનસીબ ઘટનાઓનો વિરોધ કરવાનું શરૂ કરી દીધું છે. આ સંદર્ભમાં સ્વરક્ષણના માર્શલ આર્ટ જેવા તાલીમી કાર્યક્રમોએ ખાસ્સો વેગ પકડ્યો છે.

દિલ્હી ગેંગરેપ વિરુદ્ધ થયેલા દેખાવોમાં દર્શાવાયેલાં પોસ્ટર્સમાં લખેલાં લખાણ સાર્થક હતાં: “નજર તેરી બૂરી ઔર પર્દા મૈં કરું!” “અમને જોઈએ સ્ત્રીઓની સલામતી”; “ટ્રીટ ગર્લ્સ વીથ રિસ્પેક્ટ; ધે આર નોટ અ ટોય ટુ પ્લે વીથ” વગેરે. ઘણા લોકોની સુફિયાણી સલાહો કે છોકરીઓએ મોડી રાત્રે બહાર ના નીકળવું, ટૂંકા વસ્ત્રો પરિધાન નહિ કરવાં વગેરે. સામે જોવા જઈએ તો વડોદરા-હાલોલમાં દિલ્હી ગેંગરેપના થોડા જ દિવસો પછી, અઢી વર્ષની બાળકી પર બળાત્કાર, પાવાગઢમાં સિત્તેર વર્ષની વૃદ્ધા પર બળાત્કારની ઘટનાઓ ઘટી; શું એ બધાંએ ટૂંકા વસ્ત્રો પહેર્યાં હતાં? વસ્ત્રો એ બળાત્કારને ઈજન આપતું મૂળ કારણ નથી. ખામી તો પુરુષની દૃષ્ટિમાં ને સંસ્કારોમાં છે. ઘણા પુરુષો દૃષ્ટિથી, શબ્દોથી, વર્તાવથી બળાત્કાર કરતા જોવા મળે છે. સ્ત્રીઓએ આમ કરવું અને તેમ ના કરવું જોઈએ એમ કહેનારાઓ જ બળાત્કાર કરનારાઓનો ન્યાય તોળતા હોય છે. ખરેખર તો દીકરાઓને સ્ત્રી સન્માનના સંસ્કાર આપવાથી જાતીય દુરાચારોના બનાવોમાં નોંધપાત્ર ઘટાડો જોવા મળશે. સ્ત્રીઓની સુરક્ષા અને સન્માન કાજે પ્રવર્તમાન અપર્યાપ્ત કાનૂની જોગવાઈઓ પ્રત્યે જાગૃત નાગરિકો અને નારી સંગઠનો વચ્ચે ગંભીર ચર્ચાઓ શરૂ થઈ છે. આ પ્રકારની શરમજનક ઘટનાઓ અટકે તે સારુ વિવિધ નારી સંગઠનોએ સમાજને જાગૃત થવા પડકાર ફેંકવા સાથે સરકાર સમક્ષ બળાત્કારની વ્યાખ્યા બદલવી જેવી કેટલીક રજૂઆતો પણ કરી છે, જેમાં કાયદામાં નિર્દિષ્ટ પ્રવર્તમાન બળાત્કારની વ્યાખ્યામાં ફેરફાર કરવાની જરૂરિયાત પર ભાર મૂકવામાં આવ્યો છે કારણ, સમય જતાં બળાત્કારના પ્રકારમાં પણ ફેરફાર આવ્યો છે. સ્ત્રીના શરીર પર શું એનો અધિકાર નથી? દામિનીના કિસ્સામાં તેના મૃત્યુ પાછળનું મહત્ત્વનું કારણ તેની પર કાયદામાં જણાવેલ વ્યાખ્યા પ્રમાણેનો બળાત્કાર નહિ; પરંતુ બળાત્કારીઓ દ્વારા તેના શરીરમાં લોખંડનો સળિયો નાખવાને કારણે થયું હતું. નારી સંગઠનો આ વ્યાખ્યામાં ફેરફાર કરવાની માગણી કરી રહ્યાં છે. બળાત્કારના લીધે સ્ત્રીનું આત્મ-સન્માન ઘવાય છે. એની શારીરિક કરતાં માનસિક હાલત વધુ ખરાબ થઈ જાય છે. જ્યારે જાતીય હુમલાઓ તો ક્યારેક બળાત્કાર કરતાં પણ વધુ પીડાદાયક, અપમાનજનક અને જીવલેણ નીવડે છે. નારી સંગઠનોની બીજી માગણી બળાત્કારીઓને કડક સજા આપવાની છે, જેથી બળાત્કારી આખી જિંદગી પોતાના દુષ્કૃત્યનો પશ્ચાતાપ કરે અને સજાના ભયથી બીજા લોકો પણ આવાં દુષ્કર્મ કરતાં અટકે. બળાત્કારની ઘટના સ્ત્રી માટે ઠાલી લાંછનરૂપ જ નહિ બલ્કે મૃત્યુ કરતાં પણ બદતર હોય છે. ફાસ્ટ ટ્રેક કોર્ટની રચના કરવાની માંગ પછવાડે પીડિતોને ત્વરિત ન્યાય મળે તે કારણ છે; જુવેનાઈલ એક્ટમાં સુધારો કરવાની માંગમાં અત્યાચારીની વય મર્યાદા ઘટાડવાની બાબત પર ભાર મૂકવામાં આવ્યો છે. ભોગ બનનાર બાળકીઓ કે સ્ત્રીઓની પોલીસ ફરિયાદ લેવામાં વિવેક જાળવવો, સંવેદના જાળવવી, બળાત્કારની ફરિયાદ કરનારને પોલીસ રક્ષણ આપવું, પીડિતાને શારીરિક તેમજ માનસિક સારવાર આપવી, તમામ પોલીસ મથકોને, પોલીસકર્મીઓની નિષ્ઠા માપવા સીસીટીવી કેમેરાની બાજ નજર હેઠળ મૂકવાં; શાળા, કોલેજોમાં તથા ખાસ કરીને રાત્રિના સમયે સાદા ગણવેશમાં મહિલા તથા પુરુષ પોલીસકર્મીઓનું સુરક્ષા કવચ પૂરું પાડવું. એક બિનસરકારી સંસ્થા તો એટલે સુધી કહે છે કે ‘યુવતીઓ અને મહિલાઓને સમાજ તેમ જ પરિવારમાં સન્માન, સમાનતા, સ્વાયતતા, સલામતી અને અધિકારો મળે તે સમયની તાતી જરૂરિયાત છે.’

> “હા, હું એ નારીશકિત છું જેને તમે કચડી નહિ જ શકો.”

સ્ત્રી માત્ર મજાક, ઉપેક્ષા, ઉપભોગ કે અત્યાચારનું સાધન નથી; પણ એક જીવંત વ્યક્તિ છે. તેનું આત્મ ગૌરવ જળવાવું જ જોઈએ. ૨૧મી સદીમાં સ્ત્રી જ્યારે દરેક ક્ષેત્રમાં પુરુષ સમોવડી બનીને પુરુષોને “ઓવરટેઈક” કરી રહી છે ત્યારે સ્ત્રીઓએ ગર્વ સાથે કહેવું પડશે કે “હા, હું એ નારીશક્તિ છું જેને તમે કચડી નહિ જ શકો.” ●



# નારી પ્રેમ - શક્તિનો અવિરત ધોધ

✍ મેકવાન રાજુભાઈ ગોપાલભાઈ

"નરનું જેણે સર્જન કર્યું તે નારી. નરનું જેણે લાલન-પાલન કર્યું તે નારી. નારી એટલે મમતાની મૂરત, વાત્સલ્યનું ઝરણું, પ્રેમની ઈમારત અને ક્ષમાની સરિતા."

દુનિયાની કોઈપણ સ્ત્રી અબળા નથી, સબળા છે કારણ કે જે સર્જનનું કાર્ય કરે છે તે ક્યારેય અબળા ન હોઈ શકે તે હંમેશા સબળા જ હોય. પરંતુ નર અર્થાત્ માણસે, આપણે સૌએ આજે નારીને નારાયણી બનાવવાને બદલે નર્કાગાર બનાવી મૂકી છે. કારણ કે નારીને ભોગવવા પડતાં બધાં જ દુઃખોના મૂળમાં પુરુષ અર્થાત્ નર રહેલો છે. પરંતુ આજના યુગમાં નારી એ નરથી આગળ નીકળી ગઈ છે. દરેક ક્ષેત્રમાં તેનું પ્રાધાન્ય જોવા મળે છે. કોઈપણ એવું ક્ષેત્ર બાકી નથી કે જેમાં નારીનાં પગલાં ન મંડાયા હોય. સિદ્ધિના એક પછી એક સોપાનો સર કરતી નારી આજે ધરતીનાં પટ પરથી અવકાશની ગહનતામાં વિહાર કરી રહી છે. કઠિન કાર્યોને સરળ બનાવીને વિકાસની કેડી પર ઝડપથી આગળ વધી રહી છે ત્યારે-

"આંખો મેં રખકર, પલકો સે સજાતી હૈ જીવન સચ પૂછો તો
કભી ધરા પર કભી આસમાન પર હોતી હૈ નારી"

અલબત આ વિકાસ માત્ર શહેર પૂરતો જ સીમિત છે. હજુ પણ ગામડાની ગોરીની દશામાં સહેજ પણ સુધારો થયો નથી. એ વાત અલગ છે કે સરકારી આંકડાઓ પ્રમાણે વિકાસનો આલેખ ઉંચો દર્શાવવામાં આવે. પણ જો આપણે જાતે ફિલ્ડ વર્ક કરીએ તો ખબર પડે કે આજની ગામડાની ગોરીમાં કોઈ પરિવર્તન આવ્યું નથી. હજુ પણ તેને સાક્ષર થવા માટે ફાંફા મારવાં પડે છે, હજુ પણ તે માત્ર બાર ધોરણ સુધી જ ભણી શકે છે. હજુ પણ તે માતા-પિતાની કહેવાતી આજ્ઞાઓનું પાલન કરીને પોતાનો વિકાસ રુંધે છે. જો કે માતા-પિતાને પણ કેટલીક બાબતોનો ભય રહેલો છે. જેમકે - દીકરીના શીલની ચિંતા, વધુ ભણાવવાથી વધારે સારો વર શોધવામાં પડતી તકલીફ, સમાજમાં અક્ષરજ્ઞાન ઓછું હોવાને કારણે દીકરીઓને ફરજિયાત ઓછું ભણાવવામાં આવે છે. આવા અને બીજા અનેક પરિબળોને કારણે નારીનો વિકાસ અટકે છે.

"મન મેં હૈ વિશ્વાસ, પૂરા હૈ વિશ્વાસ
હમ હોંગે કામયાબ એક દિન"

હજુ પણ આશાનું કિરણ ઝળહળે છે, શ્રદ્ધાના દીપક જલે છે. એક દીકરી બે ઘર તારે છે. દીકરીને પ્રકાશ, નારીનો પ્રકાશ ચારેય તરફ ફેલાશે. અને જ્યાં પ્રકાશ છે ત્યાં અંધકારનું સ્થાન જ ન હોઈ શકે.

આજના ફેશન અને મોજશોખના સમયમાં શહેરની નારીઓ પોતાના ચારિત્ર્યનું જતન કરવાનું ભૂલી ગઈ છે. સંસ્કારોનું સિંચન કરવાનું છોડી દીધું છે. ત્યારે એ વાત કહેવાનું મન થાય કે સમાજમાં ભલે ભૂખ્યા વરૂઓ ભટકતા હોય, પણ તેમાંથી આપણે સાચવીને ચાલતા શીખી જવાની જરૂર છે. કારણ કે સ્ત્રીઓએ નવસર્જનનું કાર્ય કરવાનું છે, સંસ્કારનું સિંચન કરવાનું છે. જો સ્ત્રી જ અસંસ્કારી હોય તો પછી પૂછવું જ શું? માટે પોતાની જાતને બચાવી, સફળતાની કેડી કંડારી પોતાની આગવી ઓળખ ઊભી કરવાની છે.

સુપ્રસિદ્ધ નવલકથા "સરસ્વતીચંદ્ર"ના ૪થા ભાગમાં ગોવર્ધનરામ માધવરામ ત્રિપાઠીએ સ્ત્રીઓની આદર્શ સ્થિતિનો ખ્યાલ આપતા લખ્યું છે કે - "સ્ત્રીઓ પંડિત થાય, શરીરે બલવંત, રોગહીન ને સુંદર થાય, યોગ્યતાના પ્રમાણમાં કુટુંબ બંધનમાંથી મુક્ત થાય, ને એ મુક્તતાથી, તે સ્વતંત્રતાથી કુટુંબ કલ્યાણ કરવાની શક્તિમાંથી ઉત્સાહી બને, બાળકોને પોષણ શક્તિ આપે, એકબીજાના સખા-સખી બની રહે." શ્રી ગોવર્ધનરામ ત્રિપાઠીનું આ સ્વપ્ન આજે કંઈક અંશે સાર્થક થઈ રહ્યું છે તેવું જણાઈ આવે છે. કારણ કે આજે સંસાર રથના બે ચક્ર પુરુષ અને સ્ત્રી બંને સાથે ચાલવાની દિશામાં આગળ વધી રહ્યા છે ત્યારે એક આશા બાંધી શકાય કે 'આજની નારી પુરુષ સમોવડી બની ગઈ છે.'

ઘરથી માંડીને દેશ ચલાવવા સુધી, સાઈકલથી માંડી વિમાન ચલાવનાર નારી આજે માતા, બેન, પત્ની તરીકે સિદ્ધિઓ સર કરી રહી છે ત્યારે એક કહેવત યાદ આવે - "દરેક સફળ પુરુષ પાછળ એક સ્ત્રીનો હાથ હોય છે." સો ટકા સાચી વાત

છે. દુનિયાનો ઈતિહાસ જોતાં આપણને તેના પુરાવાઓ મળી રહે છે સ્ત્રીની સફળતામાં 'સ્વત્વ'નો હાથ છે. આ હાથ એટલે આત્મવિશ્વાસ, કામ પ્રત્યેની ધગશ. કંઈક નવું કરવાની, શીખવાની તમન્ના, નીડરતા અને નીતિમત્તા જવાબદાર છે. માટે તો આજે કેટલાય ક્ષેત્રોમાં પુરુષોને પછાડીને પણ સ્ત્રીઓ આગળ નીકળી ગઈ છે.

"કરો કલ્યાણ કે જગતમાં નારી નથી
જાણે લીલા ઉપવનોમાં ફૂલોની ક્યારી નથી
બની ગયું છે સમસ્ત વિશ્વ આજે અનાથાલય
પકડવા સારું માની સાડીના પાલવની કિનારી નથી."

નારીનું તેજ અલૌકિક છે. દુનિયાની દરેક માતાઓ મહાન છે. અરે! ભગવાનને પણ માતાનું વાત્સલ્ય પ્રાપ્ત કરવા માટે નારીના કૂંખે અવતાર ધારણ કરવો પડે છે. આજનો માણસ દુનિયાનો મોટામાં મોટો ભિખારી છે. નાનો હતો ત્યારે માતાના પ્રેમ માટે તલસતો હતો. મોટો થયા પછી પત્નીના પ્રેમ માટે તલસે છે. તેને ખબર છે માતા કે પત્નીના રૂપમાં રહેલી નારી એ પ્રેમનો પર્વત છે. પ્રેમના પર્વતને ઓળંગી ન શકાય, સ્ત્રી સ્વર્ગનું દ્વાર છે.

"હમ હૈ હિંદ કી નારીયા, જલતી ચિનગારીયાં
કોઈ હમેં કહે ના કહે, હમ હે તુલસી કી ક્યારિયાં" ●


## મિશનરીસ ઓફ ચેરિટી બ્રધર્સ

પ્રિય નવયુવાનો, શું તમે અમારા મંડળનાં સ્થાપિકા મધર ટેરેસાના જીવનમાં ભાગીદાર થઈ

- ઈસુના અગાધ પ્રેમનો અનુભવ કરવા માગો છો?
- શું તમે સંપૂર્ણ જીવન, પ્રાર્થનામય જીવન તથા સામૂહિક જીવન જીવવા માગો છો?
- શું તમે ગરીબોમાં ગરીબની સેવા કરવાની ઈચ્છા રાખો છો?

કદાચ તમારા જીવનના આંગણે ઈશ્વરની હાકલનો અનુભવ થઈ રહ્યો હોય અને વિશેષ પ્રેરણા પ્રત્યે આકર્ષણ હોય તો અમારા આંતરરાષ્ટ્રીય ધર્મસમાજ મિશનરી ઓફ ચેરિટી તમારા જેવા ઉદાર, ઉત્સાહી તથા કર્મશીલ યુવક મિત્રોનું હાર્દિક સ્વાગત કરે છે. કૃપા કરીને આજીવન ધર્મબંધુ બનવા માટે સંપર્ક કરો.

:: સંપર્ક કરો ::

| | | |
|---|---|---|
| Missionaries of Charity<br>7, Mansatala Row<br>Kidderpore, Kolkata<br>West Bangal - 700 023<br>(Tel. 033-2449 7080) | Missionaries of Charity<br>P.O. Nunna,<br>Dit. Krishna<br>Andhra Pradesh - 521 212<br>(Tel. 0866-222 0318) | Shanti Daan<br>Missionaries of Charity<br>L.T. Road, Goral Creek<br>Borivvali (w),<br>Mumbai 400 091<br>Maharastra.<br>(Tel. 022-2867 1362) |

**લાયકાત:** ઓછામાં ઓછું ધોરણ ૧૦ પાસ



**વેકેશન બેચ... લોયોલા ટ્રેનિંગ સેન્ટર, (I.T.I)નડિયાદ ...પ્રવેશ જાહેરાત**

## Spoken English with Computer

આધુનિક યુગમાં કમ્પ્યુટર અને અંગ્રેજી શીખવું એ આજના દરેક માનવીની **જરૂરીયાત** છે. અમારી સંસ્થા ખાતે અત્યાધુનિક ટેકનોલોજી ધરાવતી "ઈંગ્લીશ લેંગ્વેજ લેબ" માં પોતાની જાતે કમ્પ્યુટર ઉપર ફટાફટ અંગ્રેજી શિખવાની સાથે કમ્પ્યુટરની નવી બેચ એપ્રિલ ૨૦૧૩થી શરૂ થાય છે, જેમાં પ્રવેશ કાર્યવાહી ચાલું છે.

**સમયગાળો: બે માસ (એપ્રિલ–મે, ૨૦૧૩)**

**બેચની શરૂઆત તા:૨/૪/૨૦૧ ૩થી થશે**

**દરરોજ ૪ કલાક થીયરી/પ્રેક્ટીકલ**

**પ્રવેશ લાયકાત: ધો.૧૦ થી આગળ અભ્યાસ કરેલ હોય તે દરેક માટે**

♦ આગામી વેકેશન દરમ્યાન ધો.૧૦ થી આગળ અભ્યાસ કરનાર વિદ્યાર્થીઓ તેમજ નોકરિયાત માટે હાલના વેકેશનનો સદઉપયોગ ♦ સ્પોકન ઈંગ્લીશ શિખવા માટે "ઈંગ્લીશ લેંગ્વેજ લેબ" તથા કમ્પ્યુટર શિખવા માટે અલગ કમ્પ્યુટર લેબ દ્વારા વિદ્યાર્થી દીઠ અલગ-અલગ અને પર્સનલ કમ્પ્યુટર ઉપર પ્રેકટીકલ તેમજ થીયરી તાલીમની વ્યવસ્થા ✲ બહાર ગામના વિદ્યાર્થીઓ માટે સંસ્થાકીય હોસ્ટેલની સુવિધા ઉપલબ્ધ છે

સ્પોકન ઈંગ્લીશ સાથે કમ્પ્યુટર કોર્ષ ફી રૂા. ૪,૨૦૦/–
વેકેશન બેચ બે માસ માટે હોસ્ટેલ ફી રૂા. ૧,૮૦૦/–

જાહેર રજાના દિવસે તથા મહિનાના બીજા/ચોથા શનિવારે કલાસમાં રજા રહેશે.

**ફક્ત બહેનો માટે "ફ્રન્ટ ઓફિસ મેનેજમેન્ટ" સેક્રેટરીયલ સંસ્થાકીય કોર્ષ જૂન-૨૦૧૩થી શરૂ થશે.**

**વધુ માહિતી માટે સંપર્ક કરો.**

ડાયરેક્ટરશ્રી, લોયોલા ટ્રેનિંગ સેન્ટર, વૈશાલી રોડ, નડિયાદ–૨. ☎:(૦૨૬૮) ૨૫૫૮૫૬૫

# ક્રિશ્ચિયન યુથ માટે આણંદ ખાતે UPSC (IAS, IPS etc)નો તદ્દન ફ્રી સેમિનાર

માર્ચ મહિનાના પ્રથમ અઠવાડિયામાં UPSC (IAS, IPS etc)ની examની જાહેરાત આવવાની છે. જેમાં આપણાં મહેનતું વિદ્યાર્થીઓ પાસ થઈ શકે તેમ છે. જેનું સચોટ કારણ એ છે કે ૨૦૦૫ પછી આ પરીક્ષા હવે ગુજરાતીમાં થઈ ગઈ છે. ૧૯૯૨ થી ૨૦૦૪ સુધીમાં ફક્ત ૨૮ વિદ્યાર્થીઓ ગુજરાત ખાતે સફળ થયાં હતાં. જેમાંથી માત્રને માત્ર ત્રણ વિદ્યાર્થીઓ જ IAS હતાં બાકીના અલાઈડ સર્વિસીસ જેવી કે ઈન્ડીયન ઈકોનોમી સર્વિસ કે ઈન્ડિયન પોસ્ટલ સર્વિસ વગેરેમાં ઉત્તીર્ણ થયા હતા. જ્યારે ૨૦૦૫થી ૨૦૧૧ સુધીમાં ફક્ત ૫૧ વિદ્યાર્થીઓ પાસ થયા હતા જેમાંથી IAS તો ફક્ત ૧૭ જણ જ હતાં.

આ પરીક્ષાની વિગતે ફેકલ્ટી દ્વારા જ સમજૂતી આપતો સેમિનાર, જેમના હૈયામાં યુવાઓનું હિત વસેલું છે તેવાં સરળ-નિખાલસ યુથ ડાયરેક્ટર ફા. નગીનના પ્રેમ પરિશ્રમ દ્વારા તા. ૧૦-૦૩-૨૦૧૩ના સવારે દસ વાગ્યે સેંટ ફ્રાન્સિસ પેરીશ યુથના ઉપક્રમે ગામડી-ચર્ચના કોમ્યુનીટી હોલ ખાતે યોજવામાં આવેલ છે. વિદ્યાર્થીઓ માટે સ્વાદિષ્ટ-પૌષ્ટિક ભોજનની વ્યવસ્થા પણ રાખેલ છે.

યુવામિત્રો, સેમિનારમાં ભાગ લેવા માટે ઊઠાવો તમારો મોબાઈલ અને કરો ફક્ત એક SMS તમારાં નામ, સરનામાં, લાયકાત અને ઉંમરનો આથી તમારું ઓટોમેટીક રજીસ્ટ્રેશન થઈ જશે. (ફક્ત ગ્રેજ્યુએટ થયેલ ઉમેદવારે જ SMS કરવો)

**(૧) ફા. નગીન (મો.: ૯૪૨૯૯ ૨૭૦૧૬)** **(૨) શ્રી. રાજુલભાઈ બિપિનભાઈ આઝાદ (મો.: ૯૯૨૪૮ ૯૮૫૯૪)**

**જાહેરાતઃ** આ ફોર્મ ભરવાની વેબસાઈટ છે.: http://www.upsc.gov.in છે. સામાન્ય ઉમેદવાર માટે વયમર્યાદા ૨૧થી ૩૦ વર્ષ અને વધારેમાં વધારે ચાર જ પ્રયત્ન છે. OBC ઉમેદવાર માટે વયમર્યાદા ૨૧ થી ૩૩ વર્ષ વધારેમાં વધારે સાત જ પ્રયત્ન છે. જ્યારે SC/ST ઉમેદવાર માટે વયમર્યાદા ૨૧ વર્ષ અને પ્રયત્નો પણ ગમે તેટલાં કરી શકે છે.

**નોંધઃ** UPSCની exam 'ક્રેક' કરવાની ખેવના ધરાવતાં ખંતીલા ક્રિશ્ચિયન વિદ્યાર્થીઓ માટે સળંગ એક વર્ષ સુધીના દરરોજ નિયમિત SPIPA ટાઈપના ક્લાસીસ અમદાવાદ ખાતે યોજાશે. બહારગામના ક્રિશ્ચિયન વિદ્યાર્થીઓને રહેવા-જમવાની ઉત્તમ વ્યવસ્થા પણ કિફાયત દરે ગોઠવી આપવામાં આવશે. વધુમાં ગુજરાત વિદ્યાપીઠની લાયબ્રેરીમાં સવારે ૮-૦૦થી રાત્રીના ૮-૦૦ સુધી વાંચનની વ્યવસ્થા પણ તદ્દન મફત શ્રી. રાજુલભાઈ બિપિનભાઈ આઝાદ તરફથી ગોઠવી આપવામાં આવશે. વિદ્યાર્થીની જરૂરિયાત પ્રમાણે ગૂજરાત વિદ્યાપીઠની કેન્ટીનમાં એક ટંક ભોજનની વ્યવસ્થા કે પછી ચા-નાસ્તાની વ્યવસ્થા પણ રાહત દરે ગોઠવી આપવામાં આવશે.

ગુજરાતી કેથોલિક સમાજ, વડોદરા આયોજિત

# જીવનસાથી પસંદગી મેળો

**સંભવિત સમયઃ** મે ના પ્રથમ/બીજા સપ્તાહમાં.

**સ્થળઃ** સંત જોસેફ શાળા, છાણી રોડ, વડોદરા

**પ્રવેશ ફીઃ** રૂા. ૨૦૦/- (ઉમેદવાર + બે સ્વજન)

**<u>ફોર્મ સંપર્ક</u>**

વડોદરા : પ્રમુખ, ગુ. કે. સમાજ (મો. ૭૩૮૩૫ ૧૪૨૩૮)

આણંદ : શીલાબેન રાઠોડ (મો. ૯૩૭૫૩ ૨૮૨૦૭)
કનુભાઈ પરમાર (મો. ૯૮૨૪૪ ૮૯૩૪૪)

નડીઆદ : બાસીલભાઈ પરમાર (મો. ૯૪૨૭૮ ૫૯૫૦૪)

પેટલાદ : ઈસુદાસ વાઘેલા (મો. ૯૯૨૫૬ ૫૧૫૫૮)

અમદાવાદ : જેરોમ ઝીન્ટો (મો. ૯૯૭૮૧ ૩૮૩૨૩)

સુરત : આલોઈસ મેકવાન (મો. ૯૪૨૭૪ ૨૬૪૦૬)

ભરૂચ : કિરીટ પીપલગવાળા (મો. ૯૯૭૪૪ ૧૦૫૪૯)

"શ્રદ્ધાવર્ષ" નિમિત્તે અમદાવાદ ધર્મપ્રાંતીય યાત્રા સમિતિ આયોજિત

## પુણ્યભૂમિ યાત્રા, મે – ૨૦૧૩

| :: સ્થળ :: | :: ફી :: |
|---|---|
| ઈઝરાયેલ, પેલેસ્ટાઈન<br>ઈજીપ્ત અને જોર્ડન | રૂા. ૭૫,૦૦૦/-<br>(૧૦ દિવસ) |
| ઈઝરાયેલ, પેલેસ્ટાઈન, ઈજીપ્ત,<br>જોર્ડન અને દુબઈ સીટી ટૂર | રૂા. ૮૫,૦૦૦/-<br>(૧૧ દિવસ) |

## યુરોપ યાત્રા પ્રવાસ, મે – ૨૦૧૩

**સ્થળઃ** ફ્રાન્સ, ઈટાલી, પોર્ટુગલ, સ્પેન અને સ્વીત્ઝરલેન્ડ
**ફીઃ** રૂા. ૧,૭૭,૦૦૦/- (૧૫ દિવસ)

**–: વિશેષ નોંધ :–**

તા. ૧૫મી ફેબ્રુઆરી, ૨૦૧૩ સુધીમાં પાસપોર્ટ સાઈઝના ત્રણ ફોટા, પાસપોર્ટની બે કોપી સાથે ફી ભરવાની રહેશે.

**–: આજે જ સંપર્ક કરો :–**

ફાધર એસ. જસ્ટીનઃ મો. ૯૮૯૮૫ ૪૫૧૪૩
ફાધર પીટર ડીસાઃ મો. ૯૪૨૭૫ ૨૨૨૮૪
ફાધર ટાઈટસઃ મો. ૯૪૨૬૦ ૬૧૭૦૪





PRAYER IS POWER

Judi was a lovely boy. He would ask his mummy or daddy whatever he needed personally or for studies. His parents liked him immensely. Do you know why? Judi used to keep his things neat and tidy. As soon as he got up and finished his personal cleaning, etc. he would clean the house and garden after sufficient time in prayer.

His teachers would very often repeat:

CLEANLINESS IS NEXT TO GODLINESS.

Therefore, he was very particular about his personal hygiene, environmental neatness and holiness of the soul.

The most interesting thing in him was that he trained his pet dog too to join him in his prayer. Because of his daily prayer he would study well and score very good marks.

When even the dog prays

SHOULD I NOT PRAY TO GOD DAILY?

FRIENDSHIP OR PRIZE?

Benitto, Britto and Jegan were thick friends. They were having combined studies. Sometimes they even forgot to take meals. They were so seriously preparing for their examinations. Half - Yearly exam came. They were, in fact, competing with each other in a healthy

way. They had agreed that whoever got the highest marks in the half-yearly exam would be awarded a costly prize by the other two.
Examination was going on very smoothly. The invigilator was very keenly observing the examinees. Benitto was sitting on the back bench in the hall. The Invigilator was standing near the first row. Benitto looked down, under the desk in front of him. There was a piece of paper lying down which contained answers to some of the questions. That had fallen down from the pocket of the boy who was sitting in front of him.

Benitto was tempted to take that 'answer-bit' and answer better so that he could score the highest marks and get the award. But, he saw Britto and Jegan writing their exams very seriously and sincerely.

He thought for a while. His conscience pricked. He realized that when his dear friends were so sincere he should never do any malpractice and cheat them  Hence, he threw that 'answer-bit' and continued answering the questions with utmost sincerity and honesty.  Friendship won.



## IF THIS HAPPENS?

Abilash was a mischievous boy. His parents tried their level best to correct and control him, but in vain.

His father attended the ‘Parents’ Meeting' in his school. His teachers also made the same complaint. A few of his neighbours too attended that meeting. They launched many complaints against him.
One said that Abilash had stolen the mangoes from his mango grove.  Another said that he had taken away a costly pen from the school-bag of her son in Abilash's class.
This list of complaints was becoming longer and longer. Observing all these, his father was about to

swoon. Abilash who was listening to all these, started imagining what would happen if he had to continue in the same fashion. He saw a picture of himself in the way of punishment.



He was really frightened. He started sobbing in front of everybody there. He said, "I will never do such things in future. I have realised my mistake; my dad and all the parents, please forgive me; I will turn to be a good son to all of you!"
Everybody was moved; not only his father, but many parents embraced him and accepted him as their good son.

WHERE AM I GOING?

Jeeva was a vendor. He had a petty shop in his village. For the sake of carrying the load from the market in the nearby town he bought a donkey, and he fed it very well. One day he led the donkey to the town for bringing the things home.
On the way to the market he thought that his donkey was not carrying anything and, therefore, he got on its back. Unfortunately that donkey could not contain the weight of Jeeva. It started running helter skelter. Jeeva could not control the donkey. He held it fast and let it run in its own direction.



His friend Jerry met him on the way. He said, “Jeeva, where are you rushing so fast on the donkey?”
“I am sitting on the donkey’s back, it is true; but, I do not know where I am going; if you are so eager to know my destination you can run along with my donkey and enquire; it may tell you where it goes; then tell me, so that I can also know where I am going!” Jeeva said desperately.

LESSON : AM I SURE OF MY LIFE -JOURNEY?

# MAKE THEM SPEAK

*P.Ribes, S.J.*

## By your language they will know what you are

Some shepherds, up in the snowy mountains, could not figure out why the number of sheep coming to rest for the night in their sheepfold kept increasing day by day. They suspected that some animals, disguised like sheep, were intruding into the sheepfold to save themselves from the cold wintry nights. However much the shepherds tried to sort out which sheep were theirs and which were intruders, they couldn't find it...So cleverly, the fakes were disguising themselves!

One day, a young shepherd told his confreres: "Leave it to me. Tonight I'll sort out for you which are true sheep and which are fakes". "How will you manage," they asked him. "Very simple", he said, "I'll make them speak. By their speech you will know them". That night, our young shepherd stood at the gate of the sheepfold.

When the first sheep was about enter the sheepfold, he gave him a mighty kick. In pain, the sheep **bleated** aloud: **"bee…bee... bee**…" "This is a sheep", he told his companions, "Take him in!" When he kicked the second one, the sheep **barked** "**vow, vow…vow...!" "**This is not a sheep, it's a dog!" The young shepherd shouted, "Chuck him out of the fold!" when our smart shepherd kicked, a third sheep, it furiously began to squeal **"meaow...** **Meaow! meaow..."** The shepherd shouted: "This is a big malicious cat! Throw him out!" When he kicked the next sheep, it **growled: "grrrr... grrrr… grrr…"** "Gosh!" our young shepherd shouted: "This is a dirty pig! Kick him out." ***That night only the true sheep cozily slept in the safety of the sheepfold. All fakes and intruders froze in the biting cold of the wintry night.***

## FOOD FOR THOUGHT

**Mind your language**
**Your language will grace or disgrace you!**
**By your language they will know who and what you are**
**Cosmetics and clothing can fake you, not your speech**
**From the abundance of your heart, your mouth speaks**
**Your speech betrays the health or the rottenness of your heart**



# કિશોરમિત્ર

માર્ચ, ૨૦૧૩

દેવા જીવનદાન, દેવા જીવનદાન;
મૃત્યુ ઉપર વિજય મેળવી આવ્યા ઈસુ ભગવાન;
ગાઓ રે, ગાઓ વિજયનાં ગાન!

## પ્રાર્થનાનું મહત્ત્વઃ



જોની ખૂબ આજ્ઞાંકિત અને સમજદાર બાળક હતો. તેના માતા-પિતા જોનીને ખૂબ ચાહતાં. જોની પોતાના માટે કે અભ્યાસ માટે કોઈ વસ્તુ/સામગ્રી માંગતો તો તેઓ ખુશીથી લાવી આપતા. જોની ખૂબ વ્યવસ્થિત બાળક હતો. દરરોજ સવારે તે પહેલાં ઊઠી જતો. નિત્યક્રમ પતાવી તે ઘરની સાફ સફાઈ તથા બગીચાનું કામ પણ કરતો. દરરોજ નિયમિતપણે તે પ્રાર્થનામાં પણ સમય ગાળતો. નાહી-ધોઈને સ્વચ્છ અને સુઘડ રહેતો.

તેના શિક્ષક ઘણી વખત મુહાવરો ટાંકતા – સ્વચ્છતા ત્યાં પ્રભુતા.

આ સલાહને અનુસરી જોની પોતાની સ્વચ્છતા, પર્યાવરણની જાળવણી અને પ્રાર્થના દ્વારા આત્માની શુદ્ધિ માટે સભાનપણે પ્રયાસ કરતો. તેણે તેના પાલતું કૂતરાને પણ પ્રાર્થના સમયે પોતાની સાથે શાંત બેસી રહેતાં શીખવ્યું હતું. પ્રાર્થના વડે મનની શાંતિ મેળવી જોની એકાગ્રપણે અભ્યાસ કરતો. તેથી તે પરીક્ષામાં જ્વલંત સિદ્ધિ મેળવતો.

બાળમિત્રો, જોનીનો કૂતરો પણ પ્રાર્થનામાં ધ્યાનથી બેસતો. શું આપણે પણ નિયમિત રીતે ઈશ્વરની પ્રાર્થના ન કરવી જોઈએ?

## કોણ ચડે - મિત્રતા કે ઈનામ?



લોરેન્સ, ટેરેન્સ અને ક્લેરેન્સ ખાસ મિત્રો હતા. ત્રણે એક જ વર્ગમાં ભણતા. પરીક્ષાની તૈયારી માટે સાથે બેસીને અભ્યાસ કરતા. ત્રણે ભાઈબંધો વચ્ચે એક પ્રકારની તંદુરસ્ત હરિફાઈ જોવા મળતી. વાર્ષિક પરીક્ષા નજીક આવી પહોંચી. ત્રણે મિત્રોએ નક્કી કર્યું કે ત્રણમાંથી જે કોઈને વધુ સારું રિઝલ્ટ આવશે તેને બાકીના બે જણ ઈનામ આપશે.

પરીક્ષાનો દિવસ આવી પહોંચ્યો. પરીક્ષાખંડમાં બધાં બાળકો પેપરના જવાબ લખવામાં મશગૂલ હતા. વર્ગ નિરીક્ષક બધાં બાળકો પર નજર રાખી રહ્યાં હતાં. ટેરેન્સનો નંબર છેલ્લી બેંચ પર હતો. અચાનક તેનું ધ્યાન નીચે ગયું. તેના પગ પાસે એક ચિઠ્ઠી પડેલી જોઈ. કાપલીમાં પરીક્ષામાં પૂછેલા અઘરા સવાલના જવાબ હતા. આ ચિઠ્ઠી ટેરેન્સની આગળ બેઠેલ બાળક ચોરી કરવાના ઈરાદે લાવ્યો હતો.

ટેરેન્સનું મન લલચાયું. તેણે વિચાર્યું કે જો નીચે પડેલી કાપલીમાંથી જોઈને જવાબ લખે તો શક્ય છે કે તેના વધુ માર્ક આવે. અને તેના બાકીના બે મિત્રો પાસેથી ઈનામ પણ મળે. તેણે વર્ગમાં નજર ફેરવી તો જોયું કે લોરેન્સ અને ક્લેરેન્સ પોતાના જવાબો લખવામાં મગ્ન હતાં.

ટેરેન્સે થોડો વિચાર કર્યો. નીચે પડેલ કાપલીમાંથી ચોરી કરવાની ઈચ્છા બદલ તેનો અંતરઆત્મા ડંખ્યો. તેના દિલમાંથી એક છૂપો સંદેશ મળ્યો કે ગમે તે થાય પરંતુ ખોટી રીતે - ચોરી કરીને - વધુ માર્ક મેળવવા તે ગૂનો છે. ટેરેન્સે પોતાના

અંતરઆત્માના અવાજને અનુસરવાનું નક્કી કર્યું. પેલી કાપલી તરફથી ધ્યાન હટાવી લઈને તે પોતાનું પેપર લખવામાં મગ્ન થઈ ગયો.

પ્રમાણિક્તા અને મિત્રતાનો વિજય થયો.

**સંત કાશ્મીર - પોલેન્ડના રક્ષક સંતઃ** સંત કાશ્મીરનો જન્મ ૧૪૫૮માં પોલેન્ડના રાજવી પરિવારમાં થયો હતો. તેઓ ખૂબ ધાર્મિક વૃત્તિવાળા હતા. શ્રદ્ધાપૂર્વક નિયમિત પ્રાર્થના કરતાં. ખૂબ નાની ઉંમરે તેમણે હંગેરીના રાજા તરીકે પદ સંભાળ્યુ હતું. પરંતુ કાશ્મીરને તો પદ અને સત્તાની કોઇ લાલસા ન હતી. તેથી તેઓ પોતાના વતન પાછા ફર્યા. ત્યાં તેમના પિતાએ પોતાના અનુગામી તરીકે તેમની નિમણૂંક કરી. પરંતુ તેમણે નમ્રપણે રાજગાદીનો અસ્વીકાર કર્યો. મૃત્યુપર્યંત તેઓ કુંવારા રહ્યાં હતાં.

રાજકુંવર હોવા છતાં તેઓ સતત ગરીબ, અનાથ, તરછોડાયેલાં, બીમાર, વિધવા, વિકલાંગ લોકો સાથે સમય ગાળતાં તેમને બનતી બધી મદદ કરતાં.

૨૩ વર્ષની યુવાવયે તેમનું મૃત્યુ થયું હતું. મૃત્યુના ૧૨૨ વર્ષ પછી જ્યારે તેમની કબર ખોલવામાં આવી તો કબરમાંથી ખુશ્બુદાર મહેંક ચારે તરફ ફેલાઈ ગઈ. આ સુગંધ તેમના પ્રેમાળ હ્રદય અને નિર્મળ આત્માની ખાતરી કરાવતી હતી.

સંત કાશ્મીરના જીવનમાંથી આપણે નિર્મળ રહેતાં શીખીએ. સત્તા અને પદની ઘેલછા ન રાખતાં માનવબંધુની સેવા કરીએ. ધર્મસભા માર્ચની ૪થી તારીખે સંત કાશ્મીરનો તહેવાર ઉજવે છે.

### "બેટા, મારી આજ્ઞા છે, ઊઠ."

યાઈર નામે સભાગૃહનો એક અધિકારી પ્રભુ ઈસુ પાસે આવ્યો. તેની ૧૨ વર્ષની દીકરી અત્યંત ગંભીર માંદગીમાં સપડાયેલ હતી. ઈસુને પોતાની સાથે પોતાના ઘેર લાવી બાળકીને સાજી કરવા તેણે વિનંતી કરી. યાઈરની વિનંતીને ધ્યાનમાં લઈ ઈસુ તેની સાથે તેના ઘેર જવા નીકળ્યા. તેઓ અડધે રસ્તે પહોંચ્યા ત્યાં જ યાઈરના ઘેરથી સંદેશો આવ્યો કે બાળકીનું મૃત્યુ થયું છે. પ્રભુ ઈસુએ યાઈરને શ્રદ્ધા રાખવા જણાવ્યું, અને મુસાફરી ચાલુ રાખી.

જ્યારે તેઓ યાઈરના ઘેર પહોંચ્યા તો શોકમગ્ન વાતાવરણ જોવા મળ્યું. સગાસંબંધીઓ ટોળે વળ્યાં હતાં અને જોરજોરથી રડતાં હતાં. ત્યાં પહોંચીને વિલાપ કરતાં લોકોને ઉદ્દેશીને ઈસુએ કહ્યું, "શા માટે રડો છો? છોકરી મરી ગઈ નથી. પરંતુ શાંતિથી ઊંઘે છે." જે ઓરડામાં બાળકીનો મૃતદેહ રાખવામાં આવ્યો હતો. તે ઓરડામાં પ્રભુ ઈસુ બાળકીના માતા-પિતા અને પોતાના ત્રણ શિષ્યો સાથે પ્રવેશ્યા. છોકરીનો હાથ પકડીને તેમણે તેને કહ્યું, "બેટા, મારી આજ્ઞા છે, ઊઠ" ઈસુનો આદેશ મળતાં જ મૃત્યુ પામેલી બાળા ઊભી થઈ ગઈ. તે સજીવન થઈ હતી.



ક્રોસ પરના મૃત્યુ પછી ત્રીજે દિવસે આપણા પ્રભુ ઈસુ પણ સજીવન થયા છે. આપણી શ્રદ્ધા છે કે આપણે પણ જરૂરથી સજીવન થઈશું. અને સજીવન થવા મૃત્યુ સુધી શા માટે રાહ જોઈએ. પ્રભુ ઈસુ પર ખરા દિલથી શ્રદ્ધા રાખીએ તો આપણી નબળાઈઓ, નિષ્ફળતા વગેરે પર વિજય મળશે અને નવજીવન પામીશું. ઈસુ પર શ્રદ્ધા રાખીએ અને તેમની મહાનતા અને સત્યને અનુભવીએ.

(પ્રવૃતિઃ ઉપરોક્ત પ્રસંગ વાંચો - સંપૂર્ણ બાઈબલ માર્ક ૫ઃ ૨૧ થી ૪૩)

### માફીની ખુશીઃ

અભિલાષ ખૂબ જ તોફાની બાળક હતો. માતા-પિતાની કોઈ વાત કાને ધરતો નહીં.

શાળામાં વાલીઓની મિટીંગ હતી. અભિલાષના પિતા તે મિટિંગમાં હાજરી આપવા ગયા હતા. ત્યાં બધાં શિક્ષકોએ પણ અભિલાષની ફરિયાદ કરી. વળી ત્યાં આવેલાં બીજા વાલીઓએ પણ ફરિયાદમાં સૂર પૂરાવ્યો.

એક વાલીએ જણાવ્યું કે અભિલાષે તેમના આંબાવાડિયામાં ઘૂસી જઈ કેરીઓ ચોરી હતી. બીજા એક વાલીએ ફરિયાદ કરી કે અભિલાષે તેમના પુત્રની મોંઘી પેન ચોરી લીધી છે. અભિલાષ તેના પિતા સાથે ઊભો હતો. તેના પિતા શરમિંદા થઈ ગયા હતા. તેમને ખૂબ ગુસ્સો આવ્યો. અભિલાષને લાગ્યું કે હવે તેનું આવી જ બન્યું. તેને લાગ્યું કે તેના પિતા તેને સજા કરશે. (ચિત્રમાં દર્શાવ્યું છે તે પ્રમાણે) તે ખૂબ ડરી ગયો. તેના ગળે ડૂમો બાઝી ગયો. અને તે ડૂસકાં ભરવા લાગ્યો. રડતાં રડતાં તે બોલ્યો, "મને

મારી ભૂલ સમજાઈ ગઈ છે. હવેથી હું કદી આવી ભૂલ નહીં કરું. હું બધાંની માફી માંગુ છું. હવેથી હું સારો બાળક બનીશ. મને માફ કરી દો.”

હાજર બધાં લોકોને અભિલાષનો પસ્તાવો સ્પર્શી ગયો. તેના પિતાએ અભિલાષને છાતીસરસો ચાંપી લીધો. બીજા વાલીઓએ પણ તેને માફ કરી દીધો અને તેના પ્રત્યે પ્રેમ દર્શાવ્યો.



### જીવનપંથ:

જીવાભાઈ એક દુકાનદાર હતા. ગામમાં તેમની કરિયાણાંની નાનકડી દુકાન હતી. બાજુના શહેરમાંથી દુકાનનો માલસામાન લાવવા તેમણે એક ગધેડો ખરીધ્યો. બરાબર ખવડાવીને ગધેડાને અલમસ્ત બનાવ્યો. થોડા દિવસ પછી ગધેડાને લઈને તેઓ બાજુના શહેરે સામાન ખરીદવા ગયા.

રસ્તામાં જીવાભાઈએ વિચાર્યું કે ગધેડાની પીઠ ઉપર કોઈ સામાન નથી. આથી તેઓ કૂદીને ગધેડા ઉપર બેસી ગયા. ગધેડો જીવાભાઈનું વજન ઝીલી ન શક્યો અને આમ - તેમ દોડવા લાગ્યો. જીવાભાઈ ગભરાઈ ગયા. તેમણે જોરથી ગધેડાની ગરદન પકડી રાખી. ગભરાઈને ગધેડો આડો અવળો ભાગતો રહ્યો.

રસ્તામાં જીવાભાઈના મિત્ર મળી ગયા. મિત્રએ પૂછ્યું, “જીવાભાઈ, ગધેડા ઉપર બેસી ઊતાવળે ક્યાં જાવ છો?” જીવાભાઈ બોલ્યા, “મને તો ખબર જ નથી કે હું ક્યાં જઉં છું. જો તારે જાણવું જ હોય તો ગધેડાની સાથે સાથે દોડ અને ગધેડાને જ પૂછી જો. અને જો ગધેડો તને જણાવે તો મને પણ કહેજે જેથી મને ખબર પડે કે હું ક્યાં જઈ રહ્યો છું.”

શું આપણને ખબર છે આપણે કઈ તરફ જઈ રહ્યાં છીએ. હે પ્રભુ, મુજ જીવનપંથ ઉજાળ....

### હિંમત રાખો - સફળતા પામો:

થોડા વર્ષો પહેલાં એક વખત રાતના સમયે હું બસમાં મુસાફરી કરી રહ્યો હતો. જ્યારે હું મારા ગંતવ્ય સ્થાને પહોંચ્યો તો મધરાત થઈ ગઈ હતી. ઘોર અંધારી રાતે બસ સ્ટેન્ડથી મારે લગભગ એકાદ કિલોમીટર દૂર જવાનું હતું. રાત્રિના સમયે કોઈ સાધન મળે તેમ નહોતું. આથી મારો સામાન ઉપાડી હું ચાલવા માંડ્યો. શિયાળાની અંધારી રાત્રે સુમસાન રસ્તા પર હું એકલો જ ચાલતો જતો હતો.



થોડો દૂર ચાલ્યો હોઈશ ત્યાં જ બાજુની શેરીમાંથી એક કૂતરો મારા તરફ ધસી આવ્યો. પળભર હું ગભરાઈ ગયો. અચાનક ડાઘિયા કૂતરાના હુમલાથી સ્તબ્ધ થઈ ગયો. પરંતુ મેં હિંમત દાખવી. એકદમ નીચા નમીને જમીન પરથી પથ્થર ઉપાડતો હોય તેવો દેખાવ મેં કર્યો. મને જમીન પર વળેલો જોઈ કૂતરો પાછો ગલી તરફ ભાગી ગયો. અને દૂર ઊભો રહી મારી તરફ ભસવા લાગ્યો. મેં આગળ વધવાનું ચાલું રાખ્યું.

આ પ્રસંગથી મને એક બોધપાઠ શીખવા મળ્યો. જિંદગીની સફરમાં મુશ્કેલીઓ તો આવશે જ. પણ જો આપણે હિંમતથી મુશ્કેલીઓનો સામનો કરીએ તો જરૂરથી નિર્ધારિત લક્ષ્ય પામી શકીએ.

**સાર:** પોલ વોલ્ટ (વાંસકૂદ)ની રમતમાં વાંસડાને જો થોડો વાળીને કૂદીએ તો વધુ ઊંચે કૂદી શકાય, અને લક્ષ્ય પાર પાડી શકીએ.

### માર્ચ માસના મહત્ત્વના દિવસો:

૪ માર્ચ - રાષ્ટ્રીય સુરક્ષા દિન
૮ માર્ચ - વિશ્વ સાક્ષરતા દિન અને
આંતરરાષ્ટ્રીય મહિલા દિન
૧૨ માર્ચ - દાંડીકૂચ દિન
૨૧ માર્ચ - વિશ્વ વન દિન
૨૨ માર્ચ - વિશ્વ જળ દિન
૨૩ માર્ચ - વિશ્વ હવામાન દિન / વિશ્વ શાળા દિન
૨૭ માર્ચ - વિશ્વ રંગભૂમિ દિન

### ધર્મસભાના મહત્ત્વના દિવસો

૯ માર્ચ - રોમના સંત ફ્રાન્સીસ્કા
૧૯ માર્ચ - સંત યોસેફ પ્રભુ ઈસુના પાળક પિતા
૨૪ માર્ચ - તાડપત્રનો રવિવાર
૨૮ માર્ચ - પુણ્ય ગુરુવાર
૨૯ માર્ચ - ગુડ ફ્રાઈડે
૩૧ માર્ચ - પાસ્ખા પર્વ

— રાજેશ ક્રિશ્ચિયન
rajesh.christian@yahoo.co.in

# આપણી શાળા

### સેંટ ઝેવિયર્સ હાઈસ્કૂલ - હાંસોલ, અમદાવાદ

મેગાસીટી અમદાવાદમાં એરપોર્ટ પાસે હાંસોલ વિસ્તારમાં આવેલી સેંટ ઝેવિયર્સ હાઈસ્કૂલનો શુભારંભ ૧૯૯૨માં થયો હતો. કે.જી.થી ધોરણ ૧૨ સુધીના સામાન્ય પ્રવાહ અને વિજ્ઞાન પ્રવાહના વર્ગો ચલાવવામાં આવે છે. આધુનિક યુગની સાથે કદમ મિલાવતાં 'સ્માર્ટ ક્લાસ' દ્વારા વિદ્યાર્થીઓને શિક્ષણ આપવામાં આવે છે.

### વ્યવસાય પ્રત્યે નિષ્ઠા

ઘણાં વર્ષો પહેલાંની વાત છે. શાંતિનગર નામે એક રાજ્ય હતું. રાજ્યની પ્રજા એકંદરે સુખી હતી. પરંતુ કાળક્રમે પ્રજાજનોમાં અમુક બદી ફેલાઈ હતી. જેના કારણે સત્ય, નિષ્ઠા, પ્રમાણિક્તા, પ્રેમ, દયા, ક્ષમા જેવાં મૂલ્યો લગભગ અદૃશ્ય થઈ ગયાં હતાં. પ્રજાજનો અને રાજા પોતે પણ ભોગવિલાસમાં રચ્યાપચ્યા રહેતા હતા. રાજ્યમાં ઘણાં જ ઓછો લોકો નૈતિક મૂલ્યો ધરાવતા હતા.

આ રાજ્યમાં એક સમયે વરસાદની હેલી શરૂ થઈ. ગણતરીના કલાકમાં જ જાણે આભ ફાટ્યું હોય તે હદે વરસાદ વરસવા લાગ્યો. સમગ્ર નગર પાણી પાણી થઈ ગયું. નગરની ફરતે પાળ હતી તે પણ તૂટવાની અણી પર આવી પહોંચી. જો આ આભ તૂટે તો સમગ્ર નગર તણાઈ જાય તેવો ભય ઊભો થયો. રાજાએ ખૂદ આભનું નિરીક્ષણ કર્યું. જોખમ લાગતાં નિષ્ણાંત એંજિનિયરો અને કોન્ટ્રાક્ટરોને તેડાવી મંગાવ્યા. અને તાત્કાલિક યુદ્ધના ધોરણે નગર ફરતી પાળ બનાવી લેવા આદેશ આપ્યો. પરંતુ મૂશળધાળ વરસાદને લીધે તેઓ કાંઈ કરી શકવા અસમર્થ હતાં.

તેવે સમયે કોઈક અનુભવી વ્યક્તિએ રાજાને સલાહ આપી કે મોટા કર્મકાંડી પૂજારીઓને બોલાવી મંત્રોચ્ચાર કરાવીએ જેથી વરૂણ દેવતાનો કોપ ઓછો થાય. સૂચન યોગ્ય લાગતાં રાજાએ સિદ્ધિવાન પંડિતોને બોલાવી પૂજા-પાઠ શરૂ કરાવ્યા. નગરજનો પણ ભયના માર્યા પોતપોતાના ઈષ્ટ દેવતાને વિનવણી - પ્રાર્થના કરવા લાગ્યા. પરંતુ બધા પ્રયત્નો વ્યર્થ ગયા. વરસાદની માત્રા વધતી જતી હતી. પાણીની સપાટી પાળની ઊંચાઈથી થોડી જ નીચે હતી. અને પૂર ઓસરવાનું નામ લેતું ન હતું. એક બાજુ પૂજાવિધિ ચાલુ હોવા છતાં રાજાએ ઢંઢેરો પીટાવ્યો કે જે કોઈ વ્યક્તિ આ પૂરને રોકશે તેને મોં માગ્યું ઈનામ આપવામાં આવશે. ઢંઢેરો સાંભળી થોડા ઉત્સાહી લોકો પોતપોતાની રીતે પૂરને રોકવા પ્રયત્ન કરવા લાગ્યા. પણ બધાંના પ્રયાસો નિષ્ફળ નીવડ્યા. આ તરફ પંડિતોએ પણ હાર માની લીધી. નગરજનોમાં ચિંતા અને ભય ફેલાઈ ગયા. સહુ પ્રજાજનો પોતપોતાની કિંમતી સામાન બાંધી નગર છોડી ભાગી જવા તૈયારી કરવા લાગ્યા.

આવા કપરા સમયે એક ગરીબ, અભણ સફાઈ કામદાર આગળ આવ્યો. આ વ્યક્તિ સમગ્ર ગામમાં સફાઈ કરતો અને મેલું ઊપાડી ગામથી દૂર ફેંકવાનું કાર્ય કરતો હતો. નગરજનો તેનાથી આભડછેટ રાખતાં. તેણે રાજા પાસે આવી પૂર રોકવા પોતાને એક પ્રયત્ન કરવા રજા માંગી. ત્યાં હાજર પંડિતો અને ઉચ્ચ વર્ગના લોકોએ તે સફાઈ કામદારનો વિરોધ કર્યો. ઘણાંએ તો તેની ઉપર આ આફત માટે દોષારોપણ કર્યું. પરંતુ કટોકટીના આ સમયમાં આ સફાઈ કામદારને એક તક આપવાનું રાજાએ વિચાર્યું.

રાજા તરફથી મંજૂરી મળતાં જ સફાઈ કામદાર આગળ વધ્યો. પાળ પાસે પહોંચી જઈ પોતાની હથેળીમાં થોડું પાણી લીધું. શ્રદ્ધાપૂર્વક આંખો બંધ કરી થોડી ક્ષણ મૌન ઊભા રહ્યા પછી તેણે હથેળીનું પાણી ઢોળી દીધું. અને ત્યાર બાદ પાછો પોતાના સ્થાને આવી ઊભો રહ્યો. લોકોના આશ્ચર્ય વચ્ચે જેવો સફાઈ કામદાર પ્રાર્થના પછી પાછો વળ્યો કે મૂશળધાર વરસતો વરસાદ બંધ થઈ ગયો અને નગરની ચારે બાજુ ભરાયેલ પાણી ઝડપભેર ઓસરવા લાગ્યું.

જેવું લાગ્યું કે હવે પૂરનો ખતરો ટળી ગયો છે કે તુરત જ હાજર જનમેદની હર્ષ અને ઉલ્લાસથી નાચી ઊઠી. પેલો સફાઈ કારીગર હજુ પોતાના સ્થાને જ ઊભો હતો. રાજાએ તેને પાસે બોલાવી તેણે કેમ કરીને પૂરને નાથ્યું તે વિશે પૃચ્છા કરી. સફાઈ કામદારે કહ્યું, "મહારાજ, મેં ઈશ્વરને આટલી જ પ્રાર્થના કરી હતી કે - હે પ્રભુ જો મેં જિંદગીભર નિષ્ઠાપૂર્વક મારી ફરજ બજાવી હોય તો મારી અરજ સાંભળજે અને પૂરને રોકી લેજે." આમ પ્રાર્થના કરી. જો ઈશ્વર પર સંપૂર્ણ ભરોસો રાખી હથેળીથી પાણીની અંજલિ અર્પી હતી. મને વિશ્વાસ હતો કે ભગવાન જરૂરથી મારી પ્રાર્થના સાંભળશે, કારણ મેં મારા વ્યવસાયમાં કદી અનિષ્ઠા કે છેતરપીંડી કરી નથી. સફાઈ કામદારનો ઉત્તર સાંભળી રાજા ખુશ થયો અને તેને ઈનામ આપ્યું.

— રશ્મિન એમ. ડાભી
શિક્ષક - સેંટ ઝેવિયર્સ હાઈ. - હાંસોલ

# માર્ચ – એપ્રિલ મહિનાના શાસ્ત્રપાઠો

✍ ગુજરાત વિદ્યાદીપ, સેવાસી

## તપઋતુનો પાંચમો રવિવાર

**યશાયા ૪૩:૧૬-૨૧; ફિલિપ્પી ૩:૮-૧૪; યોહાન ૮:૧-૧૧**

**પ્રભુ ઈચ્છે છે જીવનનું નવીનીકરણ!**

આજનો પ્રથમ શાસ્ત્રપાઠ પરમેશ્વરે ઈસ્રાયેલી પ્રજાને રાતો સમુદ્ર પાર કરાવીને ઈજીપ્તની ગુલામીમાંથી છોડાવ્યા હતા તેની યાદ અપાવે છે. પરંતુ ભાર એના ઉપર મુકવામાં આવે છે કે પિતા પરમેશ્વર કંઈક નવું કરતા જઈ રહ્યા છે. સમુદ્રમાંથી રસ્તો બનાવી ઈસ્રાયેલીઓને બહાર લાવનાર ઈશ્વરે હવે પછી તેમને (બાબીલમાંથી) રણ દ્વારા લઈ જશે અને મરુભૂમિમાં નદીઓ વહેવડાવી લોકોને તેના પાણી પીવડાવશે, જેથી લોકો તરસ્યા નહિ થાય અને હંમેશા પરમેશ્વરની સ્તુતિ કરતા રહે. આમ એમના જીવનમાં નવીનીકરણ આવે છે.

બીજો શાસ્ત્રપાઠમાં જાણવા મળે કે સંત પાઉલ એક રૂઢિચુસ્ત બેન્જામીન કુળના યહુદી તરીકે અનુસંહિતામાં આપેલા બધાં જ નિયમો પાળે છે ને પોતાને પુણ્યશાળી માને છે પછી ભલે તે ધર્મસંઘને રંજાડતો હોય. પરંતુ દમસ્કના માર્ગમાં એને ઈસુ ખ્રિસ્તનો અનુભવ થાય છે અને ત્યારથી તેમનું હૃદયપરિવર્તન થાય છે. તે શાઉલમાંથી પાઉલ બને છે. એના જીવનમાં નવીનીકરણ આવે છે ને તે ખ્રિસ્તને ખાતર સર્વ કાંઈ ખોટરૂપે જ દેખે છે. પાઉલ માટે ખ્રિસ્તને પામવું એટલે ખ્રિસ્ત જેવું બનવું. આપણે ઈસુને ક્યારે પામી શકીએ? પાઉલ કહે છે ખ્રિસ્ત ઉપરની શ્રદ્ધાને લીધે, નહીં કે નિયમોના પાલનથી.

સંત યોહાનના શુભસંદેશમાં જોઈએ તો શાસ્ત્રીઓ અને ફરોશીઓ પરમેશ્વરમાં શ્રદ્ધા રાખવાને બદલે મોશેએ આપેલી અનુસંહિતા પર વધુ શ્રદ્ધા રાખી બીજાઓનો ન્યાય તોળવા માંગે છે. તેઓ એક વ્યભિચાર કરતાં પકડાયેલી બાઈને ઈસુ પાસે પકડી લાવી તેનો ન્યાય તોળવા કહે છે. અનુસંહિતા ૨૨:૨૨ અને કર્મકાંડ ૨૦:૧૦ મુજબ, જે કોઈ પરસ્ત્રી સાથે વ્યભિચાર કરે તો તેને અને સ્ત્રીને મૃત્યુદંડ દેવો. પરંતુ શાસ્ત્રીઓ અને ફરોશીઓ ફક્ત એ બાઈને જ લઈને આવે છે. ઈસુને પકડવા માટેનું આ એક મોટું ષડયંત્ર રચાયેલું છે, જેમાં બાઈને એક મહોરું તરીકે વાપરવામાં આવે છે જો ઈસુ તેમને કહે કે બાઈને છોડી મૂકો તો તેઓ અનુસંહિતાની અને મોશેની વિરુદ્ધ જાય છે. ઈસુ બાઈને સજા કરવા કહે તો પછી તેઓ કહેશે કે ઈશ્વરની દયા અને ક્ષમા વિશે તમે જે શિક્ષણ આપો છો તે બધું ખોટું છે. આમ તેઓ બન્ને બાજુથી ઈસુને દોષિત ઠરાવવા ઈચ્છતા હતાં.

ઈસુ તેમના દુષ્ટ વિચારો જાણી જતાં કહે છે, તમારામાં જે નિષ્પાપ હોય તે પહેલો પથરો મારે. ઈસુને પડકાર કરનારને પડકારરૂપ જવાબ મળે છે. આ સાંભળી ત્યાં ઊભેલા એક પછી એક બધા ચાલ્યા જાય છે. આજે ઈસુ શાસ્ત્રીઓ અને ફરોશીઓને જ પડકારરૂપ જવાબ આપતાં નથી પરંતુ આપણને સૌને પણ આ જ પડકાર ફેંકે છે. શું આપણે બીજા સાથે આવું વર્તન કરીએ ત્યારે આપણા અંતઃકરણમાં ડોકિયું કરીએ છીએ ખરા? ઈસુ પેલી બાઈને કહેતા નથી કે જે તે કર્યું છે તે સારું છે, પરંતુ બાઈને કહે છે કે જા, હવેથી પાપ કરીશ નહીં. આ રીતે ઈસુ તે બાઈને જીવન પરિવર્તન કરવા નવી તક આપે છે.

ઈશ્વર પાસે આવવા, આપણા જીવનમાં નવીનીકરણ લાવવા આપણને માત્ર ઈસુ જ મદદ કરી શકે છે. સંત પાઉલની જેમ આપણે દુમાર્ગ છોડીએ, ઈસુ ખ્રિસ્ત સાથે એક થઈ પિતા પરમેશ્વરના પ્રેમનો અનુભવ કરીએ.

– બ્ર. મહેશ બાગુલ

## તાડપત્રનો રવિવાર

**યશાયા ૫૦:૪-૭; ફિલિપ્પી ૨:૬-૧૧; લૂક ૨૨:૧૪-૨૩:૫૬**

**તારી ઈચ્છા પૂર્ણ થાઓ**

પરમપિતાની ઈચ્છા મુજબ ઈસુ આ જગતમાં આવ્યા. ઈશ્વરપુત્ર હોવા છતાં તેમણે માનવ સ્વરૂપ ધારણ કરી ઈશ્વરની ઈચ્છા પૂર્ણ થાય એ માટે પોતાની જાતને સમર્પી દીધી. તેમણે ઘણું બધું સહન કર્યું ને વેઠ્યું. એમને ખબર હતી કે પરમપિતા એમની સહાયમાં આવશે.

આજના પહેલા શાસ્ત્રપાઠમાં પયગંબર યશાયા દ્વારા આપણને પ્રભુના આજ્ઞાધીન સેવક વિશે જાણવા મળે છે. આપણને ખબર છે કે ઈશ્વરથી પસંદ થયેલી વ્યક્તિ સેવક તરીકે ઓળખવામાં આવતી. પ્રભુ એને મોકલે છે એટલે એને કશાની ખોટ નથી હોતી. એણે શું કરવું તે પ્રભુ તેને શીખવે છે. કોઈપણ દુઃખ આવે, મુશ્કેલી આવે કે એના પર હુકમ થાય તો પણ એ બધું સહન કરી શકે છે કેમ કે તેને પ્રભુ પર પૂરો ભરોસો છે. કોઈ પણ સંકટમાં તે પ્રભુની આજ્ઞાને વળગી રહે છે. પ્રભુનું કાર્ય કરવા તે તત્પર રહે છે ને પ્રભુ એને દૃઢ બનાવે છે. એટલે કોઈપણ અપમાન એને અડતું નથી. આપણે પણ સ્નાનસંસ્કાર

દ્વારા પ્રભુના સેવકો બન્યા છીએ. તો પિતા પરમેશ્વર આપણા રોજિંદા જીવનમાં પણ આપણી પડખે છે એમ વિશ્વાસ રાખી કોઈપણ મુશ્કેલી વચ્ચે પણ દૃઢ રહેવાની જરૂર છે.

બીજા શાસ્ત્રપાઠમાં વાંચીએ છીએ કે ઈસુ એ ઈશ્વર સ્વરૂપ હોવા છતાં ઈશ્વર સાથેની સમાનતાનો ત્યાગ કરી દાસનું સ્વરૂપ ધારણ કર્યું. માલિકની આગળ દાસની પોતાની ઈચ્છા ના ચાલે. એવા મનોવલણ સાથે પ્રભુ ઈસુએ પરમપિતાની આગળ પોતાની જાતને નમાવી દીધી. તે સમયમાં યહૂદીયામાં વધસ્તંભ પરના મૃત્યુને ખૂબ જ અપમાનિત ગણતા. વધસ્તંભ ઉપર લટકતો માણસ શાપિત ગણાતો (અનુસંહિતા ૨૧:૨૩). એવા મૃત્યુને સ્વીકારીને ઈસુએ પોતાને શૂન્યવત બનાવ્યા. તેમણે આ બધું આપણા ઉદ્ધાર માટે કર્યું હતું. તેમણે પોતે પોતાના શિષ્યોના પગ ધોયા અને ત્યારબાદ શિષ્યોને બીજાના પગ ધોવાની આજ્ઞા આપી. આ કાર્ય દ્વારા આપણને નમ્રતાનો પાઠ મળે છે. પરમપિતાની આગળ નમ્ર બની એમની ઈચ્છા પૂર્ણ કરી. એટલા માટે ઈસુને ઉત્તમ સન્માન મળ્યું. એમને સર્વ નામોમાં શ્રેષ્ઠ એવું નામ આપવામાં આવ્યું અને પ્રભુ તરીકે ઓળખવામાં આવ્યા. પ્રભુ ઈસુની જેમ આપણે પણ નમ્ર બની પરમપિતાની ઈચ્છા મુજબ જીવીએ તો ચોક્કસ પરમપિતા દ્વારા આપણને બદલો મળશે.

શુભસંદેશમાં આપણે ઈસુની મહાવ્યથા વિશે વાંચીએ છીએ. ઈસુના તેત્રીસ વર્ષના જીવનમાં છેલ્લા દિવસો એમના માટે અગત્યના હતા. જે ઘડીની તેઓ અપેક્ષા કરતા હતા તે ઘડી હવે નજીક હતી. ઈસુએ અસહ્ય દુઃખ વેઠ્યું. એ દિવસોમાં ઈસુને થયેલા દરેક અનુભવ ઉપર આપણે મનનચિંતન કરીએ તો ઈસુએ આપણા માટે કેટલું દુઃખ સહન કર્યું છે એ જોવા મળશે. ઈસુની પીડા અને મરણ આપણા ઉદ્ધાર માટે થયા હતાં. એ બધું આપણી મુક્તિ ખાતર ઈસુએ સહન કર્યું હતું. ઈસુની પીડાના સમયે એમના શિષ્યો સુદ્ધાં એમને તરછોડીને ભાગી ગયા હતા. પણ પ્રભુ ઈસુ આપણા દુઃખમાં આપણી પડખે રહે જ છે. પણ શું પરમપિતાની ઈચ્છા ખાતર, બીજાની ઉન્નતિ ખાતર આપણે દુઃખ વેઠવા તૈયાર છીએ?

આપણે આપણા જીવનમાં ઈશ્વરની ઈચ્છા પૂર્ણ કરીએ છીએ ખરા? આપણા અભિમાન ને અહંકારનો ત્યાગ કરીને ઈસુની જેમ નમ્ર બનીએ છીએ ખરા? ઈસુના લીધે આપણો ઉદ્ધાર થયો છે એને સમજીએ છીએ ખરા? ચાલો આપણે ઈશ્વરના સેવક બનીને આપણા જીવનમાં પ્રભુની ઈચ્છા પૂર્ણ કરવા તત્પર રહીએ. પ્રભુ ઈસુની જેમ ઈશ્વરની ઈચ્છા માટે મહત્ત્વ આપવું જરૂરી છીએ. ઈસુની જેમ "મારી નહિ પરંતુ ઈશ્વરની ઈચ્છા પૂર્ણ થાઓ" એવું વલણ કેળવવા પ્રયત્નશીલ રહીએ.

— બ્ર. પાઉલ રાજ

## પાસ્ખા પર્વ

**પ્રે.ચ. ૧૦:૩૪, ૩૭-૪૩; સ્તોત્ર ૧૮; કલો ૩:૧-૪; યોહાન ૨૦:૧-૯**

**ઈસુ સજીવન થયા છે!**

આપણને કોઈ કિંમતી ખોવાયેલી વસ્તુઓ પાછી મળે તો! સતત બીમારીથી મુક્તિ મળે તો! તૂટેલા સંબંધો સજાગ થાય તો! આ બધાનો જવાબ છે કે આપણને બહુ આનંદ થાય ને બીજાને પણ આપણા આનંદમાં ભાગીદાર બનાવીએ. પશુ-પંખીઓમાં પણ આ બાબત જોવા મળે છે, ખાસ કરીને ભૂખ્યા પક્ષી કંઈક ખાવાનું મળતાં બીજાને બોલાવે છે ને વહેંચીને ખાય છે. આજના ત્રણેય શાસ્ત્રપાઠો 'પ્રભુ-અનુભવની અભિવ્યક્તિ' ઉપર મનન-ચિંતન કરવા આપણને આમંત્રે છે.

પીતર ઈસુને કહે છે, "આપ તો ખ્રિસ્તી છો, ચેતનસ્વરૂપ ઈશ્વર પુત્ર" (માથ્થી ૧૬:૨૬). પ્રભુ ઈસુ, આ પૃથ્વી પર માનવ થઈને અવતર્યા. યહૂદી આગેવાનોએ તેમને વધસ્તંભે જડીને મારી નાખ્યા. પણ તેમણે મૃત્યુ ઉપર વિજય મેળવ્યો છે. આ આપણા માટે એક આનંદની વાત છે. આ પરિસ્થિતિમાં આપણે શું કરવું  જોઈએ? આજના ત્રણેય શાસ્ત્રપાઠો આ પ્રશ્નનો જવાબ ખૂબ જ સુંદર રીતે રજૂ કરે છે.

આજના શુભસંદેશમાં આપણને બે પ્રભાવશાળી વ્યક્તિઓ જોવા મળે છે - મગ્દલાની મરિયમ અને સિમોન પીતર. ગાલીલના સરોવર કિનારેના મગ્દલા ગામની મરિયમ એક સામાન્ય સ્ત્રી હતી, પણ તે પાપી હતી. સિમોન પીતર પણ ગાલીલ સરોવરના કાંઠેના બેથસાયદાનો સામાન્ય માછીમાર હતો. તે બધું છોડીને પ્રભુને અનુસર્યો ને હર ઘડી પ્રભુની હતો. આ બન્ને વ્યક્તિઓએ ઈસુનો વ્યક્તિગત રીતે અનુભવ કર્યો. મરિયમે પોતાને થયેલી પાપની ક્ષમા દ્વારા, અને પીતરે ઈસુના નિકટના શિષ્ય ને મિત્ર તરીકે. આજના શુભસંદેશમાં આ બન્ને ઈસુ પરના પ્રેમને ખાતર, ઉત્સુક્તાથી કબર જોવા જાય છે. ખાલી કબર જોઈને તેઓ શંકાશીલ થઈ જાય છે. છતાં ઈસુ પરની શ્રદ્ધાના કારણે સજીવન થયેલા ઈસુને ફરીથી પિછાણે છે.

વિના વિલંબે મરિયમ ઈસુના પુનરુત્થાનનો સંદેશ પ્રેષિતોને આપવા દોડી જાય છે. પીતર પણ ઈસુનાં દર્શન પામ્યા પછી કેવી રીતે પોતાનો પ્રભુ-અનુભવ બીજાની આગળ વ્યક્ત કરે છે તે આજના પ્રથમ શાસ્ત્રપાઠમાં વર્ણવામાં આવ્યું છે. પ્રભુ-અનુભવ મેળવ્યા પહેલાં પીતરે પોતાની નબળાઈને લીધે પ્રભુનો ત્રણ વાર ઈન્કાર કર્યો હતો (માથ્થી ૨૬:૬૯-૭૪). એક સાધારણ નોકરડીને જોઈને ડરનાર પીતર ઈસુનો પૂરો અનુભવ કર્યા પછી રોમના શાસકોની આગળ હિંમતપૂર્વક પુનરુત્થાન પામેલા ઈસુની સાક્ષી પૂરે છે. તે ઈસુનું જીવન, પીડા, મૃત્યુ અને

પુનરુત્થાન વિષે લોકોને સંભળાવે છે. ઈસુ માટે પોતાનો જીવ આપવા પણ તૈયાર થઈ જાય છે.

પ્રભુ ઈસુના પુનરુત્થાન વિશે વર્ષોથી આપણે વાંચતા ને સાંભળતા આવીએ છીએ. પણ શું, આપણે તેમાં વિશ્વાસ રાખીએ છીએ ખરાં? તીવ્ર ઈચ્છાથી તેમના માર્ગે ચાલીએ છીએ ખરાં? તેમણે જે કહ્યું છે તેને અનુસરીએ છીએ? વળી, શું આપણે આપણા પોતાના પુનરુત્થાન ઉપર વિશ્વાસ રાખીએ છીએ? જો આ બધાનો જવાબ હા હોઈ તો આપણા જીવનના કેન્દ્ર સ્થાને પુનરુત્થાન પામેલા ઈસુ હશે ને આજના બીજા શાસ્ત્રપાઠમાં પાઉલ કહે છે તેમ સ્વર્ગની વસ્તુઓની પાછળ પડીશું. આપણે ઈસુ પાસે પીતરની જેમ તેમનાં દર્શન કરવા ઉત્સાહથી દોડવું જોઈએ. ઈસુનાં દર્શન કરવાં એટલે તેમને શ્રદ્ધાની દૃષ્ટિએ જોવા. ઈસુએ થોમાને કહ્યું હતું, "મને જોયા વગર પણ જેઓ શ્રદ્ધા રાખે છે તેઓ પરમસુખી છે" (યોહાન ૨૦:૨૯). આવી શ્રદ્ધા, પુનરુત્થાન પામેલા ઈસુ પર ને આપણા પોતાના પુનરુત્થાન પર હોય તો આપણે આ દુનિયામાં સારો સંબંધ, પડોશી પ્રેમ, ઉદારતા, નમ્રતા અને સહનશીલતા લાવી શકીશું. આ અમૂલ્ય વસ્તુઓને આપણે આપણા જીવનમાં એકીકરણ કરીશું ત્યારે ઈસુ-અનુભવ આપણા દ્વારા એકબીજાની આગળ પ્રકાશશે.

— બ્ર. જેરાલ્ડ

## પાસ્ખાનો બીજો રવિવાર

પ્રે.ચ. ૫:૧૨-૧૬; દર્શન ૧:૯-૧૩, ૧૭-૧૯; યોહાન ૨૦:૧૯-૩૧

ઓ મારા પ્રભુ, અને મારા પરમેશ્વર!

આજે માતા ધર્મસભા ઈસુની દિવ્ય દયાનું પર્વ ઉજવે છે. આ પર્વ સુધન્ય યોહાન પાઉલ બીજા દ્વારા ૩૦ એપ્રિલ, ૨૦૦૦માં સંત ફ્રોસ્તીનાના માનમાં જાહેર કરેલ છે. ઈસુ આપણા ઉપર હંમેશા દયા દાખવે છે. આજના શાસ્ત્રપાઠો એમનામાં શ્રદ્ધા રાખવા આપણને આમંત્રે છે. ગયા રવિવારે આપણે પાસ્ખાપર્વ ઉજવ્યો. તો પછી પ્રશ્ન થાય કે શા માટે માતા ધર્મસભા ફરીથી પાસ્ખાનો બીજો રવિવાર ઉજવી રહી છે. કારણ એટલું જ છે કે ઈસુનું પુનરુત્થાન એ ફક્ત બની ગયેલ ઘટના જ નહીં પરંતુ દરરોજની ઘટના છે. તેથી કરીને આપણે દર રવિવારને "પાસ્ખાપર્વ" તરીકે ઉજવીએ છે. આ પરમપૂજામાં બધાં ઈસુપંથીઓ એકઠા મળે છે ને ઈસુની હાજરીનો અનુભવ કરે છે. રવિવારને "પ્રભુનો દિવસ" તરીકે પણ ગણી શકાય.

શરૂઆતના ગાળામાં ઈસુપંથી સમાજ વિવિધ પ્રકારની સતામણીમાંથી પસાર થઈ રહ્યો હતો. એક પ્રકારની નિરાશાનું વાતાવરણ છવાયેલું હતું. જેમાં મુખ્ય ત્રણ કારણો હતાં. ૧) ઈસુનું પાછા આવવાનું જે વચન હતું તેનો સમય ઉપરવટ જતો હતો. ૨) રોમન સમ્રાટે ખ્રિસ્તી સમાજ ઉપર ઉગ્ર સતામણી ચાલુ કરી હતી. અને ૩) ઘણા ઉપદેશકો ધર્મસિદ્ધાંત વિરુદ્ધ ઉપદેશ આપતાં હતાં. આ પરિસ્થિતિમાં સમાજમાં ફરી એકતા લાવવા માટે પ્રેષિતો નિયમિત લોકો સાથે એકમન અને એક પ્રાણ બનીને પ્રભુભોજન લેતા, ઉપદેશ આપતાં, ભાઈભાંડુની જરૂરિયાત પૂરી કરવા પોતાની મિલકત વેચી દેતા. પ્રેષિતો લોકોમાં ઘણા ચમત્કારો અને પરચાઓ કરી બતાવતા. આ ચમત્કારો ઈસુના નામે કરવામાં આવતા હોવાથી ઈસુશક્તિ અને ઈસુભક્તિનો વ્યાપ થયો. હવે પ્રશ્ન થાય છે કે જો આજે આવા પ્રકારના ચમત્કારો વ્યાપક પ્રમાણમાં થવા માંડે તો? બધા ખ્રિસ્તી બની જાય ખરું ને! એ પણ શક્ય છે. પરંતુ તે માટે આપણે ખરા અર્થમાં ઈસુભક્ત બનવું પડશે.

જૂના કરારના પયગમ્બરોને ઈશ્વરની યોજના અંગે દિવ્યદર્શન લાધે છે. દર્શનનો ગ્રંથ આવા દિવ્યદર્શનની યાદ તાજી કરાવે છે. દર્શનના ગ્રંથમાં યોહાન સાંકેતિક ભાષાનો ઉપયોગ કરી આપણ સર્વને ઈસુની દૈવી શક્તિની સતત હાજરીનો ખ્યાલ કરાવે છે. વળી ભારપૂર્વક ઉપદેશ આપે છે કે કોઈ પણ ઈસુની શક્તિનો નાશ કરી શકે એમ નથી. તેઓ વિશ્વના રાજરાજેશ્વર હોવાથી તેમનું રાજ્ય આખી માનવજાત અને સચરાચર સૃષ્ટિમાં વ્યાપેલું છે. ઈસુ આપણા મુક્તિદાતા છે જે આપણી ખાતર મૃત્યુ પામ્યા, સજીવન થયા, અને કદી ફરી મરનાર નથી. દરેક માણસનું જીવન ઈસુના હાથમાં છે. તેથી ઈશ્વરે માણસ માટે જે જીવન પ્રેમથી નિરમ્યું છે તે ઘડી સિવાય માણસની આંખ મીંચાશે નહીં. ઈસુ આપણને ખુબ ચાહતા હોવાથી સઘળી મુશ્કેલીઓમાંથી આપણો ઉગાર કરશે. કેમ કે ઈસુ જ આદિ છે અને તે જ અંત છે.

આપણા શુભસંદેશમાં ઈસુએ આપેલા બે દર્શનનું એકસામટું વર્ણન જોવા મળે છે. પ્રથમ દર્શન તેઓ પ્રેષિતોને અને બીજુ દર્શન એક અઠવાડિયા પછી થોમાને આપે છે ને શ્રદ્ધાની વાત કરે છે.

આજે ધર્મસભામાં પ્રેષિતોની જેમ નહિવત પ્રમાણમાં લોકો ઈસુના શિષ્યો બનવા માંગે છે. ઉપરાંત સંઘમાં વિખવાદ અને મતભેદ વધ્યા છે જેના કારણે આપણો વિકાસ અટક્યો છે. જો આમ જ બનશે તો કેવી રીતે આપણે બીજાને આકર્ષિત કરી શકવાના? જો આપણી શ્રદ્ધા ડગુમગું હશેતો બીજાને આપણે વિશ્વાસમાં લઈ શકવાના નથી. બીજા શબ્દમાં કહીએ તો આપણે જ ઈસુના કાર્યમાં વિઘ્ન સમાન બનીશું. આ પરિસ્થિતિમાં પછી વિકાસ ક્યાંથી થવાનો? ટૂંકમાં જ્યાં એકતા હોય ત્યાં શ્રદ્ધા જોવા મળે, જ્યાં શ્રદ્ધા હોય ત્યાં પવિત્રતા આવે અને જ્યાં પવિત્રતા ત્યાં ચમત્કાર હોય કે ના હોય કઈ ફેર પડતો નથી.

— બ્ર. અશ્વિન પાંડવ

# 'સબકો સન્મતિ દે ભગવાન!'

✍ ઈન્દુ રાવ

આજની સદીમાં બધું જ બદલાઈ રહ્યું છે. આજનું આવતીકાલે જૂનામાં ખપી જાય છે. બધાંને બધું 'લેટેસ્ટ' - નવું જ જોઈએ છે. વૈશ્વિકરણ વિસ્તૃત થઈ રહ્યું છે. એમાંય પરિવર્તિત થતાં સમાજની પરિભાષા બદલાઈ રહી છે. સામાજિક સબંધોના સમીકરણ બદલાઈ રહ્યાં છે. સમાજની અંદર સ્ત્રી-પુરુષ સમાનતા શિક્ષણથી લઈને નોકરી અને ધંધા-રોજગાર સુધીનો સીધી રેખામાં જતો આંક ક્યાંક-ક્યાંક સ્ત્રીને વધુ ઊંચાઈએ પહોંચાડી રહ્યો છે. સ્ત્રી વિકાસનો આંક ઊંચેને ઊંચે ચઢતો જાય છે એની સામે એની અસલામતી - અસુરક્ષાનો આંક એનાથીયે ઊંચો ચઢવા લાગે ત્યારે નારી સુરક્ષા-નારી સલામતીના પ્રશ્નો ભયાનક બની રહ્યા છે. પિતૃપ્રધાન સમાજ વ્યવસ્થામાં પુરુષ પોતાને ચઢિયાતો સાબિત કરવા સતત મથતો રહે છે. સ્ત્રીને નીચી દેખાડવામાં, ઊતરતી કક્ષાએ પહોંચાડવામાં ઘણાખરા પુરુષો છૂપો આનંદ લેતા હોય છે. એટલું નહીં સ્ત્રી એક ચીજ - વસ્તુ છે. એનો મન ફાવે તેમ ઉપયોગ કરી શકાય એવી માનસિક્તા શિક્ષિત-અશિક્ષિત પુરુષોમાં જોવા મળે છે.

૧૬મી ડિસેમ્બર રાજધાની દિલ્હીમાં દામિની, પીડિતા કે નિર્ભયા (અનામી) પર થયેલા સામૂહિક બળાત્કાર પછી ફાટી નીકળેલ જનજુવાળમાં યુવક-યુવતીઓના સહિયારા આંદોલને કુકર્મી-બળાત્કારીઓને કઈ સજા આપવી જોઈએ એ માટે રાજકીય વ્યક્તિ, ઉપદેશકો અને આમ જનતા દ્વારા અનેકાનેક વિધાનો થતાં રહ્યાં. ટી.વી. ચેનલો અને સમાચાર પત્રો દ્વારા અલગ-અલગ પ્રકારની વ્યક્તિઓ સાથે રોજેરોજ ચર્ચાનો દોર સતત ચાલતો રહ્યો. જો કે આ પ્રકારનો ગેંગરેપ પહેલો દિલ્હીની ગેંગરેપ ઘટના પછી જન જાગૃતિ આંદોલન ચાલુ રહેવા છતાં આવી નાની-મોટી ઘટનાઓ રોજે રોજ બની રહી છે. આ શું બતાવે છે? જાણે કે આવી વિકૃત માનસિક્તાવાળા પુરુષોને કાયદાની ઐસી તેસી છે. તેઓને કોઈનોય ડર લાગતો નથી. નહીં ભગવાનનોય! ખરેખર પુરુષ માનસની વિકૃતતા હવે હદ વટાવી રહી હોય એવું સામાજિક ચિત્ર ઉપસી આવે છે.

બળાત્કારનો ભોગ બનેલી યુવતી મૂંગી વેદનાઓ સહેતી પ્રભુના ધામમાં પહોંચી ગઈ. માતાપિતાએ પોતાની લાડકવાયી, વહાલસોયી જુવાનજોધ મહત્ત્વકાંક્ષી દીકરી ગુમાવી, એમની પીડા-વેદનાનું શું? પીડિતાના મૃત્યુ પછી પણ જાત-જાતનાં નિવેદનો થતાં રહ્યાં છે. સ્ત્રીઓને અનેક પ્રકારની સલાહો અપાઈ રહી છે. તેણે આમ કરવું જોઈએ, તેણે તેમ ન કરવું જોઈએ પરંતુ એનાથી સ્ત્રી સલામતીનો પ્રશ્ન હલ થશે ખરો? સ્ત્રીના પહેરવેશ હરવા-ફરવા પરની રોકટોક વિષયક ચર્ચાઓ ચાલતી રહી છે



એનાથી ઘરની અંદર-બહાર થતા બળાત્કારો અટકાવવા માટે શું આજ એક ઉપાય છે? કારણ બળાત્કાર માત્ર યુવતીઓ પર જ નથી થઈ રહ્યા. બે-અઢી વર્ષની બાળકીથી માંડીને સિત્તેર વર્ષની વૃદ્ધા પર પણ બળાત્કાર થાય છે. સમાજની અંદર જે પુરુષો દ્વારા દુષ્કર્મ આચરાય છે એવા પુરુષો માથુ ઊંચું રાખીને ફરતા રહે છે. એમનો સમાજ દ્વારા બહિષ્કાર થાય છે ખરો? વિચાર માંગી લે તેવો પ્રશ્ન છે તેમ છતાં આપણે સૌ તંદુરસ્ત સમાજ ઘડતરમાં સક્રિય ક્રિયાશીલ રહી સામાજિક અનિષ્ટો દૂર કરવામાં સિંહફાળો આપી રહીએ.

સમાજમાં કુટુંબ એ પાયાનું સામાજિક એકમ છે. કુટુંબ એ બાળકની પ્રથમ પાઠશાળા છે. બાળક કુટુંબમાં જન્મ લે ત્યારથી માંડીને, કહેવું પડે કે ગર્ભાવસ્થાથી શરૂ કરીને તે કૌટુંબિક - સામાજિક મૂલ્યો, અભિગમો, વલણો અને પારસ્પરિક વ્યવહારો વગેરે કુટુંબમાંથી જ શીખે છે. કુટુંબમાં ઉછરતું બાળક મા-બાપના રોજનાં વ્યવહારનું મૂક સાક્ષી બને છે. જો પિતાની જોહુકમી તેની માતા પર (ક્યારેક માતાની પિતા પર) ચાલતી હોય કે પછી પતિ એક હથ્થુ સત્તા ચલાવીને પત્ની અને બાળકો પર પોતાનું એકચક્રી શાસન ચલાવતો હોય તો વળી કેટલાક કુટુંબોમાં પતિઓ દારૂ પીને પત્ની અને બાળકો સાથે ગાળા-ગાળી અને મારઝૂડ કરતાં હોય છે. એવા ઘરમાં ઉછરતું બાળક ઘરમાં ડરનું માર્યું બીચારું બની રહે છે. પરંતુ એના કુમળા માનસમાં દબાયેલો ગુસ્સો - આક્રોશ તે બહાર જઈને અન્ય કોઈ પર ઊતરતો હોય છે. સમયાંતરે તેની આડઅસરો જુદે જુદે સ્વરૂપે ક્યાંકને ક્યાંક દેખાતી હોય છે. આજે મોજશોખની સાથે શાંતિ મેળવવાના જાતજાતના સારા-નરસા રસ્તાઓ છે. બાળક

બાલિશતામાં ક્યાં ખેંચાઈ જાય તે કહી શકાતું નથી. આપણી ટી.વી.ચેનલો, ફિલ્મો કે ઈન્ટરનેટ બાળકોને શું શિખવાડે છે તેનું સતત ધ્યાન રાખવાની મોટી ફરજ મા-બાપની બની રહે છે. માતા-પિતા પોતાનાં બાળકોને ઘરમાં રામભરોસે એકલાં મૂકીને પોતાની કૌટુંબિક ફરજો અદા કરે છે. પણ એકલાં પડેલાં બાળકોનાં માનસ કેવાં ઘડાય છે. તેની ચિંતા કરનારાં માતા-પિતા કેટલાં છે? દીકરો હોય કે દીકરી (ઘણીવાર દીકરાના મા-બાપ ચિંતામુક્ત બની જતાં જોવા મળે છે.) પરંતુ બંનેનું સુઘડતર કરવું એ મા-બાપની પ્રથમ મહત્ત્વની ફરજ બની રહે છે. ઘણી જગ્યાએ બહેનો જોડે વાત કરું છું ત્યારે તેઓની ફરિયાદ હોય છેઃ "છોકરાં અમારું માનતાં જ નથી" અથવા "ઘરમાં પપ્પાની બહુ બીક લાગે છે એટલે મારે ચૂપ રહેવું પડે છે ને ક્યારેક બાળકનો પક્ષેય લેવો પડે છે." આજે માતા-પિતા બંનેએ બાળકોને પ્રેમથી તો ક્યારેક ધાકધમકીથી પણ એમને સાચા રસ્તે દોરવા સતત ધ્યાન રાખવાનું છે. બાળક જે માંગે તે અથવા માંગ્યા વિનાય એને બધું આપી દેતાં આપણે તેમને જીવનમાં આવતા પડકારોનો સામનો કરવા માટે તૈયાર કરતાં નથી. ઘરમાં મનગમતું બધું આસાનીથી મળી જાય એટલે બહાર જઈને તે અન્યનું ઝૂંટવી લેવા તત્પર થવાનું. બધે પોતાનો હક જમાવવાનું (એક-બે બાળકો હોવાથી) માતા-પિતાએ દીકરા-દીકરી બેઉને બહારની પરિસ્થિતિનો સામનો કરવા માટે માનસિક અને શારીરિક રીતે તૈયાર કરવાનાં છે. દીકરાઓને વધારે પડતી સ્વતંત્રતા અને દીકરીઓને વધારે પડતા અંકુશમાં રાખવાથી ઉછેરમાં અસમાનતા વધી જાય છે, જે સમાજ માટે હાનિકારક બને છે. દીકરીઓ બહાદુર બને તેવા ઘડતરની જરૂર છે. એ જ રીતે દીકરાઓ સ્ત્રીઓ પ્રતિ આદરભાવ રાખે - માન સાચવે તેવું ઘડતર કરવાનું છે. દીકરા-દીકરીઓમાં રહેલી અથાગ શક્તિઓ સુમાર્ગે વળે તેવો ઉછેર કુટુંબમાંથી થાય એ માટે દરેક માતા-પિતાએ પોતાનાં વાણી-વર્તન-વ્યવહારમાં સાવધાની રાખવાની જરૂર છે. તથા ઉછેરમાં જાગૃતપણું રાખવાનું છે.

સ્કૂલ, કોલેજ (આજે ટ્યૂશન ક્લાસ પણ) બાળકની દ્વિતિય પાઠશાળા છે. જ્યાં બાળક પોતાના ગુરુ-શિક્ષકનું પૂરેપૂરું અનુકરણ કરે છે. શિક્ષક જે શિખવાડે છે તે જ બાળક શિખતું હોય છે. આપણી શાળા-કોલેજોમાં ભાષાઓની સાથે ઈતિહાસ, ભૂગોળ, ગણિત, વિજ્ઞાન જેવા વિભિન્ન વિષયોનું જ્ઞાન અપાય છે. પણ જીવનમાં જે વિષયની ખાસ જરૂર છે એવા મૂલ્યનિષ્ઠ નીતિશાસ્ત્રના પાઠો શીખવવામાં ઊણાં ઊતરીએ છીએ. શિક્ષક પાસે વધુ સમય રહેતું બાળક શિક્ષકના વાણી-વર્તન-વ્યવહારથી સુપરિચિત હોય છે. વિદ્યાર્થી શિક્ષકનો અરીસો બની રહે છે. સમાજના સારા-ઉમદા નાગરિક બનાવવા શિક્ષકે પોતાના વિદ્યાર્થીને ઉમદા-ઉચ્ચ મૂલ્યો-સંસ્કારોનું સિંચન પૂરી ધગશથી - નિષ્ઠાપૂર્વક કરીને તેમનું સુઘડતર કરવું જોઈએ. સ્ત્રી સન્માનના પાઠ વિદ્યાર્થીઓ પોતાના શિક્ષક - પ્રોફેસરો પાસેથી શીખતા હોય છે. છોકરા-છોકરીઓ વચ્ચે નિર્મળ-નિખાલસ-પવિત્રતાભર્યા સંબંધો જળવાય તેવું વાતાવરણ શાળા-કોલેજોમાં હશે તો એવા ઘડતર થકી સમાજમાં બનતી અનેક કુઘટનાઓ ધીમે ધીમે ઓછી થતી જશે.

પોતાનો સમાજ એ બાળકની તૃતીય પાઠશાળા છે. સામાજિક વાતાવરણ બાળકના ઉછેરમાં મહત્ત્વનો ભાગ ભજવે છે. કોઈપણ બાળકને ઘરમાં પૂરી કે બાંધી રખાતું નથી. તે ચાલતાં-બોલતાં શીખે એટલે એ આંગણાંમાં રમવાનું, પાડોશમાં જવાનું અને ધીરે ધીરે શેરીમાં, ફળિયામાં કે સોસાયટીમાં મિત્રોની સાથે હળવું-મળવું, બહારની દુનિયામાં ભળી જવાનું. મિત્રો અને મોટાંઓનું (વડીલોનું) અનુકરણ કરતાં કરતાં સારી-નરસી છાપ એના કુમળા માનસ પર અંકિત થતી જાય છે. યુવાવસ્થા સુધી પહોંચતા સમાજના સ્થાપિત અને પ્રભાવિત સંસ્કારોનું તે અનુસરણ કરે છે. જાગૃત સમાજ પોતાની ભાવિ પેઢી માટે ચિંતિત રહી તેમના સામાજિક વિકાસમાં પોતાનું મહત્તમ યોગદાન આપે છે. આપણે જો એમાં કાચા પડીએ તો ભાવિ પેઢી ચોક્કસ આપણા માથે માછલાં ધોશે. આપણે સૌએ આ બાબતે વિચારવું રહ્યું, કારણ તંદુરસ્ત સમાજનું નિર્માણ કરવા સૌના સહિયારા પ્રયાસની જરૂર છે.

આજે ખરેખર સમાજને સાચા-સારા સમાજસેવકોની જરૂર છે. ચાહે તે શિક્ષક હોય, ડોક્ટર હોય ઉપદેશક હોય, ધર્મગુરુ હોય, રાજકારણી હોય કે પછી સામાન્ય આમજન હોય, પરંતુ એનામાં સમાજ પ્રત્યેની દાઝ-લાગણી હશે તો તે સમાજ માટે પોતાનાથી જે કાંઈ સારું થાય તે બધું કરી છૂટશે તે નક્કી.

અંતે આપણા સૌ માટે પાંડુરંગ શાસ્ત્રી (દાદા)ના જીવનનો એક પ્રસંગ સામાજિક જાગૃતિ માટે પ્રેરણાદાયક બની રહે તેવો છેઃ એકવાર દાદા કેટલાક યુવાનો સાથે જઈ રહ્યા હતા. તેમની સામેથી કેટલીક યુવતીઓ પસાર થઈ. દાદાની સાથે ચાલતા યુવાનો પેલી યુવતીઓ સામે નજર સુદ્ધાં મિલાવ્યા વગર પસાર થયા. જે દાદાની જાણ બહાર ન રહ્યું, દાદાએ પેલા યુવાનોને પ્રશ્ન કર્યો, "યુવાનો, હું તમારી પાસે એક વાત જાણવા માગું છું. તમે કોઈપણ જાતના સંકોચ વગર મને કહો. ધારો કે હું તમારી સાથે ન હોત તો તમારું વર્તન આવું જ રહ્યું હોય ખરું?"

પેલા યુવાનોએ થોડા સંકોચ સાથે કહ્યું, "ના દાદા, તમારી હાજરીને કારણે અમે તેમની સામે નજર સુદ્ધાં ના કરી. કદાચ તમે ન હોત તો જુદી રીતે વર્તવાનો પ્રયાસ કર્યો હોત."

દાદાએ આ યુવાનોને જીવનના મહત્ત્વના સિદ્ધાંત સમજાવતાં જણાવ્યુંઃ "હું માત્ર એક સામાન્ય પુરુષ છું છતાં મારી હાજરીનો તમે આટલો ખ્યાલ રાખ્યો. હું તમને જોઈ રહ્યો છું એ વિચારી તમારી અંદર સભાનતાથી વર્તન કરવાની પ્રેરણા આવી. તો મારા વહાલા યુવાનો, પેલો ઈશ્વર તો ચોવીસ કલાક તમને જોઈ રહ્યો છે ને? તેની હાજરીનો તમે ખ્યાલ રાખો છો ખરા? તે તો દરેક ક્ષણે તમારી સાથે હોય છે. જેમ મારી હાજરીને કારણે તમારી અંદર જાગૃતિ આવી તેમ ઈશ્વર ચોવીસ કલાક તમને જોઈ રહ્યો છે તેની હાજરી મહેસૂસ કરીને પગલું ભરોને?"

(સફળતા Here, Now, Ever લે. સુરેશ-અલકા પ્રજાપતિમાંથી સાભાર)

# ઈસુવાણીની શ્રદ્ધાલહર...

✍ ડો. સિલાસ પટેલિયા

ઈસુવાણીના વવાયેલાં શ્રદ્ધાબીજ
મારી જીવનભોંયમાં લહેરાતાં રહે લીલાછમ...
મા મારિયાનું પાવન સ્મરણ
નિત્ય આનંદ સરવાણીમાં મગ્ન રાખે!
સંતોનું સમર્પણ
મારા શ્રદ્ધાબીજને ફરીફરી અંકુરિત કરે!
ગાઉં આજ એ શ્રદ્ધાગીત
આ શબ્દોમાં, ને કરું સર્વમાં
શ્રદ્ધાનાં વાવેતર, ઈસુમહિમા અર્થે!
શ્રદ્ધાનો હું વાણોતર!

આવા આવા ઉમદાભાવ સાથે મા. જોનભાઈ કાનીસે ઈ.સ. ૨૦૦૫માં 'દૂત' સામયિકનું તંત્રીપદ સ્વીકાર્યું ત્યારથી છેક ૨૦૧૧માં એ જવાબદારીમાંથી મુક્ત થયા ત્યાં લગી, તંત્રીસ્થાનેથી લેખો લખ્યા. તેઓના સંસ્કારકોષમાં બાળપણથી જ ઈસુવાણી વણાઈ ગઈ હતી. માતાપિતાના ધાર્મિક સંસ્કાર અને જીવનમૂલ્યોથી ધબકતી જીવનશૈલી એમનું જીવનબળ છે. આજીવન શિક્ષક. શિક્ષકની ભૂમિકા અને જ્ઞાન સાથે સંસ્કારનું સંવર્ધન કરવામાં સાર્થક થતી હોય છે. એક શિક્ષક તરીકે, એક ખ્રિસ્તીબંધુલેખે તેઓએ સારી પેઠે અદા કરતા જ હતા. જ્યારે 'દૂત'ની જવાબદારી ખભે આવી ત્યારે, એ જ ભૂમિકાને તેમણે વ્યાપકફલક સુધી વિસ્તારી અને ઈસુવાણી પ્રત્યેની ખુદની શ્રદ્ધાના 'દૂત'ના પ્રત્યેક અંકમાં મથામણ કરી છે. એ લેખોમાંથી ચયન કરીને 'શ્રદ્ધાના વાવેતર' ગ્રંથ તેમણે તૈયાર કર્યો, જેનું પ્રકાશન 'ગુજરાત સાહિત્ય પ્રકાશે' કર્યું છે.

આ લેખો, જોનભાઈને 'દૂત'ના તંત્રી બન્યા ના હોત તો આવા વિષય અંતર્ગત આવી રીતે ને આવા ઉદ્દેશ સાથે લખાયા ના હોત, કેમકે તંત્રીસ્થાનેથી દરેક અંકે તેમણે ચોક્કસ હેતુથી, ચોક્કસ વાચકવર્ગને ધ્યાનમાં રાખીને આ લેખો કર્યાં છે. માટે જ આ સઘળાલેખોના વિષયો ખાસ હેતુને જ તાકે છે. આવા કારણવશ જ અહીં બાઈબલી વાણી, સંતોના સંદર્ભો, બાઈબલના પ્રસંગો, ખ્રિસ્તી તહેવારો, (ચારલેખો) ધર્મસભા, માતા મરિયમ (ત્રણ લેખો) આદિ વિશેનાં લેખો છે. કોઈને સવાલ થાય કે ૩૪ લેખોમાંથી લગભગ અડધા લેખો એવા છે જેમાં બાઈબલ, ખ્રિસ્તી તહેવારો તથા મા મરિયમ આદિ વિશેનાં છે, તો એ લેખો અંગે બિનખ્રિસ્તીવાચકવર્ગને શી વાચનરસની મજા આવે? આ લેખો જ એનો ઉત્તર આપે છે, એક તો, જેમને બાઈબલવાણી કે ખ્રિસ્તી સંતો કે મા મારિયા વિશે કશી જાણકારી નથી તેવા ભાવકવર્ગને જાણકારી પ્રાપ્ત થાય છે કેમકે આ લેખો ચિંતન અને માહિતીનો સુભગ સમન્વય સાધે છે. એ માહિતી તથા ચિંતન વડે પરોક્ષપણે બહુ જ વ્યાપક સંદર્ભમાં જીવનમૂલ્યોનો મહિમા વ્યક્ત થતો રહે છે જે સર્વવાચકમાં જીવનપ્રતિ શ્રદ્ધાનું જ વાવેતર કરે છે કેમકે એમાં ક્યાંક પ્રચારાત્મકતા-બોધાત્મકતાનો ભાર નથી. બીજું, આ કોટિના લેખોની વાણી સાદી સીધી સરળ છે. પ્રસંગોમંડિત છે. વત્સલ વડીલની હેસિયતથી, માની મમતા શબ્દોમાં રેડીને તેઓ વાતને રજૂ કરે છે માટે એ હૈયાસોંસરવી ઉતરી જાય છે. એ રજૂઆતની કળા પેલા લેખોને એકદમ વાચનક્ષમ બનાવે છે. કોઈને વાચકને એવું ના જ લાગે કે ભાઈ, આતો ખ્રિસ્તી જીવનમૂલ્યો, બાઈબલ અને ખ્રિસ્તીસંતો આદિ વિશેના લેખો છે, આપણને શું લાગેવળગે? આ બન્યું છે, અભિવ્યક્તિની લીલાને લીધે તથા જીવન સાથે મુદ્દાઓનો સમન્વય કર્યો છે એના પ્રતાપે!




'શ્રદ્ધાનાં વાવેતર' નિબંધ સંગ્રહનું વાચન સંખ્યાબધ્ધ વિષયોમાં વણાયેલું છે. એમાં સર્જકના અનુભવો છે, અન્યના અનુભવો છે, કહેવતો-રૂઢિપ્રયોગોનો યોગ્ય વિનિયોગ છે, પ્રસંગ સંકલના છે, કાવ્યની પંક્તિઓ છે, સંતવાણી છે, બાઈબલવાણી છે - આ બધાનો લેખકે, રોજબરોજના

માનવજીવન સાથે સાંકળીને વિચાર ક્યો છે. એ વિચાર કંતાતો કંતાતો ચિંતનનું રૂપ પામ્યો છે ને એ ચિંતનના તાર પેલા સંદર્ભો સાથે તાણાવાણા પામ્યા છે માટે જ આ ચિંતનપ્રધાન લેખો જીવનનો મહિમા ગાય છે. વાસ્તવનો સ્વીકાર કરતાં શીખવે છે. હતાશ-નિરાશ થયા વિના 'આગે કદમ... આગે કદમ... આગે કદમ...'નો મંત્ર આપણા પ્રાણમાં ફૂંકે છે. આજે ચારેબાજુ વિજ્ઞાન અને ટેકનોલોજીના ભારે વિકાસને બળે તમામ સુવિધા મળી છે. સુવિધાપરસ્ત જીવનશૈલીમાં મહાલતો માનવી વધુ ને વધુ સ્વાર્થી બનતો જાય છે. એનામાંથી માણસાઈથી ધબકતો માનવી ખોવાઈ ગયો છે. એ સંવેદનશૂન્ય બની ગયો છે. બાઈબલમાં કહ્યું છે કે તું આખું જગત પામે પણ તારા આત્માને ગુમાવે તો શું પામ્યો? હૈયાનો ક્યાં વિકાસ છે? આ લેખો પડી ગયેલા માનવીઓને બેઠા કરવાનું બળ ધરાવે છે. હતાશ થયેલાને જીવન ભણી વાળે છે. કોઈપણ લેખકની સમાજ પ્રત્યેની આવી ઉમદા જવાબદારી, સરાહનીય છે, એમાં જ એની લેખકલેખે સિદ્ધિ પણ છે. આ લેખો, આ અર્થમાં અત્યંત મૂલ્યવાન છે. આજના સમયસંદર્ભમાં તો આ ગ્રંથ અતિસાર્થક પૂરવાર થાય છે.

આ લેખો રસપ્રદ, રોચક અને પ્રસન્નતાનો અનુભવ આપનારા નીવડ્યાં છે એની પાછળનું કારણ લેખોની ગદ્યશૈલી છે. વિષયો, સૂક્ષ્મ રીતે, જોઈએ તો સનાતન છે, તેથી એ આજના જીવનસંદર્ભમાં પણ હોય જ, એ તો બરાબર, પણ એ વિષયોની ગદ્યવિધાન વડે જે રીતે માવજત થઈ છે, એ પણ ધ્યાનપાત્ર છે, લેખકની ગદ્યકાર તરીકેની એમાં સિદ્ધિ છે, લંબાણભયે અહીં ત્રણચાર ઉદાહરણ જોઈએ.

● લેખોના શીર્ષકો આકર્ષક તથા અર્થપૂર્ણ છે, માત્ર શોખ ખાતર કે ચબરાકીયાપણામાંથી એ જન્મ્યાં નથી. જેવાં કે 'સદા આનંદમાં રહેવાની ગુરુચાવી', 'જિંદગીઃ મોંઘી મિરાત', 'તીર્થોતમ', 'શ્રદ્ધામૂર્તિ ઈશજનેતા માતા મરિયમ', 'પાની બિચ મીન પિયાસી', 'જંગલી ઘાસ' – આ શીર્ષકો સ્વયં પ્રતીકો છે. વિષયપ્રવેશ માટે આવકાર આપતાં સુંદર દ્વાર છે. 'ગુરુચાવી', 'મિરાત', 'શ્રદ્ધામૂર્તિ', 'જંગલીઘાસ' આદિમાં જ વિષયનો એક ભરેલો પડ્યો છે. આવી સૂઝ કાબિલેદાદ! 'માનવજીવનમાં આતંક મચાવતા વાયરસ કે 'સંબંધોનુ સોફ્ટવેર'મા 'વાયરસ', 'સોફ્ટવેર' કમ્પ્યુટર-ઈન્ટરનેટ આદિ અદ્યતન યંત્રની લીલાને ચીંધતા સંદર્ભો રજૂ કરે છે, જેમાં વ્યંગકટાક્ષ પણ છે.

● ઘણા લેખોમાં ગદ્ય હળવું છે. વ્યંગકટાક્ષ હાસ્ય વ્યક્ત કરનારું છે. એમાં, અંતે તો લેખક આપણને જીવન પ્રતિ જ ઉજાગર કરે છે. જુઓ: 'અત્યારે તો સામાને અપ્રિય-કડવું ઝેર લાગે, એને એટેક આવી જાય એવું બોલવા લખવાની સર્વક્ષેત્રોમાં હોડ જામી છે. આપણા કેથલિક સમાજમાં તો અનામી એટલે સામાવાળાની નનામી નીકળે એવો પત્રિકાયુગ ફાલ્યો ફૂલ્યો છે અને મોબાઈલ જેવી આધુનિક ટેકનોલોજી એ માટે SMS જેવી સગવડ(?) પણ ઊભી કરી આપી છે.' (પૃ.૨૫) 'કડવું ઝેર', 'હોડજામી' જેવા શબ્દપ્રયોગો, 'અનામી'ની સામે 'નનામી', શબ્દોનો સહયોગ તથા 'પત્રિકાયુગ ફૂલ્યોફાલ્યો' આદિની સૂઝપૂર્વકથી ગોઠવણીથી બંધાયેલું વાક્ય રમૂજ-હળવાશ તથા વ્યંગ સાથે માનવીની માનસિકતાને વ્યક્ત કરે છે. પ્રભાવક આ વાક્યલીલા છે.


● 'અત્યંત પવિત્ર અને સરસ્વતીનું મંદિર મનાતા શિક્ષણક્ષેત્રે પણ આજે તો જંગલીઘાસ એટલું બધું ઊગી નીકળ્યું છે - ફૂલ્યુંફાલ્યું છે કે એની વચ્ચે ઘઉંની ડૂંડીઓ તો શોધીય જડતી નથી.' (પૃ.૧૩૦) શિક્ષણક્ષેત્રે વ્યાપેલી બદીઓનું આમાં નિદર્શન છે. 'જંગલી ઘાસ' એનું પ્રતીક છે, તો 'ઘઉંની ડૂંડી'ઓ સારા ફળનું પ્રતીક છે. એક વાક્યમાં કેટલી બધી પ્રભાવક્તાથી આજની શિક્ષણસ્થિતિને વાચા આપી! આમાં જોરદાર વ્યંગ પણ છે પણ એમાં છેવટે તો લેખકની વેદના જ તારસ્વરે પ્રગટ થઈ છે.

● 'બાઈબલની પરિભાષામાં કહું તો જૂની પ્રકૃતિ ફગાવી દો અને નવી પ્રકૃતિ ધારણ કરો.' (પૃ. ૨૯) સીધું સોંસરવું વાક્ય. મંત્ર જેવું. પ્રકૃતિ પ્રતીક છે, સ્વભાવ અને કુદરતની આ લીલાનું!

● 'વસંત એટલે કળીને ખીલવાનો, પાંગરવાનો કે ફૂલ બનીને મ્હોરવાનો સમય. સુકોમળ યૌવનની એ કળી યુવાનીની વસંતમાં જ ખરી પડે એની વેદના ઓછી તો ન જ હોય ને?' (પૃ.૧૯) આત્મહત્યા કરી અકાળે મૃત્યુ પામતા યુવાનોનો આમાં સંદર્ભ છે. અંતે આવતા પ્રશ્નાર્થમાં લેખકની વેદના છે જે સ્પર્શી જાય છે, તો વસંત-કળી યૌવનના પ્રતીકો છે. 'એ ખરી પડે...'માં વ્યથા છે. કાવ્યાત્મક આ વાક્ય હૈયાને ઘા કરે, એવું પ્રભાવક છે. આપણામાં સંવેદનશીલતા જગવે છે. આમાં લેખકની સિદ્ધિ છે.

આમ, વિય વૈવિધ્ય અને અભિવ્યક્તિની લીલાના સંદર્ભમાં, આ ગ્રંથ મૂલ્યવાન મૂડી સાબિત થાય છે.

**સંદર્ભ: 'શ્રદ્ધાના વાવેતર'**
**લેખક: શ્રી જોન કાનીસ**
**પ્રકાશન: ગુજરાત સાહિત્ય પ્રકાશ - ૨૦૧૨**
**કિ.: ૧૫૦/-**



# "હે ઈસુભક્ત, તું છે આ ધરતી કરને રક્ષણ તારું"

## (માર્ચ મહિનાનો પ્રાર્થનાનો હેતુ)

✍ બ્રધર આનંદ, એસ.જે.

"ક્યાં કશુંયે મેં માગ્યુંતું તારી પાસે?
ને તોયે ઊગતા સૂર્યે હંમેશા પૂછી છે મારી ખબર,
પવને ઝુલાવ્યા છે મારા આંગણાના ફૂલછોડ,
ને નદીઓના પાણીએ ભીંજવ્યો છે મને અંતસ્તલ સુધી.
પર્વતોના શિખરોએ મને ખભે ઊંચકીને રમાડ્યો છે
ને ક્યાં સુધી મળ્યો મારા હઠીલા પ્રેમનો પ્રતિશબ્દ?"

ઉપરના શબ્દો રજુ કરે છે ઈશ્વરનો કુદરત દ્વારા મનુષ્ય પ્રત્યે રજૂ થતો પ્રેમ. તો બીજી તરફે આ પ્રેમની વિરુદ્ધમાં "પર્યાવરણમાં અસંતુલન" ટેલીવિઝન અને સમાચારપત્રોમાં ચર્ચાનો મુખ્ય વિષય બન્યો છે. પ્રશ્નો જેવા કે ગ્લોબલ વોર્મિંગ, જંગલોનો વિનાશ, ઋતુચક્રમાં ફેરફાર, નામશેષ થતી વિવિધ જાતિઓ, અને ન્યુક્લીઅર અકસ્માત, પર્યાવરણ એ જાણે કોઈ બીજા ગ્રહનો મુદ્દો હોય અથવા આધુનિક યુગનો ફક્ત એક ચર્ચાનો વિષય હોય તે રીતે જોવામાં આવે છે. આપણો ખ્રિસ્તી સમુદાય પણ આ વિવિધ પ્રશ્નોથી જાણે અપરિચિત છે. એક ખ્રિસ્તી તરીકે કુદરત દ્વારા મળતા પ્રેમને પારખવા, ધરતીમાતા અને તેમાં રહેલા વિવિધ સજીવો પ્રત્યે આપણી જવાબદારીને સમજવામાં આપણે નિષ્ફળ ગયાં છીએ.

મહાશ્રી પોપ બેનેદિક્ત સોળમા 'કેરીતાસ વેરીટી'નામના પત્રમાં જણાવે છે કે "પર્યાવરણ એ ઈશ્વરે મનુષ્યને આપેલી ઉત્તમ ભેટ છે. તેનો યોગ્ય ઉપયોગ એ આપણી ગરીબો પ્રત્યે, ભવિષ્યની પેઢી પ્રત્યે તથા સમગ્ર માનવ જાત પ્રત્યેની જવાબદારી બને છે." કુદરતી સાધન-સંપત્તિને સરખા ભાગે વહેંચવી જેથી બીજાના હકને માન મળે, જોખમી પદ્ધતિનો ઉપયોગ કરતાં પહેલાં ભવિષ્યની પેઢી વિશે વિચાર કરવો અને અંતે સૃષ્ટિના સર્જક સાથે સુમેળ સધાય તે ખૂબ જરૂરી છે. જો આમ થશે તો, જે રીતે વ્યક્તિ પોતાની માંદગીમાંથી સાજાપણું મેળવે છે તે રીતે અસ્તવ્યસ્ત બનેલ પર્યાવરણ પોતાનું સાજાપણું મેળવશે.

જે પૃથ્વીનું સર્જન સાત દિવસમાં વર્ણવામાં આવ્યું છે તે જ પૃથ્વી સાત અધઃ પતનમાંથી પસાર થઈ રહી છે.

૧. બિન-ઉપજાવ જમીન ખેતીલાયક જમીનમાં ફેરવવામાં આવી. આજે આ જમીનો ઔધોગિકરણ અને શહેરીકરણને નામે ફરીથી સિમેન્ટીકરણમાં ફેરવાઈ રહી છે.

૨. રાસાયણિક દવાઓ અને ખાતરોના બહોળા ઉપયોગને લીધે જમીન પોતાની ગુણવત્તા ગુમાવી રહી છે. ડી.ડી.ટી. કે જેનાં ઉપયોગ પર પ્રતિબંધ લાદવામાં આવ્યો છે અરે તેનાથી પણ વિપરીત અસર કરનારી રાસાયણિક દવાઓનો ઉપયોગ થઈ રહ્યો છે.

૩. ઝેરી અને રાસાયણિક કચરો કાં તો જમીનમાં કે પછી નદીઓ અને સમુદ્રમાં છોડી દેવામાં આવે છે.

૪. આ પૃથ્વી જે આપણું એક સાચું ઘર છે તે એક ઉકરડામાં ફેરવાઈ રહ્યું છે. આ ઉકરડો છેક એન્ટાર્કટિકા ધ્રુવ સુધી વિસ્તરી ગયો છે.

૫. અશ્મિબળતણનો વ્યાપ વધતા ઉત્પન્ન થતાં કાર્બન ડાયોક્સાઈડે ગરમીમાં વધારો કરીને વાતાવરણમાં અસ્થિરતા લાવી દીધી છે.

૬. દરરોજ આશરે ત્રણ જાતિ નામશેષ થતાં તે માનવ ઈતિહાસમાંથી લુપ્ત થઈ રહી છે.

૭. કુદરત સાથેનો સુમેળ અને મનમેળ ન જળવાતાં આપણે આપણી સંસ્કૃતિ પણ ગુમાવી રહ્યાં છીએ.

વડાધર્મગુરુ બેનેદિક્ત સોળમા દ્વારા મનુષ્ય મારફતે કરાતા પાપોની વ્યાખ્યાને બહોળી કરવામાં આવી, કે જેમાં સાત પાપો પૈકી ચોથા નંબરે વાતાવરણને દુષિત કરવું તે એક પાપ છે તે રીતે ઉમેરવામાં આવ્યું.

### સાચો કારભારી

માથ્થીકૃત શુભસંદેશમાં અધ્યાય ૨૫માં સોનામહોરની સુંદર દૃષ્ટાંત કથા આપવામાં આવી છે. માલિક પોતાનું ધન કારભારીને આપીને વિદેશ ચાલ્યો જાય છે. કારભારી પોતાની સોનામહોર ખોવાઈ જશે તે બીકે તેને જમીનમાં દાટી દે છે. પરંતુ કથાને અંતે માલિક પરત ફરતા કારભારીને શિક્ષા થાય છે. જ્યારે ઈશ્વર પિતા આપણને સોંપાયેલી ધરતીમાં થયેલો દૂરપયોગ જોશે, જ્યાં ધરા ગંદી, કટાઈ ગયેલી અને કદરૂપી હશે, ત્યારે ચોક્કસ દુઃખી થશે.

ઉત્પત્તિના ગ્રંથમાં આદમ અને હેવાને પૃથ્વી એક કુશળ કારભારીઓ તરીકે સોપાઇ હતી. ઈશ્વરે મનુષ્યને પોતાની પ્રતિમૂર્તિરૂપે ઘડ્યો છે. મનુષ્ય સિવાય ઈશ્વરે બીજા કોઈને પણ પોતાની પ્રતિમૂર્તિરૂપ ઘડ્યો નથી. અને તેથી જ પ્રતિમૂર્તિરૂપ હોવાને કારણે મનુષ્યને પૃથ્વી ઉપર કારભારી કે કાળજી રાખનાર તરીકે સત્તા આપવામાં આવેલ છે. નહીં કે બેપરવાઈથી તેનો દુરપયોગ કરવા.

વિજ્ઞાન અને ટેકનોલોજી કુદરતની જટિલતા સમજી વસ્તુનો સદ્‌પયોગ કેવી રીતે કરવો તે શીખવે છે. સ્વાર્થી મનુષ્યે વિજ્ઞાન અને ટેકનોલોજીનો ઉપયોગ ફક્ત અને ફક્ત ધરતીનું શોષણ કરવા માટે જ કર્યો. પર્યાવરણનું સંતુલન જાળવવાના બદલે પર્યાવરણ સાથે હંમેશા ખોટો વ્યવહાર થયો છે. પર્યાવરણની અધોગતિ એ મનુષ્યની લાલચ અને સ્વાર્થનું પરિણામ છે. મનુષ્ય દરેક વસ્તુના ઉપયોગમાં પોતાની જાતને કેન્દ્રસ્થાને બનાવે છે. જૂના કરારમાં, આપણા પૂર્વજોના સમયથી, પશુ-પક્ષી અને વન્ય જીવન પ્રત્યે કેવો આદર રાખવો તેની વાત થઈ છે. (અનુસંહિતા ૨૨:૧-૧૨) ઈસુ પણ પોતાનાં દૃષ્ટાંતમાં જણાવે છે કે ઈશ્વરપિતા નાની ચકલીઓ પ્રત્યે પણ કેટલી કાળજી રાખે છે (માથ્થી ૧૦:૨૯). પરંતુ આ સર્વે જાણે ભૂલાઈ ગયેલી બાબત સમાન છે.

પર્યાવરણના મુદ્દાને દરેક જગ્યાએ સરખું સમર્થન મળતું નથી. સામાજિક અને ધાર્મિક બાબતો કરતાં આર્થિક લાભની અગત્યતા ઉપર વધુ ભાર મૂકાય છે. આપણે આ પૃથ્વીના સાચા માલિક નથી તો તેના શોષણ કરનાર પણ નથી. એક વપરાશ કરનાર તરીકે ભવિષ્યની પેઢીને આપણે હિસાબ આપવો પડશે. એક સુંદર વાર્તા છે, જેમાં બે ધમાલિયા મિત્રો એક ગામમાં રહેતા હોય છે. તે જ ગામમાં એક સંત પણ રહેતા હોય છે. એક વખતે આ સંતની પરીક્ષા કરવા આ બન્ને મિત્રો પોતાની મુઠ્ઠીમાં એક પતંગિયું પકડીને લઈ ગયા, અને પૂછ્યું કે તે પતંગિયું જીવતું છે કે મરેલું. સંતને તેમની દુષ્ટતાનો ખ્યાલ આવી ગયો. તે સમજી ગયા કે જો તે એમ કહેશે કે પતંગિયુ મરેલું છે તો પતંગિયું ઉડાડી કહેશે કે તમે ખોટા છો. અને જો એમ કહેશે કે પતંગિયું જીવતું છે તો પતંગિયાને મુઠ્ઠીમાં મસળી નાખી કહેશે તમે ખોટા છો. તે સંતે બન્ને મિત્રોને કહ્યું, પતંગિયું જીવતું કે મરેલું છે તે તમારા હાથમાં છે. આજ રીતે પર્યાવરણ બચાવવું કે તેનો નાશ કરવો તે આપણા હાથમાં જ છે, કારણ પર્યાવરણ અને આપણે એક જ છીએ.

અંતે મારું માનવું છે કે આ ધરાની કાળજી રાખવી તે આપણી પવિત્ર ફરજ છે અને તે માટે આપણે જવાબદાર પણ છીએ. આપણે પર્યાવરણ પ્રત્યેની અને બીજા પ્રત્યેની આપણી જવાબદારીથી સભાન બનીએ. આપણે દુનિયા અને દુનિયા આપણામાં છે. જો આપણે આપણા જીવનમાં ડોકિયું કરીએ અને જે રીતે જીવન જીવી રહ્યા છે તે ઉપર વિચાર કરીએ તો પર્યાવરણની સમસ્યાનો ઉકેલ આપણામાં જ રહેલો છે. લાલચ અને વધુને વધુ મેળવવાની પ્રબળ ઈચ્છા આપણને દુ:ખી જ કરે છે. ભૌતિક વસ્તુને મેળવવાની ઘેલછા ક્યારેય પૂર્ણ થતી નથી. આપણી ઈચ્છાઓ સંતોષવા આ પૃથ્વી પણ નાની લાગે છે. આપણે દરેકે વ્યક્તિગત રીતે ભૌતિક સુખની ગુલામીમાંથી છૂટકારો મેળવવો જ પડશે. તો ચાલો આપણે પણ વડાધર્મગુરુ માન્ય પ્રાર્થના હેતુમાં સામેલ થઈએ અને પ્રાર્થીએ કે પર્યાવરણ પ્રત્યે આદર-સન્માન વધતો જાય. માનવજાતને આપેલ પર્યાવરણની જાળવણી દરેક માનવી સમજે અને કુદરત એ પ્રભુનું જ સર્જન છે તેવી સભાનતા કેળવાય. ●


**હેપી બર્થડે ટુ વ્હાલસોયા પ્રજ્ઞીલ (સોનુ)**



**Birthday date**
**19-2-2006**

**શુભેચ્છા ધરાવતાં વ્હાલસોયાં**
**કલ્પેશ ડિસોઝા (પપ્પા) પ્રજ્ઞા ડિસોઝા** (મમ્મી)
**કાંતિભાઈ એન. ક્રિશ્ચિયન (દાદા T.D.O.),**
**સ્વ. શારદા કે. ક્રિશ્ચિયન (દાદી)**
**સ્વ. પીટરભાઈ જી. ક્રિશ્ચિયન (વડદાદા)**
**પાઉલભાઈ જી. ક્રિશ્ચિયન (વડદાદા),**
**મોનીકાબેન પી. ક્રિશ્ચિયન (વડદાદી)**
૧૯, નિલગીરી પાર્ક સોસાયટી,
ઝેવિયરનગરની પાછળ, પાધરિયા - આણંદ
ફોનઃ ૨૫૬૮૬૯


**બ્રાઈડ એન્ડ બ્રાઈડલ્સ**



બ્રાઈડલ સેટ, કમ્યુનિયન સેટ, બેપ્ટિસમ સેટ,
આર્ટીફીસીયલ જ્વેલરી સેટ

**પારૂલ જે. મેકવાન** (ડિઝાઈનર)
ફોનઃ (૦૨૬૯૨) ૨૫૦૫૯૫
૯૮૭૯૮ ૫૭૭૯૭, ૯૭૨૭૭ ૦૪૧૨૫

*ચંદ્રનિલય, સૂર્યનગર સોસાયટી,*
*પુષ્પવિહાર સામે, આણંદ - ૩૮૮ ૦૦૧*



**"વેલી'સ બ્લિસ"**
**પ્રિન્સ મેકવાન (ફેશન ડિઝાઈનર)**
**ડિઝાઈનર વેર બ્રાઈડ અને ગ્રુમ બન્ને માટે**
**કમ્યુનિયન ફ્રોક, મેક્ષી, સાડી, શૂટ, શેરવાની**

**—: સંપર્ક :—**
**પ્રિન્સ મેકવાન**
**૮-એ, નવજીવન કોલોની**
**સેંટ ઝેવિયર્સ રોડ, આણંદ - ૩૮૮૦૦૧**
**મો.: ૮૦૦૦૯ ૫૭૦૮૦**
**૯૭૨૫૨ ૩૯૨૯૨**

# અભિનંદન

**વડોદરામાં C.A.ની સિદ્ધિ પ્રાપ્ત કરનાર પ્રથમ ગુજરાતી કેથલિક યુવતી.**



ગામ રાજનગરના વતની પરમાર રજનીકાંત (રાજુ) અંબાલાલ તથા પુષ્પાબેનની સુપુત્રી જે હાલ; વડોદરા સ્થિત **કુ. ભાવિતા રજનીકાંત પરમાર** ચાલુ વર્ષે યોજાયેલ સી.એ. (ફાઈનલ) ની પરીક્ષામાં ઉત્તીર્ણ થઈ ઝળહળતી સફળતા હાંસલ કરે છે. કુ. ભાવિતાએ સી.એ. (ફાઈનલ)ની સાથે M.Comની પરીક્ષામાં પણ સફળતા હાંસલ કરેલ છે.

કુ. ભાવિતા અત્રેના સંત જોસેફ ધર્મપ્રાંતમાંથી રોમન કેથોલિક સી.એ.ની પરીક્ષામાં સફળતા હાંસલ કરનાર પ્રથમ ખ્રિસ્તી વિદ્યાર્થિની છે. ભાવિ કારકિર્દી માટે કુ. ભાવિતાને શુભેચ્છાઓ.



:: **<u>શુભેચ્છક</u>** ::

**કુ. રાજેશ્વરી રજનીકાંત (બહેન)**
**M.B.A. (ફાઈનાન્સ)**

SF-૨૦૩, શાંકુતંલ ફ્લેટ, ટી.પી. ૧૩,
છાણી જકાત નાકા, વડોદરા - ૩૯૦૦૨૪
મો. ૯૬૮૭૦ ૪૯૨૬૪, ૯૯૨૫૬ ૧૯૮૬૯

# અભિનંદન

**"સફળતા અને સિદ્ધિ એ તો**
**અથાગ પરિશ્રમ મનની લગન**
**અને ઈશ્વર પરની શ્રદ્ધાની દેન છે."**



અમારા સુપુત્ર **ચિ. ભૂમિતે** S.P. University ખાતે ૨૦૧૨માં M.S.W.ની ડીગ્રી "સુવર્ણ ચંદ્રક" સાથે પ્રાપ્ત કરેલ છે. ભૂમિતને પરિવાર તથા સમાજનું નામ રોશન કરવા બદલ ખૂબ ખૂબ અભિનંદન. આગામી જીવનમાં તેઓ સિદ્ધિનાં વધે ઊંચા શિખરો સર કરે તેવી પ્રભુ પ્રાર્થના.

"વ્હાલા દીકરા ભૂમિત આનંદથી
ઊભરાય અંતર અમારાં."

**લિ.**

| | |
|---|---|
| **પીનલ-મીનેશ** | **જોનભાઈ-શાંતાબેન** |
| **રોમીન** | **શીતલ** |

નિવાસ: નિરવ પાર્ક, ચાવડાપુરા


# ઈન્ટરનેશનલ શાલેમ મેરેજ બ્યુરો

દેશ, વિદેશના કુંવારા તથા હેન્ડીકેપ્ટ માત્ર માટેનું,
દેશ-વિદેશમાં ઘેર બેઠાં પ્રત્યક્ષ માહિતી આપતું

## <u>જીવનસાથી પસંદગી કેન્દ્ર</u>

**સમય:** સોમવારથી શનિવાર ૯.૩૦ થી ૬.૩૦ અને
રવિવારે ૧૦.૩૦ થી ૬.૩૦
એપોઈમેન્ટ લઈને જ મળી શકાશે.

૧. રજીસ્ટ્રેશન ફી: રૂા.૫૦/-, ૧૦૦/-, વિનામૂલ્યે તથા યોગ્યતાના ધોરણે લેવામાં આવશે.
૨. રજીસ્ટ્રેશન ફી સિવાય કોઈ ફી લેવાતી નથી.
૩. આર્થિક રીતે નબળા, વિધવા કે બેરોજગાર યુવતીઓ પાસેથી રજીસ્ટ્રેશન ફી લેવામાં આવતી નથી. તેમજ જીવનસાથી પસંદગી કેન્દ્રમાં આવનારને પસંદગી કેન્દ્ર તરફથી વધુમાં વધુ રૂા.૩૦/- ભાડુ એક વખતનું આપવામાં આવશે.
૪. પસંદગી કેન્દ્રમાં આવનાર દરેકને નવક્રાંતિ સાપ્તાહિક પેપર વિનામૂલ્યે આપવામાં આવશે તથા ખ્રિસ્તીબંધુ, ગુજરાતી ક્રિશ્ચિયન, દૂત તથા અન્ય મેગેઝીનો વિનામૂલ્યે મળશે.
૫. અમદાવાદથી પ્રગટ થતું નવક્રાંતિ તથા ગરવી નવક્રાંતિ સાપ્તાહિક પેપરમાં યુવક-યુવતીઓના બાયોડેટાનું લીસ્ટ મૂકવામાં આવે છે. જેથી ઘેર બેઠાં તમારા પાત્રની પ્રત્યક્ષ માહિતી મેળવી શકો છો તથા તમારા બાયોડેટાની જાહેરાત બે સાપ્તાહિક પેપરમાં તથા બે વખત ઈન્ટરનેટ પર વિનામૂલ્યે મૂકવામાં આવે છે.
૬. ૪૦ વર્ષની ઉપરના તથા પેન્શનર સિનિયર સિટીઝન પાત્ર મળશે.

ડાયરેક્ટર: **ભાઈલાલભાઈ એસ. ટેલર**
પાર્ક સ્ટ્રીટ, મેથોડિસ્ટ નર્સીંગ સ્કૂલ સામે, મિશન રોડ, નડીઆદ - ૩૮૭૦૦૨
મો. ૯૮૯૮૩ ૧૮૬૮૫, ૯૭૧૪૫ ૧૮૩૬૭ E-mail: shalemmburo@gmail.com


# SUMMONS BY EDICT

## Marriage Case

Joseph P.V. - Petitioner
Deenamma P.A. - Respondent

Since the present whereabouts of Deenamma P.A., Respondent, in the above-mentioned marriage case are not known, she is, hereby summoned by this Edict to appear in person before the undersigned Judge in the Office of the Gandhinagar Inter-diocesan Ecclesiastical Tribunal, Diocesan Pastoral Centere, Nirmal Nagar, Nadiad - 387002 on Monday 18 March, 2013 at 9.00 a.m. to give evidence in the above case presently being heard before the Gandhinagar Inter-diocesan Ecclesiastical Tribunal, Diocesan Pastoral Centre, Nirmal Nagar, Nadiad-387002. Anyone knowing about the whereabouts of Deenamma P.A. in the measure possible should duly apprise her of this summons.

Similarly, anyone knowing of Deenamma P.A. is kindly requested to inform this office of the same.

| | |
|---|---|
| Sr. Jane, SMI | Fr. Appathurai |
| Notary | Judge |

# લગ્ન વિષયક

*ગુજરાતી રોમન કેથોલિક યુવક, ઉંમર વર્ષઃ ૩૩, ઊંચાઈઃ ૫'-૪", રંગઃ ઘઉંવર્ણો, અભ્યાસઃ M.A. B.Ed., સર્વિસઃ સરકારી પ્રાથમિક શાળામાં કાયમી શિક્ષક તરીકે ફુલ પગારમાં ફરજ બજાવે છે. અપેક્ષાઃ સરકારી/વિદ્યાસહાયક શિક્ષિકા. લાયકાત ધરાવતી યુવતીઓના વાલીઓએ સંપર્ક કરવો. **મો. ૯૪૦૮૬ ૬૬૦૪૧**

* * *

*ગુજરાતી કેથોલિક યુવક, ઉંમર વર્ષ ૩૦, ઊંચાઈ ૫'૩", રંગ ગોરોવાન, જેનો પોતાનો સ્વતંત્ર ધંધો માસિક આવક મહિને રૂા. ૨૦,૦૦૦/-, અભ્યાસ C.N.C., A.OC.P કરેલ છે માટે યોગ્ય લાયકાત ધરાવતી યુવતીના વાલીઓએ સંપર્ક કરવો.

**મો. ૦૯૫૫૮૭ ૩૧૧૫૩**

* * *

*ગુજરાતી રોમન કેથોલિક યુવક, ઉંમર વર્ષ ૩૨, ઊંચાઈ ૫'૭", અભ્યાસ M.S.W. હાલમાં સિવિલ હોસ્પિટલમાં પ્રોજેક્ટ ઓફિસર તરીકે કાયમી સર્વિસ કરતા યુવક માટે યોગ્ય લાયકાત ધરાવતી યુવતીઓના વાલીઓએ સંપર્ક કરવો.

**મો. ૯૪૨૭૩ ૦૨૧૧૦**

* * *

*વડોદરા સ્થિત ગુજરાતી કેથોલિક "BHMS" ડોક્ટર યુવતી, ૨૪ વર્ષ, ગોરો વાન, ૫૦ K.G. / ૫'૩" માટે ડોક્ટર, એન્જીનિયર અથવા સમકક્ષ ઉચ્ચ શિક્ષિત યુવકના વાલીઓએ સંપર્ક કરવો.

**મો. ૯૮૨૫૬ ૮૩૫૧૮**

*ગુજરાતી કેથોલિક યુવતી, ઉંમર-૩૫, ઊંચાઈ ૫'૩", અભ્યાસ M.A. B.Ed. (ગુજરાતી હિંદી), શિક્ષક માટે યોગ્ય લાયકાત ધરાવતા યુવકના વાલીઓએ સંપર્ક કરવો.

ગુજરાતી કેથોલિક યુવક, ઉંમર ૨૮, ઊંચાઈ ૫'૬", અભ્યાસ B.A., Computer સેનેટરી, હાલ ગવર્મેન્ટ ઓફીસમાં નોકરી કરતા યુવક માટે યોગ્ય યુવતીના વાલીઓએ સંપર્ક કરવો.

**મો. ૯૫૩૭૦ ૦૬૧૧૭**

* * *

*ગુજરાતી કેથોલિક યુવક, ઉંમર વર્ષ ૨૯, ઊંચાઈ ૫'૨", રંગ ગોરોવાન, અભ્યાસ એમ.એ.બી.એડ., એમ.બી.એ. (લંડન) હાલમાં લંડનમાં નોકરી કરતા યુવક માટે યોગ્ય લાયકાત ધરાવતી યુવતી (અપેક્ષા નર્સિંગ G.N.M.)ના વાલીઓએ સંપર્ક કરવો.

**મો. ૮૪૬૯૭ ૮૮૦૦૩**

* * *

*આર્થિક સુખી સંપન્ન RC યુવક, ઉંમર વર્ષ ૨૯, ઊંચાઈ ૫'૫", દેખાવડા P.T.C., B.A. (Running) ફાધરની સંસ્થામાં ટીચર તરીકે, પગાર ૫૦૦૦+ટયુશન માટે તેમજ RC યુવતી ઉંમર વર્ષ ૩૨, ઊંચાઈ ૫", દેખાવડી, B.A. (English), P.G.D.C.A. ગવર્મેન્ટ જોબ (૧૧ માસ કરાર આધારિત) પગાર ૧૪,૦૦૦/- માટે યોગ્ય લાયકાત ધરાવતા યુવક (સારી જોબ), યુવતી (B.A., B.Ed., તથા વિદ્યાસહાયક)ના વાલીઓએ તરફથી સંપર્ક આવકાર્ય.

**મો. ૯૯૨૪૧ ૨૦૮૭૭, ૯૮૨૪૧ ૬૨૬૪૦**

*Catholic parents seek suitable alliance for their M.A. B.Ed., (English) simple and good looking daughter aged 36 years, height 5'4", working as a teacher in Govt. granted Higher Secondary School, earning Rs. 35,000/- per month, from parents of well qualified and well placed religious boy those interested may please contact on **94291 61010**

જાહેરાત

## કેર ટેકર ટ્રેનીગ કોર્ષ સેન્ટર

ઈમાનુએલ એજ્યુકેશન ટ્રસ્ટ (રજી. નં. ઈ/૨૬૩૯/આણંદ દ્વારા કેર ટેકર ટ્રેનિંગ કોર્ષ દ્વારા અનેક ભાઈઓ-બહેનો સફળતાપૂર્વક ઈઝરાયેલ વર્કપરમીટ મેળવી ચૂકેલ છે. સંસ્થા દ્વારા ઉચ્ચ શિક્ષણ આપી પરદેશ જવા માટે માર્ગ મોકળો કરી આપનાર એક માત્ર સંસ્થા કોર્ષમાં પ્રવેશ માટે

**રહેઠાણઃ** ઈમાનુએલ આઈ. ક્રિસ્તી (ડાયરેક્ટર) ૮, મારૂતિપાર્ક, સી.એન.આઈ. ચર્ચ સામે, સિંગલાવ રોડ, બોરસદ, જિ. આણંદ મો. ૯૮૭૯૩ ૬૩૯૮૬, ૮૪૮૭૦ ૮૬૩૭૯

**ઓફિસઃ** ૧૨/૨ ભગીરથ સોસાયટી, છાણી-નિઝામપુરા રોડ, SBI બેંક પાસે છાણી જકાતનાકા, વડોદરા

# શેરોન વેડીંગ ડ્રેસ ડીઝાઈનર



ક્રિશ્ચિયન લગ્ન માટે મેક્ષી અથવા સાડી અને બ્લાઉઝ, નેટ, બૂકે, પર્સ, ગ્લોઝ, બ્રોચ, હેન્કી રૂ.૩૫૦૦/-માં મેક્ષી અથવા સાડી સાથે કુલ બાર વસ્તુઓ

નેટ, ક્રાઉન, બૂકે, ગ્લોઝ તથા દુલ્હા-દુલ્હન માટે બ્રોચ અને હેન્કી, બકરમસ્લીપ, પર્સ, બે ડઝન કાચની બંગડી તથા સ્કાર્ફ

ફર્સ્ટ કમ્યુનિયન માટે મેક્ષી, નેટ, ક્રાઉન, ગ્લોઝ ફક્ત રૂ.૧૨૦૦/-માં ફક્ત મેક્ષી, ૨૫૦૦માં.

ડાયમંડ સેટ, ક્રાઉન અને બૂકે મળશે.

**પરવીન એસ.: 'ઈવાઝ'ના સ્પેશ્યલ કારીગર**
**મો. ૯૬૨૪૩ ૬૦૬૮૯ / ૯૯૯૮૧ ૧૩૫૦૩**
**શ્રીકૃષ્ણ ચોક, જૂનો સરપંચનો વાડો,**
**બાકરોલ, તા.જિ. આણંદ**

*બહારથી આવનારે એપોઈન્ટમેન્ટ લેવી. મેક્ષી હોલસેલ ભાવે બનાવી આપવામાં આવશે. તદ્દન નવા સ્ટોકમાં, ઈમરજન્સી ઓર્ડર લેવામાં આવશે.*

જાહેરાત

# એના ટ્રાવેલ્સ આયોજીત
# ઉનાળુ વેકેશન પ્રવાસ

## પ્રવાસ - ૧

**આણંદથી ઈલોરા, દોલતાબાદ, ઔરંગાબાદ, ગોવા, મહાબળેશ્વર, પંચગીની, લોનાવાલ, ખંડાલાથી આણંદ પરત**

| | |
|---|---|
| પ્રવાસ દિવસ **૮** | રહેવા જમવા સાથે |
| ટિકિટનો દરઃ **રૂા. ૫૭૦૦/-** | એડવાન્સઃ ૨૦૦૦/- |

બસ ઉપડવાની તારીખઃ ૧૪-૦૫-૨૦૧૩ સાંજે ૭ કલાકે

## પ્રવાસ - ૨

**આણંદથી જોધપુર - જેસલમેર - બિકાનેર - પોખરણ (રણુજા)થી આણંદ પરત**

| | |
|---|---|
| પ્રવાસ દિવસ **૪** | રહેવા જમવા સાથે |
| ટિકિટનો દરઃ **રૂા. ૩૨૦૦/-** | એડવાન્સઃ ૧૦૦૦/- |

**બસ ઉપડવાની તારીખઃ** ૨૬-૦૫-૨૦૧૩ સાંજે ૭ કલાકે
**બસ ઉપડવાનું સ્થળઃ** તુલસી ટોકીઝ પાસે, અમૂલ ડેરી રોડ, આણંદ

**:: માહિતી અને બુકિંગ માટે સંપર્ક કરો ::**

**રમણલાલ એન. પરમાર** (દાવડાવાળા)
અકીર શાલેમનગર સોસાયટી, બેથેલ મેથોડિસ્ટ ચર્ચ પાસે,
પરીખ ભૂવન પાછળ, આણંદ - ૩૮૮૦૦૧
**મો. ૯૯૨૫૭ ૫૦૩૯૫, ૯૫૩૭૯ ૧૪૮૪૨**
અમીત પરમારઃ **૯૭૨૭૧ ૩૨૩૯૭**



# શ્રદ્ધાંજલિ



**સ્વ. યાકુબભાઈ ગોરધનભાઈ સોલંકી**

જન્મ: ૦૯-૧૨-૧૯૪૫ ● અવસાન: ૨૦-૦૧-૨૦૧૩

**"વ્હાલા પપ્પાની યાદમાં"**

"આંખો હજી નિહાળે છે તમને,
હૈયું હજી પોકારે છે તમને,
જ્યારે જ્યારે તમારું સ્મરણ થાય છે
ત્યારે ત્યારે મન મૂકી રડાવે છે અમને.
મન હજી માનતું નથી કે, તમે અમારી વચ્ચે નથી,
ક્ષણે ક્ષણે યાદ તમારી સતાવે છે અમને."

બેઠા છીએ હજી, વાટ જોઈ તમારી,
સૂઝતું નથી કશું, ને ખૂટે છે ધીરજ અમારી,
આમ અચાનક પડી, પ્રભુને શી ખોટ તમારી,
સમય તો પાક્યો ન હતો, ને પકડી વાટ સ્વર્ગની ન્યારી,
શીદને કરી ઉતાવળ, રાહ ના જોઈ અમારી,
ઝંખે છે તને, તલસે છે મન, સાંભળવા વાણી તમારી,
શું કરીએ, શું ના કરીએ, એકવાર આવોને પાસ અમારી,
વિનવીએ ઈશ્વરને વારી વારી, સંભાળે અમાનત અમારી,
ફરી મળીશું અચૂક, એ જ પ્રભાતે પ્રભુ ઉઠ્યા'તા કાજ અમારી,
દેતા રહેજો આશિષ ને હંમેશા રહેજો વધારતા શ્રદ્ધા અમારી.

**એજ આપની વિદાયથી દુઃખી પરિવાર**
**લલિતાબેન યાકુબભાઈ સોલંકી તથા બાળકો**
૩-એ, આનંદપાર્ક સોસાયટી, અર્બુદાનગર સામે, મિશન રોડ,
રામતલાવડી, નડીઆદ - ૩૮૭૦૦૨

**નોંધ:** અમારા પપ્પાની બાયપાસ સર્જરી સમયે, મરણપ્રસંગે, પ્રાર્થનાસભામાં રૂબરૂ, ઘરે કે ફોન દ્વારા સાંત્વના આપનાર તેમજ અમારા પપ્પાના આત્માની શાંતિ માટે પરમપૂજા અર્પણ કરનાર દરેક પુરોહિતો, ધર્મભગિનીઓ, સ્નેહીજનો, પ્રત્યક્ષ કે પરોક્ષ રીતે તેમની પ્રાર્થનામાં યાદ કરનાર સર્વ શ્રદ્ધાળુઓનો અમારા પરિવાર વતી ખૂબ ખૂબ આભાર.

# પ્રથમ માસિક શ્રદ્ધાંજલિ



**સ્વ. અ.સૌ. શાન્તાબેન ખુશાલભાઈ પરમાર**

સ્વર્ગવાસ: ૫મી ફેબ્રુઆરી, ૨૦૧૩

વ્હાલી મમ્મી,
અચાનક અમારી વચ્ચેથી તું વિદાય થઈ જશે,
એમ અમે માની શકતાં નથી!
એકાએક આ ઘર-ફળિયું વેરાન બની જશે,
એમ અમે જોઈ શકતાં નથી!
અણધાર્યા તારા અવસાનથી, પપ્પા એકલા પડી જશે,
એમ અમે સહન કરી શકતાં નથી!
આયોજન પરમાત્માનું અમારા પરિવાર માટે આ હશે,
એમ અમે સ્વીકાર કરી શકતાં નથી!
અવિરત અશ્રુધારા વચ્ચે, સ્વર્ગધામમાં વિસામો તારો થશે,
એમ અમે પ્રાર્થી શકતાં નથી!

**તારાં બાળકો**
**સુરેશ, કોમલ**
**પ્રકાશ**
**રશ્મિ, મહેશ, સોનુ**

**જાહેર આભાર:** મારાં ધર્મપત્ની સ્વ. અ.સૌ. શાન્તાબેનની દફનવિધિ અને પ્રાર્થનાસભા પ્રસંગે ઉપસ્થિત રહી તેમજ અંગત મુલાકાત લઈ, પ્રાર્થના કરી અમને આશ્વાસન આપ્યું છે, તે માટે ઠાસરા, ડાકોર, ઉમરેઠ, છોટાઉદેપુર, કવાંટના સર્વ પુરોહિતગણ, સાધ્વીબહેનો અને અમારા સગાંવ્હાલાં-મિત્રોનો જાહેર આભાર માનું છું. પરમાત્મા સ્વર્ગસ્થના આત્માને શાશ્વત શાંતિ અર્પે અને અમારા પરિવારને આશ્વાસન મળે તે માટે નિત્ય પ્રાર્થના કરજો. ધન્યવાદ.

**ખુશાલભાઈ પી. પરમાર**
**ડભાલી, તા. ઠાસરા, જિ. ખેડા**
**ફોન: ૦૨૬૯૯-૨૮૬૫૦૦**

## "ઈસુ મારું તારણ કર"



**સ્વ. સિમોનભાઈ ઉર્ફે**

**સમુએલ બી. વાણીયા** (વતનઃ ભાલેજ)

જન્મ: ૧૬-૦૪-૧૯૩૨

અવસાન: ૨૦-૦૧-૨૦૧૩

જીવન એવું જીવ્યા કે, જોનારા જોયા કરે,
કર્મ એવા કર્યા કે, હૃદયમાં સૌના ગુંજ્યા કરે,
દુઃખથી કદી ડર્યા નથી, સુખદુઃખમાં સદાય હસતા રહ્યા,
જીવનભર મહેનત કરી શૂન્યમાંથી સર્જન કરી
કુટુંબ માટે ફૂલ પાથર્યા. પુનરુત્થાનની પ્રભાતે ફરીથી
મળીશું એવી આશા. પ્રભુ આપના આત્માને
ચિર શાંતિ બક્ષે એજ અભ્યર્થના.

**નોંધઃ** અમારા પિતાના મૃત્યુ પ્રસંગે અમારી પડખે રહી પ્રત્યક્ષ કે પરોક્ષ રીતે દિલાસો પાઠવનાર તથા અન્ય રીતે મદદરૂપ થનાર સૌનો હૃદયપૂર્વક આભાર માનીએ છીએ.

**લિ. દુઃખી પરિવાર**
**કાન્તાબેન સિમોનભાઈ વાણીયા**
**ડો. મનુભાઈ એસ. વાણીયા** **ડો. ઈગ્નાસ એસ. વાણીયા**
ન્યુ. રવિકુંજ સોસાયટી, પાધરીયા, આણંદ / ફોનઃ ૦૨૬૯૨ ૨૬૯૬૯૯

## પ્રથમ પુણ્યતિથિએ શ્રદ્ધાંજલિ



**સ્વ. જોસેફ ડેનિયલ**

જન્મ: ૦૧-૦૨-૧૯૩૭

અવસાન: ૦૮-૦૩-૨૦૧૨

૭૫ વર્ષ ઈશ્વરમય જીવન જીવી ગયા
અમ જીવનમાં તમ સુમધુર યાદ મૂકી ગયા
જીવન જીવવાની રીત જિંદગીમાં ચઢાવ
ઉતારમાં પણ ડગી નથી ગયા.
જિંદગીના અંત સુધી ઝઝુમી
મૃત્યુને હાર આપી ગયા.
મન નથી માનતું પણ અંશ તમારો આપીને
જીવવાનું કારણ આપી ગયા.

૪/ક/૩૪૧
વિવેકાનંદ નગર,
હાથીજણ
(ગુતાલવાળા)

**લિ.**
**આપની ધર્મપત્ની રીટાબેન જોસેફ**
**તથા ગાબ્રિયેલ ડી. ક્રિશ્ચિયન (ભાઈ)**
**સમગ્ર ડેનિયલ પરિવાર**

## પ્રથમ પુણ્યતિથિએ શ્રદ્ધાંજલિ



**સ્વ. નીકોલસ બી. મેકવાન**

જન્મ: ૨૨-૦૪-૧૯૪૦

અવસાન: ૧૨-૦૩-૨૦૧૨


"ઓ થાકેલાઓ સર્વ સઘળા મારી પાસે આવો."

રહેવાને સદા કોઈ આવતું નથી,
તમે ગયા તેમ કોઈ જતું નથી.
જિંદગીનો સાથ ઓછો પડશે ન્હોતી ખબર
આવજો કહેવાને રોકાયા પણ નહીં
દુઃખમાં ડર્યા નહીં ને સુખમાં છલકાયા નહીં
વહેવાર ચૂક્યા નહીં, કર્મ ભૂલ્યા નહીં
અંજલિ અર્પતા હૈયું તૂટે છે, શ્રદ્ધાંજલિ અર્પતા
શબ્દો ખૂટે છે, છાયા તમારી નથી રહી પણ
સ્નેહનાં બંધનો ક્યારેય ભૂલાતાં નથી. પ્રેરણાના
પુષ્પો ક્યારેય કરમાતાં નથી. આપનું જીવન સદાય
સ્મૃતિમાં રહેશે. સ્વજનના સ્મરણો ક્યારેય વિસરાતાં નથી.

માંદગી વેળાએ પ્રાર્થનામાં દોરનાર સર્વનો ખૂબ આભાર.

**સ્વ. નીકોલસ બી.નો પરિવાર**
એ/૧૦, સિદ્ધિ એપાર્ટમેન્ટ, સાબરમતી

## પ્રથમ પુણ્યતિથિએ સ્મરણાંજલિ



**સ્વ. શ્રી યાકુબભાઈ મથુરભાઈ પરમાર**


અવસાન: ૨૭-૦૩-૨૦૧૨

વ્હાલા બાપુજી,

ગત વર્ષે સત્યાવીસ માર્ચના સુખદુઃખ મિશ્રિત દિને આપે આલોકેથી વિદાય લીધી. પરલોકના ઉત્તમ સ્થાનના અધિકારી થયા. આપના કુશળ પરિશ્રમે, નિખાલસ વર્તાવે, પ્રેમભરી માવજતે, પ્રભુ પરની અથાગ શ્રદ્ધાએ, આપની હરિયાળી વાડી આજે પણ મોલે લચી, સફળતા પામી, આપના અસ્તિત્ત્વનો અનુભવ હરહંમેશ કર્યા કરે છે. તમે અમારામાં જ વિલિન થયેલા છો. અમારી હિંમત છો જ! પ્રભુનું સાન્નિધ્ય આપને સુખથી સભર બનાવે એ જ પ્રાર્થના!

**આપનો હરિયાળો પરિવાર**
**શ્રી અરવિંદભાઈ તથા શ્રી રાજુભાઈ**
ગામ: ભૂમેલ

## પ્રથમ પુણ્યતિથિએ શ્રદ્ધાંજલિ



**સ્વ. પીટરભાઈ એસ. ડાભી**

જન્મ: ૧૭-૦૫-૧૯૪૮

અવસાન: ૩૧-૦૩-૨૦૧૨

આપના જીવનનાં સંસ્મરણોને યાદ કરીને ભાવભીની શ્રદ્ધાંજલિ અર્પણ કરીએ છીએ. આપની સ્મૃતિ દેવાલય મંદિર છે. તમારો પ્રેમાળ અને માયાળુ સ્વભાવ, ઉદ્યમીજીવન તેમજ ધર્મપરાયણતા યાદ આવતા આંસુ ઊભરાઈ આવે છે. સમય વીતતો જશે પણ તમારી યાદ દિલમાં સદાય રહેશે.

પ્રભુ આપના દિવ્ય આત્માને શાંતિ અર્પે એજ પ્રાર્થના.

**લિ.**

**સુમિત્રા પીટરભાઈ ડાભી**

**જસ્ટીન પીટર ડાભી, બોસ્કી જસ્ટીન ડાભી, કાયરા**

બી/૨૪, માનસી એપાર્ટમેન્ટ, મણીનગર, અમદાવાદ - ૩૮૦૦૦૮

## બીજી પુણ્યતિથિએ શ્રદ્ધાંજલિ



**સ્વ. જયંતિભાઈ કે. પરમાર**

જન્મ: ૨૮-૦૨-૧૯૪૭

અવસાન: ૨૨-૦૧-૨૦૧૧


આપનો નિખાલસ, લાગણીશીલ સ્વભાવ, નમ્રતા, કઠોર પરિશ્રમ, ધાર્મિક ભાવના, ઈશ્વર પ્રત્યેની શ્રદ્ધા તથા અમારા સુખ કાજે સદા ચિંતિત રહ્યા. પોતે દુઃખ મુશ્કેલી સહન કરી તેનો પડછાયો અમ પર પડવા ન દીધો. આ જાણીને અમારાં હૈયાં ગદ્‌ગદ્ ફૂલી જાય છે. જન્મોજન્મ તમારા બાળકો બની રહીએ એવી અંતરની તમોને વિનવણી અને પ્રાર્થના. આપના ચીંધ્યા માર્ગે અમે ચાલીએ એજ તમને અર્પીએ પુષ્પાંજલિ અમારી.

**રેગીનાબેન જે. પરમાર**

**તથા સમસ્ત પરિવાર**

પેટલાદ

## ચતુર્થ વાર્ષિક શ્રદ્ધાંજલિ



**સ્વ. ચીમનલાલ ડી. શ્યામલ**

જન્મ: ૩૦-૦૬-૧૯૩૯

અવસાન: ૨૯-૦૩-૨૦૦૯

સમય પણ ધાર વિહોણો બને છે
સ્મરણમાં સજીવતા કાયમ રહે છે

વ્હાલા પપ્પાજી,

આપની વિદાયને આજે ચાર-ચાર વર્ષ વીતી ચૂક્યાં છે. અકાળો કાળ થપાટ તો મારી ગયો અને અચાનક થયેલી આપની વિદાય વસમી રહી જ પણ સ્મરણોમાં આપની સજીવતાને દૂર કરી શકવાની તાકાત સમયમાં પણ નથી. પ્રત્યેક ક્ષણ આપની હયાતીના હલેસે જીવનનાવ હંકારી રહેલો આપનો પરિવાર આપને યાદ કરે છે. એક આશા સદૈવ છે પુનરુત્થાનની પ્રભાતે ફરી મળીશું.

**આપનો પરિવાર પુષ્પાબેન અને શ્યામલ પરિવાર**

સી-૬, જીવન જ્યોત સોસાયટી, સુણાવ રોડ, પેટલાદ

ફોન: (૦૨૬૯૭) ૨૨૪૬૩૧

## છઠ્ઠી પુણ્યતિથિએ શ્રદ્ધાંજલિ



**સ્વ. જયંતિભાઈ ખુશાલભાઈ પરમાર**

જન્મ: ૦૧-૦૬-૧૯૪૭

અવસાન: ૨૮-૦૩-૨૦૦૭

તમારું જીવન અમારા માટે વહાલનો દરિયો હતો
તમારી સ્મૃતિ એક અનમોલ ખજાનો છે. આજે
તમારી વિદાયને જોતજોતામાં છ વર્ષ વીતી ગયા
સતત પરિશ્રમ કરીને શૂન્યમાંથી સર્જન કર્યું
અમને સુખના સાગરમાં તરતા મૂકી આપ સ્વર્ગે
સિધાવ્યા. વિદાય તમારી અચાનક હશે
સૂનું થયું ઘર, સૂના થયાં આંગણિયા, સૂના થયા અમ સૌ.
સૂનો થયો પરિવાર. તમારા વિનાનો ખાલીપો અમને સતાવે છે.
અમારા દરેક સુખમાં કે દુઃખમાં તમારી હાજરી અચૂક
રહેશે. ક્યારેક તમારી મીઠી યાદ બનીને
ક્યારેક તમારો આશીર્વાદ બનીને.

એફ/૪૦, જે. કે. પાર્ક,
મિશન રોડ, નડીઆદ

**લિ.**

**આનંદીબેન તથા દુઃખી પરિવાર**

## દ્વિતીય પુણ્યતિથિએ શ્રદ્ધાંજલિ



**સ્વ. ગંગાબેન હિરાલાલ પરમાર**

અવસાન: ૦૭-૦૩-૨૦૧૧

વ્હાલી મા,
હયાત નથી પણ ઘરમાં છો,
એમ સતત લાગ્યા કરે છે!
પળે પળે અહીં તહીં ઘર આંગણમાં,
તારા હોવાનો અહેસાસ થયા કરે છે!
ક્યારેક વાગોળેલી વાતોના અમને,
ભણકારા વાગ્યા કરે છે.
યાદમાં તારા મધુર ચહેરાના,
રોજ દર્શન થયા કરે છે!

**આપનો પરિવાર**
**શાંતિલાલ, ડેવિડભાઈ**
**પ્રવિણાબેન, કિરણબેન, સુમિત્રાબેન**
**વિપુલ, યશ, જય, સન્ની, પ્રિન્સ**

## દ્વિતીય પુણ્યતિથિએ શ્રદ્ધાંજલિ



**સ્વ. શ્રી મણીબેન જેઠાભાઈ વાઘેલા**

અવસાન: ૧૭-૦૩-૨૦૧૧

"હું જ પુનરુત્થાન છું અને હું જ જીવન છું."
મને યાદ ફરી ફરી આવે
મારા અંતરને રડાવે

તારા ગયા પછી ન બન્યું કંઈ નવું અહીં,
અધઊઘડી બે છીપથી મોતી ઝારી ગયાં!
જોઈ અટૂલી મ્હેંક સમય પૂછતો ફરે—
'ફોર્યાં અહીં જે ફૂલ તે ક્યારે ખરી ગયાં!'
જીવન એવું જીવ્યા તમે કે એમાંથી
જીવવાનો ઉપદેશ મળ્યો અમને
જીવનભર મહેનત કરી,
શૂન્યમાંથી સર્જન કરીને
કુટુંબ માટે પુષ્પો પાથર્યાં.
સુખદુઃખમાં સદા હસતા રહ્યા.

**તમારાં સ્વજનો**
**શારદા,**
**સિ. સંગીતા (Misson Sister of Ajmer)**
**તથા નટવરભાઈ વાઘેલા સહ પરિવાર**
ગોઠડા, તા. સાવલી, વડોદરા

## ચોથી વાર્ષિક શ્રદ્ધાંજલિ



**સ્વ. માથીલ્દા સાયમન**

જન્મ: ૨૬-૧૦-૧૯૩૧

અવસાન: ૩૧-૦૩-૨૦૦૯

'મા' તારો સદાય હસતો ચહેરો,
અમારી આંખો સામે હંમેશા તરવરે છે.
આંખો હજી નિહાળે છે તને,
હૈયું હજી પુકારે છે તને.
જ્યારે જ્યારે તારું સ્મરણ થાય છે,
ત્યારે ત્યારે મન મૂકીને રડાવે છે અમને.
મને હજી માનતું નથી, તું અમારી વચ્ચે નથી,
ક્ષણે ક્ષણે યાદ તારી સતાવે છે અમને.

પ્રભુ આપના દિવ્ય આત્માને પરમ શાંતિ અર્પે,
એ જ અમારી પ્રાર્થના.

**આપનાં દુઃખી સંતાનો**
એ-૨/૪, લાલભાઈ સેન્ટર, એદન પાર્ક સોસાયટી સામે,
મણિનગર (પૂર્વ), અમદાવાદ - ૩૮૦૦૦૮

## શ્રદ્ધાંજલિ



**સ્વ. એલીસાબેત માયકલ** (ગામઃ કાસોર)

જન્મ: ૦૬-૧૧-૧૯૨૧

અવસાન: ૨૨-૦૨-૨૦૦૮

મા તારા આંચલમાં તું છુપાવી દે
તારી મમતાની હૂંફ વરસાવી દે
તારી હરઘડી યાદ અંતરને સતાવી દે
તું છું મારી પાસે અહેસાસ કરાવી દે
તારા મધુર કંઠે ગાયેલા હાલરડાની ગુંજ
મુક્ત મને સંભળાવી તારા ચરણે નમાવી દે
હું છું તારું બાળ ના ભુલીશ મુજને તું
કલ, આજ ઔર કલ...

**જયકે**
**તથા**
**સહ કુટુંબ પરિવાર**

## છઠ્ઠી પુણ્યતિથિએ શ્રદ્ધાંજલિ



પાન ફરકે
અને સઘળા
પ્રસંગો યાદ આવે!
પણ રે હવે
પુષ્પા નથી!

કેડ સમાણી
લીલોતરીમાં
તમ વીણ, પુષ્પા!
કહોને અમે
ફરશું કેમ?

ધીરે ધીરે આ
કથા સપનાં
ખૂંટવાની, પુષ્પા!
તો પછી કેમ
આટલી જલ્દી?

**સ્વ. પુષ્પાબેન ટી. મેકવાન**
જન્મ: ૨૭-૦૨-૧૯૫૨
અવસાન: ૦૭-૦૩-૨૦૦૭

**થોમસ એ. મેકવાન**
**તથા સહ પરિવાર**

## બીજી પુણ્યતિથિએ શ્રદ્ધાંજલિ

**સ્વ. ફિલીપભાઈ સ્તાનીશભાઈ પરમાર**
જન્મ: ૧૮-૧૦-૧૯૩૯
અવસાન: ૦૮-૦૩-૨૦૧૧



વસંત આવી છે તો પાનખર તો આવશે જ
ફૂલ ખીલ્યાં છે તો કરમાઈ તો જશે જ
વાદળ છવાયાં છે તો વરસાદ તો પડશે જ
દરિયામાં ઓટ પછી ભરતી તો આવશે જ
"પ્રભુને જે ગમ્યું તે ખરું" એવું કહેવું સહેલું છે
પણ તમારી વિદાયને જીવનભર જીરવવી પડશે જ
આશીર્વાદ બની હંમેશા અમારી સાથે જ છો
પુનરુત્થાને તો ફરી આપણી મુલાકાત થશે જ.

**હંમેશા આપને યાદ કરનાર**
**દીનાબેન ફિલીપભાઈ પરમાર**
**અને આપનો પરિવાર**

## શ્રદ્ધાંજલિ

**સ્વ. શૈલેષભાઈ અંતોનભાઈ મેકવાન**
જન્મ: ૦૬-૧૧-૧૯૮૧
અવસાન: ૨૬-૦૧-૨૦૧૩
પુનરુત્થાનની પ્રભાતે ફરી મળીશું.

**લિ.**
**તારા પપ્પા, મમ્મી, સંગીતા, દાદી**
**શ્વેતા, જસ્ટીન તથા સમગ્ર પરિવાર**
વલાસણ



## પ્રથમ પુણ્યતિથિ

**સ્વ. કંકુ મા**
અવસાન: ૧૦-૦૨-૨૦૧૨

"મળે છે દેહ માટીમાં, માનવીનું નામ જીવે છે,
મરે છે માનવી પોતે, માનવીનું કર્મ જીવે છે."

**દીના ફિલીપભાઈ પરમાર**
**તથા પરિવાર**



લેખકો/ કવિઓએ પોતાની કૃતિ સાથે પોતાના ઘરનું પૂરું સરનામું, ફોન નંબર અને ફોટોગ્રાફ્સ મોકલવાના રહેશે.

## 'પાવન હૃદય દૂત'ને મળેલ દાન

| | | |
|---|---|---|
| નિલેશભાઈ પીયુશભાઈ મહેતા | ગાંધીનગર | ૫,૦૦૦ |
| સરોજબેન જેકબ પરમાર | આણંદ | ૫૦૧ |
| રમેશ એમ. પરમાર | આણંદ | ૫૦૦ |
| માયકલ આર. મેકવાન | નડીઆદ | ૨૫૦ |
| કનુભાઈ એસ. પરમાર | આણંદ | ૧૫૧ |
| મોનાલીસા તથા પેટ્રીકનાં લગ્નપ્રસંગે | | |
| જ્યોતિ એડવર્ડ પરમર | મુંબઈ | ૧૦૧ |
| સ્વ. શૈલેષ અંતોન મેકવાન | વલાસણ | ૧૦૧ |
| પ્રિયંકા અને જીગ્નેશનાં લગ્નપ્રસંગે | ગામડી-આણંદ | ૧૦૧ |
| સ્વ. મરિયામબેન જોનભાઈ | ખાંધલી | ૧૦૧ |
| કાંતિભાઈ સીરીલભાઈ મેકવાન | ગામડી-આણંદ | ૧૦૧ |
| સ્વ. સીમોન વાણિયા | આણંદ | ૧૦૦ |
| સ્વ. ફ્રાન્સિસ હિલાર્યોન મેકવાન | વડોદરા | ૧૦૦ |
| ભૂપેન્દ્રકુમાર કેશવલાલ ડોડિયા | ખેડા | ૧૦૦ |
| ઈશ્વરભાઈ મગનભાઈ મેકવાન | બેડવા | ૧૦૦ |
| રમેશભાઈ એસ. પરમાર | વડોદરા | ૧૦૦ |
| સ્વ. રતિલાલ ગોપાળદાસ પરમાર | વડોદરા | ૧૦૦ |

# પંખીની પાંખે

## ધર્મવસુધા

### પોપનું અચાનક રાજીનામું

પોપ બેનેદિક્ત ૧૬માએ તા. ૧૧મી ફેબ્રુઆરીએ કાર્ડિનલની બેઠકમાં જણાવ્યું હતું કે પરમપિતા પરમેશ્વર સમક્ષ અંતરાત્માની વારંવાર સમીક્ષા કર્યા પછી હું એવા નિર્ણય પર આવ્યો છું કે મારી વધતી ઉંમરને કારણે હું પોપ તરીકેની મારી ફરજ સારી રીતે બજાવી શકીશ નહીં. તેમણે વધુમાં ઉમેર્યું હતું કે આજના વિશ્વમાં ઝડપથી પરિવર્તનો આવી રહ્યાં છે, શ્રદ્ધાને હચમચાવી મૂકે એવા ઊંડા અનુરૂપ પ્રશ્નોની ઝડી વરસી રહી છે ત્યારે ખ્રિસ્તીધર્મના સિદ્ધાંતના પાલન માટે મગજ અને શરીરની શક્તિનું સાથ આપવું જરૂરી છે. પરંતુ છેલ્લાં કેટલાંક મહિનાઓમાં મારી અંદરની શક્તિમાં ઘટાડો થયો છે. તેથી મારે હવે એ વાત સ્વીકારવી પડે છે કે હું ધર્મસભા દ્વારા સોંપવામાં આવેલી જવાબદારીઓ પૂર્ણ કરવામાં અસમર્થતા અનુભવી રહ્યો છું આ કારણસર મારા કૃત્યને ગંભીરતાથી લેતાં અને સંપૂર્ણ સ્વતંત્રતાથી હું એવું જાહેર કરું છું કે હું સેંટ પીટરના વારસદાર તરીકે, વડાધર્મગુરુ તરીકેની મારી ફરજમાંથી ફારેગ થાઉં છું.

આ અગાઉ પોપ ગ્રેગરી બારમા (૧૪૦૬-૧૫)એ ઈ.સ. ૧૪૧૫માં, આજથી ૫૯૮ વર્ષ પહેલાં રાજીનામું આપ્યું હતું. ૨૮મી ફેબ્રુઆરીએ સાંજના સાત વાગ્યે (વેટિકનમાં) પોપના રાજીનામા પછી નવા પોપની પસંદગીની પ્રક્રિયા શરૂ થઈ જશે. નવા પોપ બનવા માટે ઘણા દાવેદારો છે, પરંતુ કોણ બનશે તે આ તબક્કે ચોક્કસપણે જણાવી શકાય તેમ નથી.

પોપ બેનેદિક્ત ૧૬માનો જન્મ ૧૬મી એપ્રિલ, ૧૯૨૭ના રોજ જર્મનીમાં થયો હતો. તેમના પિતા એક પોલિસ અધિકારી હતાં. તેઓ ૨૪ વર્ષની વયે ૧૯૫૧માં તેમણે ધર્મગુરુ તરીકેની દીક્ષા પ્રાપ્ત કરી હતી. તેમણે પોતાની કારકિર્દીની શરૂઆત સેકન્ડ વેટિકન કાઉન્સિલમાં ઉદારમતવાદી શૈક્ષણિક અને દેવવિદ્યાના સલાહકાર તરીકે કરી હતી. કાર્ડિનલ જોસફ એલોસીયસ રેટઝિંગર ૧૯મી એપ્રિલ, ૨૦૦૫ના રોજ ૭૮ વર્ષની વયે પોપ તરીકે ચૂંટાયાં હતાં. પોપ ક્લેમેન્ટ બારમા (૧૭૩૦-૪૦) પછીના તેઓ સૌથી વૃધ્ધ પોપ હતાં. એક હજાર વર્ષ બાદ તેઓ પ્રથમ જર્મન પોપ બન્યા હતાં. અત્યાર સુધીના હજુ ફક્ત બીજા તેઓ બિનઈટાલીયન પોપ હતાં. તેઓ જર્મની, ફ્રેંચ, ઈટાલિયન, લેટીન, અંગ્રેજી અને સ્પેનિશ ભાષા બોલી શકે છે. પોર્ટીગીઝભાષાનું તેમને જ્ઞાન છે અને તેઓ પ્રાચીન ગ્રીક તથા બિબલીકલ હિબ્રુ ભાષા ફક્ત તેઓ વાંચી શકે છે.

(વેટિકન ન્યુઝ દ્વારા)

### ડોરોથી ડે સંત બનવા તરફ આગળ ધપી રહ્યાં છે...

ડોરોથી ડે એ સત્યની ખોજ કરનારાં એક કશ્મકશભરી જિંદગી જીવનારાં હતાં. તેઓ એક પત્રકાર હતાં એટલે ધર્મસભાના તે પ્રથમ પત્રકાર સંત બનશે. લુસાટાનું કહેવું છે કે તેઓ એક મહાન લેખક હતાં અને અમેરિકન પત્રકાર હતાં. પહેલાં તેઓ કેથોલિક નહોતાં. તેઓ સમાજવાદી હતાં. તેઓ વર્કર મુવમેન્ટ (મજૂર ચળવળ) સાથે જોડાયેલાં હતાં. એક તબક્કે તેઓ કેથોલિક બન્યાં હતાં. તેઓ 'ધ કેથોલિક વર્કર' નામનું મેગેઝીન કાઢતાં હતાં અને તેના દ્વારા તેમણે ખૂબ મોટી મજૂર ચળવળ ઊભી કરી હતી.

કેથોલિક બન્યાં પછી તેઓ તદ્દન બદલાઈ ગયાં હતાં. મહામંદીમાં લોકો ટકી રહે તે માટે તેમણે લોકોને ભોજનની અને સૂવાની વ્યવસ્થા પૂરી પાડી હતી. તેઓએ 'સૂપ કિચન'ની પ્રવૃત્તિ પણ શરૂ કરી હતી. સેકન્ડ વેટીકન વખતે તેમણે યુધ્ધને જબરજસ્ત રીતે વખોડી કાઢ્યું હતું. દુનિયાના બધાં જ ધર્મોની બધાં જ પ્રદેશોની મહિલાઓને એકત્રિત કરી તેમણે એક ગ્રૂપ બનાવ્યું હતું અને તે દ્વારા યુદ્ધને વખોડતું અને શાંતિના પ્રચાર-પ્રસાર માટેનું સ્ટેટમેન્ટ તેમણે સેકન્ડ વેટીકન પાસે તેમણે કરાવડાવ્યું હતું. આ પહેલાં ધર્મસભાએ આમ કર્યું નહોતું. તેમનું કહેવું હતું કે મહિલાઓ પોતાના ફોલાદી ઈરાદાઓથી પોતાને સાચા લાગતા માર્ગો ઉપર આગળ વધી શકે છે. અને એ રીતે પોતાનું તથા સહુનું જીવન રળિયામણું બનાવી શકે છે.

(ROMEREPORTS.COM દ્વારા)

## ધર્મભારતી

### સિસ્ટરે વિકસાવી લાફ્ટર થેરપી

કોરીયાના કેથોલિક સિસ્ટર અગાથા લીમી સૂકે (૪૫) પોતાની એક લાફ્ટર થેરપી વિકસાવી છે. તેમનું કહેવું છે કે તમે જ્યારે ખૂબ આનંદમાં હો ત્યારે હસો એ તો બરાબર છે પરંતુ જીવનમાં આવી ખૂબ ઓછી તકો મળતી હોય છે જ્યારે આપણે હસી શકતાં હોઈએ છીએ. હસવાથી સ્ટ્રેસ અને ટેન્શન હળવાં થાય છે. ૨૦૧૨ના એક અભ્યાસ પ્રમાણે ૧૩ વર્ષ કે તેથી વધારે ઉંમરની કોરીયન વ્યક્તિઓમાંથી ૬૯.૨% જેટલાં રોજબરોજના જીવનમાં સ્ટ્રેસ અનુભવે છે. આના લીધે જ સિસ્ટર અગાથાએ પોતાની લાફ્ટર થેરપીના લેક્ચરો ચાલુ કરી દીધાં. તેઓ દર વર્ષે દસ હજાર વ્યક્તિઓને પોતાની થેરપીથી સાજાપણું બક્ષે છે. સાહજીક કુદરતી જીવન પદ્ધતિ દ્વારા જીવનમાં સહજમાં નિરામય તંદુરસ્તી લાવી શકાય છે તેના પાઠ તેઓ ભણાવે છે.

(Smart Companion દ્વારા)

### આંધ્રપ્રદેશમાં પ્રાદેશિક થિયોજીકલ ફોરમની રચના થઈ

આંધ્રપ્રદેશ રીજીયનલ બિશપ્સ કાઉન્સિલ (APBC) કમિશને પ્રાદેશિક થિયોલોજીકલ ફોરમની રચના કરી છે. જેનું નામ તેમણે આંધ્રપ્રદેશ થિયોલોજીકલ ફોરમ (APTF) એવું આપેલ છે. ૭મી જાન્યુઆરીએ સેંટ જોન

રીજીયનલ સેમિનરીમાં ૫૦થી પણ વધારે થિયોલોજીયનની મીટીંગ મળી હતી.

પૂણેના બિશપ થોમાસ ડાબ્રેએ પોતાના ઓરીએન્ટેશન વાર્તાલાપમાં જણાવ્યું હતું કે હવે દેવવિદ્યાનું જ્ઞાન જે તે પ્રદેશની પ્રાદેશિક ભાષામાં આપવું ખૂબ જરૂરી થઈ પડ્યું છે.

(CBCI News દ્વારા)

## ધર્મગુર્જરી

### સિસ્ટર પેરપેતુઆ એલ.ડી. અનંત વિરામને પંથે

સિસ્ટર પેરપેતુઆ એલ.ડી. તા. ૧૪-૦૧-૨૦૧૩ના રોજ અવસાન પામ્યાં હતાં. તેઓ ૧૯-૧૧-૧૯૩૦ના રોજ તામિલનાડુમાં જન્મ્યાં, (લીઝી) અને તેમનો ઉછેર મુંબઈમાં થયો હતો. તેમના પરિવારમાં ત્રણ બહેનો અને એક ભાઈ હતાં. માતા-પિતાએ પોતાના સમગ્ર પરિવારને ધાર્મિક વાતાવરણથી મઢેલું રાખ્યું હતું. આથી આ પુત્રીને સંસાર પ્રત્યે વૈરાગ્ય જાગ્યો અને પોતે ગુજરાતી ન હોવા છતાંય અને અન્ય અનેક સાધ્વીસંઘોમાં જોડાવાનો વિકલ્પ હોવા છતાંય ૧૧મી ફેબ્રુઆરી, ૧૯૫૧ના દિવસે સંત ફ્રાન્સિસ ઝાવિયરની નાની દીકરીઓના સંઘમાં તેઓ જોડાયાં હતાં.

દરેક કાર્યમાં ચીવટ અને ચોક્સાઈ, રહેણીકરણીમાં કરકસર અને સાદગી જેવા ગુણો તેમના વ્યક્તિત્ત્વને વધુ નિખારતા. મળતાવડો સ્વભાવ સેવાભાવના અને સ્વાદિષ્ટ ભોજન બનાવવાની કળાને કારણે તેઓ અનેકોના દિલમાં વસી જતાં. પોતાના અનુશાસનયુક્ત જીવનને કારણે તેમને સંઘમાં જોડાવા ઈચ્છનાર બહેનોના અધ્યાક્ષિકા નિમવામાં આવ્યાં હતાં. આ જવાબદારીને તેમણે વર્ષો સુધી બેખૂબીથી નિભાવી અને નાની દીકરીઓના સંઘમાં ઉત્તમ સિસ્ટરોનું ઘડતર કર્યું હતું.

તેમની વિદાયથી સંઘને ચોક્કસ ખોટ પડી છે, પરમપિતા પ્રભુ તેમને અનંત વિરામ બક્ષે તે જ પ્રાર્થના.

(સિસ્ટર થેરુ, એલ.ડી. દ્વારા)

### બોર્ડિંગમાં બહેનોની સર્વાંગી વિકાસ શિબિર

બ્રધર એડવિન અને બ્રધર પોલરાજે તા. ૧૨ અને ૧૩ જાન્યુ.ના રોજ વિમલ મરિયમ બોર્ડિંગમાં બહેનોનું જીવન ઘડતર અને સર્વાંગી વિકાસ થાય તેને ધ્યાનમાં રાખીને પસંદગીનું મહત્ત્વ, સાચા મિત્રની પસંદગી કેવી રીતે કરવી તે અને આપણે પણ કોઈના ઉત્તમ મિત્ર કેવી રીતે બની શકીએ તે તથા ટાઈમ મેનેજમેન્ટ વિષે વિસ્તારથી સમજણ આપી હતી. જીવનમાં લક્ષ્ય વિષે નાની વિડિયો ફિલ્મ બતાવીને સમજ આપી હતી. વિરામ બાદ પ્રોજેક્ટર ઉપર 'કલામ' ફિલ્મ બતાવીને તેની પણ છણાવટ કરી હતી.

(સી. પુષ્પા દ્વારા)

### આગરવા (ડાકોર ધર્મવિભાગ) ખાતે અનાથોના માતા મરિયમના તહેવારની ઉજવણી

તા. ૨૧-૦૧-૧૩ના રોજ ઠાસરાના ગામ આગરવા ખાતે અનાથોની માતા મરિયમના તહેવારની ઉજવણી નવ દિવસની ભક્તિથી કરવામાં આવી. ફા. આઈઝેક અને ફા. ઈગ્નાસે પરમપૂજા વિધિ, સહુ સરઘસમાં ભક્તજનો ચર્ચમાં આવ્યાં બાદ કરાવી હતી. શ્રી. ગોવિંદભાઈએ ભજન ગવડાવ્યું હતું. નાતાલના તહેવારના પ્રારંભના સમયે સંગીત ટીમે આગરવા, નેશ, મંજીપુરા, કોટલીડોરા, રખિયાળ નવી અને રખિયાળ જૂની, ઓજરાળા, વીરાકુવા, મરઘાકૂઈ, જાખેડ, ઝેકારિયા અને ચીતલાવ ગામોમાં નાતાલના ભજનોની રમઝટ બોલાવી હતી.

(જોસેફ પી. પરમાર દ્વારા)

### નિધરાડ ગામમાં બે દિવસીય પત્રકારત્ત્વ શિબિર યોજાયો

૧૬/૧૭ જાન્યુઆરીએ ૧૧મા ધોરણના ૪૯ વિદ્યાર્થીઓની પત્રકારત્ત્વ શિબિરનું આયોજન રિશ્તાના ડાયરેક્ટર ફા. વિલિયમે સાણંદ તાલુકાના નિધરાડ ગામની સેંટ મેરીસ હાઈસ્કૂલમાં કર્યું હતું. પ્રથમ દિવસે પત્ર કેવી રીતે લખવો તેની સમજ આપી હતી. બીજા દિવસે શિબિરનું વર્ણન કરતાં સમાચાર લખીને મંગાવેલા પરબિડીયાંમાં મોકલવા જણાવ્યું હતું. પત્રકાર હસમુખ ક્રિશ્ચિયને પણ વિદ્યાર્થીઓને પત્રકારત્ત્વ વિષે ઊંડી સમજણ આપી હતી.

(પરમાર હિરેન આર. દ્વારા)

### બાલાસિનોર ખાતે વિન્સેન્ટ દ પોલ મંડળના સ્થાપકની ૨૦૦મી જન્મજયંતિની ભવ્ય ઉજવણી

તા. ૨૦-૦૧-૨૦૧૩ના રોજ બાલાસિનોર કેથોલિક ચર્ચ ખાતે પરમપૂજા બાદ વિન્સેન્ટ દ પોલ મંડળના સ્થાપક સુધન્ય ફ્રેડ્રીક ઓઝાનામની ૨૦૦મી જન્મજયંતિની ઉજવણી તેમજ સેક્રેડ હાર્ટ ઓફ જીસસ કોન્ફરન્સ, બાલાસિનોરના વાર્ષિક અહેવાલની વિમોચનવિધિ કરવામાં આવી હતી. આ પ્રસંગે મુખ્ય મહેમાન તરીકે ફા. રોકી પિન્ટો, સભાપુરોહિત ફા. જોન, સમારંભના અધ્યક્ષ ફા. ટાઈટસ તેમજ અતિથિવિશેષ પદે થર્મલના સંગીતાબેન મેકવાન (IRO.GSECL), જોસફભાઈ (સેવાલીયા), જોસફભાઈ ખ્રિસ્તી (ઉત્તરસંડા) અને રમેશભાઈ ક્રિશ્ચિયન પધાર્યા હતાં. સાથે સાથે એરીયા કા. પ્રમુખ શ્રી દાનિયેલભાઈ, સિ. કોકીલા (માતૃછાયા), શ્રી. શાંતિલાલ (આંકલાવ), પ્રેમાભાઈ (ખંભાત), શ્રી. માઈકલભાઈ (નડિયાદ) શ્રી મગનભાઈ (ઉમરેઠ), શ્રી ધનજીભાઈ (ઠાસરા) અને કૌશિક ગાંધી (યુથ કો.) ઉપસ્થિત રહ્યાં હતાં.

દીપપ્રાગટ્ય વિધિ બાદ, સુંદર પ્રાર્થના-નૃત્ય, શાસ્ત્રપાઠ વાંચન, બર્થ ડે ગીત અને કેક કટીંગ દ્વારા ઉજવણી કરવામાં આવી હતી. ફા.

રોકીએ અહેવાલની વિમોચનવિધિ કરી સહુને અભિનંદન પાઠવ્યા હતા. મંડળના પ્રમુખશ્રી રસિકભાઈ બેગડાએ બાલાસિનોરમાં મંડળની સ્થાપનાથી આજદિન સુધીની પ્રગતિનો ઈતિહાસ રોચક રીતે રજૂ કર્યો હતો. વાર્ષિક હિસાબો ખજાનચીએ રજૂ કર્યા હતા. સમગ્ર કાર્યક્રમનું સુંદર સંચાલન ઉપપ્રમુખ ભાનુભાઈએ સંભાળ્યું હતું આણંદના જાણીતા બિલ્ડર શ્રી સતીષભાઈ મેકવાને મંડળને રૂ. ૨૧,૦૦૦/-નું દાન આપ્યું હતું. જ્યારે શ્રીમતી સંગીતાબહેન, શ્રી શિલુભાઈ એન્થોની, શ્રી જોસેફભાઈ અને શ્રી રમેશભાઈએ પ્રત્યેક જણે રૂ.૫૦૦૦/-નું દાન આપી શુભાશિષ પાઠવી હતી. શ્રીમતી મીનાબહેન ગોહિલે આભારવિધિ કરી હતી. સ્નેહભોજન બાદ કાર્યક્રમની પૂર્ણાહૂતિ થઈ હતી.

(ઈન્દુબહેન સી. વાઘેલા દ્વારા)

## નવા સી.ટી.એમ. ધર્મવિભાગમાં પ્રથમવાર પ્રથમખ્રિસ્તપ્રસાદ અર્પણ વિધિ

તા. ૨૭-૦૧-૧૩ના રોજ નવા સી.ટી.એમ. ધર્મવિભાગમાં પ્રથમવાર પ્રથમ ખ્રિસ્તપ્રસાદવિધિ કરવામાં આવી હતી. ઈનચાર્જ ફા. જેસુકની, ફા. રોકી તથા ફા. ટાઈટસ દ્વારા ખ્રિસ્તયજ્ઞ અર્પણ કરવામાં આવ્યો હતો. ફા. રોકીના હસ્તે સાત બાળકોને પ્રથમ ખ્રિસ્તપ્રસાદ અર્પણ કરવામાં આવ્યો હતો. જેનું શિક્ષણ શ્રીમતી ઈલા જે. મેકવાને આપ્યું હતું. આથી તેમને પણ સન્માનિત કરાયા હતાં. કાર્યક્રમને સફળ બનાવવા માટે પેરીશ કાઉન્સિલના સભ્ય શ્રી પાઉલભાઈ બી. મેકવાને ખૂબ મહેનત કરી સાથ-સહકાર આપ્યો હતો. નવા સી.ટી.એમ. ધર્મવિભાગના ધર્મજનો, વડીલો, સગા-સ્નેહીઓ અને નવદીક્ષિત બાળકોએ સમગ્ર કાર્યક્રમમાં ખૂબ ઉમળકાભેર ભાગ લીધો હતો. આમ સી.ટી.એમ.ના ધર્મજનો ખૂબ જ હર્ષ અને આનંદની લાગણી અનુભવી રહ્યાં છે.

(પોલ વિલ્યમ મેકવાન દ્વારા)

## ચાવડાપુરા દેવાલય ખાતે પ્રથમખ્રિસ્તપ્રસાદની ઉજવણી

તા. ૩-૨-૨૦૧૩ના રોજ ચાવડાપુરાના નિત્યસહાયક માતાના દેવાલય ખાતે ફા. પેટ્રીક, ફા. હેન્સી તથા ફા. થોમાસની રાહબરી હેઠળ ૨૮ બાળકોને પ્રથમ ખ્રિસ્તપ્રસાદ આપીને પ્રભુ સાથે જોડવામાં આવ્યાં હતાં. બાળકોમાં અનેરો આનંદ હતો અને માતા-પિતા સગાંવહાલાં મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યાં હતાં. (દાઉદ પી. મેકવાન દ્વારા)

## વર્ષ ૨૦૧૧-૧૨માં યોજાયેલ ગુણોત્સવમાં સારી કામગીરી બદલ સન્માન

પુષ્પાબેન જયંતિભાઈ પરમાર ૧૯૯૮થી ખંભોળજમાં સી.આર.સી. કો. ઓર્ડિનેટરની કામગીરી બજાવે છે. તેમના માર્ગદર્શન હેઠળ ૯ શાળાઓ અને ૪૪ શિક્ષકો છે. વર્ષ ૨૦૧૧-૧૨માં યોજાયેલ ગુણોત્સવમાં તેમના માર્ગદર્શન હેઠળ ૩ શાળાઓએ $A^+$ ગ્રેડ મેળવ્યો હતો આથી તેમનું સન્માન જી.પ.ના પ્રમુખશ્રીના હસ્તે કરવામાં આવ્યું હતું.

(પુષ્પા જયંતિ પરમાર દ્વારા)

## બાળઈસુના સમર્પણના તહેવારની ઊજવણી

તા. ૦૨-૦૨-૧૩ના રોજ ઝંખવાવ ઈસુનાથ મંદિર ખાતે માતા મરિયમ અને બાળ ઈસુના તહેવારની ઉજવણીમાં શ્રદ્ધાળુઓ મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યાં હતાં. પ્રારંભ પ્રાર્થના અને સરઘસ બાદ ફા. કાન્તિ વસાવાઓ ખ્રિસ્તયજ્ઞ અર્પણ કર્યો હતો. બોધમાં તેમણે જણાવ્યું હતું કે ધર્મસભામાં માતા મરિયમની અનોખી ભૂમિકા છે. તારણના કાર્યમાં માતાનો ફાળો અમૂલ્ય છે. તેમણે હંમેશા ઈસુના કાર્યમાં સહકાર આપી તેમના ઉપર અતૂટ શ્રદ્ધા રાખી છે. આપણે સહુ પણ ઈસુના કાર્યમાં સહકાર આપીને તેમના ઉપર અતૂટ શ્રદ્ધા રાખીએ. શ્રદ્ધાવર્ષમાં આપણી જાતનું સમર્પણ કરીએ અને આપણે સાચા ઈસુપંથી બનીએ.

અંતે ફા. ફેલિકસે જાહેરાત કરી હતી કે ઝંખવાવ ધર્મપ્રાંતને મિશનરી કાર્યનું ૫૦મું વર્ષ શરૂ થાય છે આથી આપણે સહુ આ ધર્મવિભાગની સુવર્ણજયંતી આનંદ અને ઉત્સાહથી ઉજવીએ.

(ફાધર નિક્સન, એસ.જે. દ્વારા)

## સિનિયર સિટીઝન ફોરમના પાંચમા સ્થાપનાદિનની ઉજવણી

સિનિયર સિટીઝન ફોરમ ગામડી-આણંદ પેરીશના ઉપક્રમે ફોરમના પાંચમા સ્થાપનાદિનની (૬ઠ્ઠી ફેબ્રુઆરી) ઉજવણી તથા ફોરમના અધ્યક્ષ અને સભાપુરોહિત ફા. આલ્બર્ટ દેલગાડો એસ.જે.ના ૭૦મા જન્મદિનની ઉજવણી ઉત્સાહ ઉમંગ સાથે અને પૂરા પ્રાર્થનામય વાતાવરણમાં કરવામાં આવી હતી. કાર્યક્રમના પ્રમુખસ્થાને ફા. આલ્બર્ટ, મુખ્ય મહેમાન તરીકે શ્રી. વિપિન પંડ્યા (સ્થાપક આણંદ જિલ્લા સિ.સિ.ફેડરેશન) ફા. જેરી સિક્વેરા, બ્રધર એબ્રિલ, ફા. પરીઝા, ફા. મેક્સિમ, ફા. નગીન, બ્રધર બર્નાડ, શ્રી આલ્ફોન્સભાઈ મેકવાન, સિ. મેરી ડાભી અને સિ. કલ્પના તથા મોટી સંખ્યામાં ફોરમના સભ્યો ઉપસ્થિત રહ્યાં હતાં.

પ્રારંભમાં ઈશ્વરસ્તુતિ, શાસ્ત્રપાઠ અને દીપપ્રાગટ્ય બાદ ફોરમના મંત્રીશ્રી જોનભાઈ મેકવાને મહેમાનોનો પરિચય આપ્યો હતો. તથા મહેમાનોનું ફૂલહારથી સ્વાગત કરવામાં આવ્યું હતું. ફા. આલ્બર્ટનું પુષ્પાબેને ફૂલહારથી, વડીલ દાઉદસાહેબે શાલ ઓઢાડીને તથા કુમુદબેને ભેટ આપીને સન્માન કર્યું હતું. ફા. આલ્બર્ટે તાબાના ગરીબ બાળકો માટે શિષ્યવૃત્તિ ભંડોળ એકત્ર કર્યું છે અને તેમની એવી ઈચ્છા છે કે પૈસાના અભાવને તાબાના કોઈ બાળકનો અભ્યાસ ન બગડે. આ વર્ષે તેમણે તાબાના ૫૪ બાળકોને પ્રત્યેકને રૂપિયા હજાર લેખે ચોપ્પન હજાર રૂપિયા આપ્યાં છે. આ ભવ્ય કાર્યમાં સહકાર આપવાનું ફોરમે પણ બીડું ઝડપ્યું છે. ગત વર્ષે ફોરમે એકલાખ એક્વીસ હજાર આપ્યાં

હતાં. ફા. આલ્બર્ટ ૬૯ વર્ષ પૂર્ણ કરતાં તેના માનમાં ફોરમે રૂા. ૬૯ હજાર શ્રી જશભાઈ પરમારના હસ્તે આપ્યાં હતા. શિષ્યવૃતિ આપનાર દાતાઓનું પણ સન્માન કરવામાં આવ્યું હતું. પ્રમુખશ્રી પિયુષભાઈએ વાર્ષિક અહેવાલ રજૂ કરી. ફોરમના તમામ સભ્યોનો આભાર માન્યો હતો. શ્રદ્ધાવર્ષ નિમિત્તે ફા. મેક્સિમે 'શ્રદ્ધા ઘડતર' ઉપર શાસ્ત્રવચનો ટાંકી સુંદર બોધ આપ્યો હતો. મુખ્ય મહેમાન શ્રી. વિપિન પંડ્યાએ વડીલોને જીવન જીવવાની કળા શીખવાડી. ફા. આલ્બર્ટે તમામ સભ્યોનો આભાર માન્યો હતો અને જોનભાઈ જાદવે આભારવિધિ કરી હતી. સમગ્ર કાર્યક્રમનું સંચાલન પિયુષભાઈએ સંભાળ્યું હતું. શ્રી આલ્ફોન્સભાઈએ તેમના ધર્મપત્ની સિસિલ્યાબેનની પ્રથમ પુણ્યતિથિ નિમિત્તે સભ્યોને પ્રીતિભોજન આપ્યું હતું.

(કુમુદબેન પિયુષભાઈ પરમાર દ્વારા)

## "સંગાથ" જૂથ દ્વારા આયોજિત ભજનમંડળી સંધ્યા

ગુજરાતની ધર્મસભાની લુપ્ત થતી પરંપરામાં ભજનમંડળીનો ઉલ્લેખ જરૂર થાય. નાના પણ સુંદર પ્રયત્નોથી આવી પરંપરાને જીવંત રાખવાના પ્રયત્નરૂપે, તા. ૦૨-૦૨-૨૦૧૩ના રોજ વસાવડા હોલ મણિનગર ખાતે ભજનમંડળી સંધ્યાનું આયોજન "સંગાથ" જૂથ દ્વારા કરવામાં આવ્યું હતું. ભૂમેલ, રૂદણ તથા સલુણ ગામની ભજનમંડળીઓ દ્વારા સુંદર અને ભક્તિભર્યા ભજનોની રમઝટ શ્રદ્ધાળુઓએ માણી હતી. અમદાવાદ ધર્મપ્રાંતના ધર્માધ્યક્ષશ્રીએ આશીર્વચનોમાં લુપ્ત થતી ભજનમંડળીઓમાં "સંગાથ" જૂથ દ્વારા પ્રાણનો નવસંચાર કરવા બદલ આભાર માન્યો હતો. સ્વ. મારીયા જોસેફ મેકવાનની ૨૫મી પુણ્યતિથિ નિમિત્તે તેમના પરિવાર દ્વારા આ ભજનમંડળીઓને પુરસ્કૃત કરવામાં આવી હતી. અમદાવાદના જુદા જુદા તાબામાંથી ઉચ્ચ શૈક્ષણિક કાર્યક્ષેત્ર તથા અન્ય ક્ષેત્રોમાં સિદ્ધિ હાંસલ કરવા બદલ પુરસ્કાર અને પ્રમાણપત્ર આપી ૨૬ વિરલાઓને પોંખવામાં આવ્યા હતાં. "સંગાથ" જૂથને ભવિષ્યમાં આવા કાર્યક્રમનું આયોજન કરવા માટેનો સર્વસામાન્ય સૂર સાંભળવા મળ્યો હતો. વિસરતી ભજનમંડળીઓ ફરી ઉત્સાહપૂર્વક સમાજમાં પોતાનું સ્થાન મેળવે એવા પ્રયત્ન માટે "સંગાથ" જૂથનો લોકોએ આભાર માન્યો હતો.

(સંજય મેકવાન દ્વારા)

## દાહોદ, મુવાલિયા કેથોલિક ચર્ચ ખાતે ફા. અડાઈક્લાસામીની યાજ્ઞિક દીક્ષાની રજતજયંતિની ઉજવણી

તા. ૦૧-૦૨-૨૦૧૩ના રોજ ફા. અડાઈક્લાસામી (S.V.D.)ની યાજ્ઞિકદીક્ષાની રજતજંયતિ મહોત્સવની ઉજવણી મુવાલિયા કેથોલિક સ્કૂલમાં પટાંગણમાં વડોદરાના ધર્માધ્યક્ષશ્રી ગોડ ફ્રી રોઝારીયો અને અન્ય પુરોહિતો વરદ્‌હસ્તે કરવામાં આવી હતી. દસ વર્ષ ઝાલોદમાં સેવા આપ્યાં બાદ તેઓ છેલ્લા ૧૫ વર્ષથી દાહોદ પાસેનાં મુવાલીઆ મુકામે S.V.D. સભાયાજ્ઞિક તરીકે સેવા આપી રહ્યાં છે. અંતરિયાળ ૨૫ આદિવાસી ગામોના ૫૬૦ બાળકોના અભ્યાસ અને વસવાટના હેતુસર તેમણે 'માતૃછાયા આદિવાસી છાત્રાલય'ની સ્થાપના કરેલ છે. તેમજ ધોરણ ૧ થી ૮ સુધીની સ્કૂલની વ્યવસ્થા પણ તેમણે ઊભી કરેલ છે. તદ્‌ઉપરાંત ટ્રાયબલ રિસોશીયલ વેલ્ફેર સેન્ટર (NGO) પણ ચલાવે છે. અને તેઓ ગ્રામ્ય વિસ્તારમાં આદિવાસી લોકોના વિકાસની પ્રવૃત્તિમાં કાર્યરત છે.

ઉજવણી પ્રસંગે ખ્રિસ્તયજ્ઞ અર્પણ કર્યા બાદ બિશપશ્રીએ જણાવ્યું હતું કે ફા. અડાઈક્લાસામીએ જીવનપર્યંત મુશ્કેલીઓ તેમજ કસોટીઓની પરવા કર્યા વગર પ્રભુસેવામાં અડગ રહી પોતાનું કાર્ય કરતાં રહ્યાં છે. તેમણે જ્યાં જંગલ હતું ત્યાં મંગલમય કાર્ય પૂરું પાડેલ છે. તેમણે પ્રભુપિતાનો આભાર માન્યો હતો. અને દીર્ઘાયુ શુભેચ્છાઓ પાઠવી હતી. સન્માન સમારંભમાં ફાધરને ફૂલહાર અને શાલ ઓઢાડીને બિશપ દ્વારા બહુમાન કરવામાં આવ્યું હતું. શાળાના વિદ્યાર્થીઓ દ્વારા સાંસ્કૃતિક કાર્યક્રમમાં ફોક ડાન્સ, આદિવાસી રાસ-ગરબા દ્વારા પ્રેક્ષકોનું મનોરંજન કરવામાં આવ્યું હતું છેલ્લે સહુએ ભોજન આરોગી પરસ્પર શુભેચ્છાઓ પાઠવી આનંદથી વિદાય લીધી હતી.

(સેમ્યુઅલ જોન પરમાર દ્વારા)

## માતા મરિયમ, વિધવાઓનો આધાર

વડોદરા ફતેહગંજ ખાતે આવેલ નિરાધારોની માતાના ધામે અનેક ભક્તો ભક્તિ કરવા આવે છે અને ભક્તો ભક્તિથી પ્રેરાઈને માતાના નિરાધાર સંતાનો માટે યથાશક્તિ દાન પણ કરતાં જાય છે. આ દાનમાંથી આ વર્ષે માતાજીની પ્રેરણાથી ૧૫૦ વિધવાબહેનોને સાડી ભેટરૂપે આપવામાં આવી હતી. હવે એવું ધ્યાન પર આવ્યું છે કે આપણી વચ્ચે જીવતી આ વિધવાબહેનોની જરૂરિયાત માત્ર રોટી, કપડાં, મકાનની જ નથી, પરંતુ એથીયે વધુ જરૂરીયાત તેમને સાથ સથવારાની છે. આ વાતને ધ્યાનમાં રાખીને તારીખ ૩જી ફેબ્રુઆરીના રોજ વિધવાબહેનો અરસપરસ હળીમળી શકે, પરસ્પર બે ઘડી સુખદુઃખની વાતો કરી શકે અને માતા મરિયમ આગળ પોતાની વ્યથા રજૂ કરી શકે તે હેતુથી પ્રેરાઈને માસિક સ્નેહમિલનનાં મંગલાચરણ કરવામાં આવ્યાં હતાં. ફા. ફ્રાન્સિસ પરમાર આ કાર્યક્રમના સલાહકાર છે. સિ. આગ્નેસ અને અને સિ. મંજુએ આ કાર્યક્રમનો શુભારંભ કર્યો છે અને ભવિષ્ય માટેના કાર્યક્રમો પણ તેમણે સુંદર રીતે ઘડી કાઢેલ છે. ફા. લોરેન્સ આ કાર્યક્રમના સંચાલક છે. હવેથી દર મહિનાના પહેલા રવિવારે માતાના ધામે સવારે અગિયાર વાગ્યે વિધવા બહેનો એકઠાં થશે, ખ્રિસ્તયજ્ઞ થશે અને ત્યારપછી સમુહ ભોજનનો કાર્યક્રમ રાખવામાં આવશે. દાતાઓ દાન કરે અને વિધવાબહેનો મોટી સંખ્યામાં આ કાર્યક્રમમાં જોડાય તેવી સંચાલકશ્રીની ઈચ્છા છે. (ફા. લોરેન્સ દ્વારા)

# I.C.Y.M. Spoken English Camp 2013

## Date: 25th April to 16th May 2013

**(લાયકાત :- ધોરણ ૫ થી ૧૨, કોલેજ તેમજ પી.ટી.સી.)**

પ્રવર્તમાન સમયમાં દિનપ્રતિદિન અંગ્રેજીના વધતા જતા ઉપયોગમાં...

શું આપને અંગ્રેજી ભાષા ઉપર પ્રભુત્વ મેળવવું છે? શુ આપ ઈચ્છો છો કે આપનો આત્મવિશ્વાસ વધુ પ્રબળ થાય? આપની કારકિર્દી બનાવવામાં ડગલે ને પગલે આડે આવતી અંગ્રેજી ભાષાની સમસ્યા આપ હલ કરવા ઈચ્છો છો? આપ ઈચ્છો છો કે નવા મિત્રો, અંગ્રેજી એક્શન સોંગ, વ્યક્તિત્વ વિકાસ અને કારકિર્દી માર્ગદર્શનથી આપના જીવનને એક નવી દિશા સાંપડે?

તો આવો **I.C.Y.M** આયોજીત **'Spoken English Summer Camp 2013'**માં અને સમર વેકેશનને સફળ બનાવવાનો આનંદ મેળવો.

**ગત બે વર્ષના સુખદ અનુભવના આધારે વિદ્યાર્થીઓની માંગ પ્રમાણે શાંત, રમણીય અને પવિત્ર વાતાવરણમાં નગરા ખાતે કેમ્પનું આયોજન કરેલ છે.**

**કેમ્પની ફી :- ૨૦૦૦/- રૂપિયા**

**ઈન્ટરવ્યુની તારીખ :- ૨૧-૪-૨૦૧૩**

**ઈન્ટરવ્યુનો સમય :- સવારે ૧૦:૦૦ થી સાંજના ૫:૦૦ કલાક સુધી.**

**ઈન્ટરવ્યુનું સ્થળ :- યુથ ઑફિસ, કરમસદ.**

**Contact Numbers :**

ફા.પરેશ પરમાર - ૯૭૧૨૬ ૨૯૪૦૨

યુથ ઑફિસ નં - (૦૨૬૯૨)૨૨૨૨૩૩, ૯૭૨૭૪ ૭૮૮૫૪

વોલ્ટર ચૌહાણ (I.C.Y.M. સેક્રેટરી) - ૯૫૧૦૯ ૦૩૭૪૦

**ફોર્મ મોકલવાનું સરનામું :**

ફા.પરેશ પરમાર

યુથ ડિરેક્ટર, I.C.Y.M. અમદાવાદ ધર્મપ્રાંત

લોયોલા હોસ્ટેલ, કૅથોલિક ચર્ચ, કરમસદ ૩૮૮૩૨૫

**નોંધ :- મર્યાદિત સંખ્યામાં પ્રવેશ આપવાનો હોઈ, આ કેમ્પ પુરતું 'વહેલા તે પહેલા ધોરણ' ને અમલમાં મૂકવામાં આવશે.**

---

## I.C.Y.M Spoken English Camp 2013

Application Form

Name:-________________________________________

Father's Name: - ______________________ Occupation: - ____________

Mother's Name: - ______________________ Occupation: - ____________

Address (Resi.):-______________________________

City/Town: - ______________________ Pin code:-______________

Contact Numbers: Phone:-________________ Mobile:- ____________

Date of Birth: - ____________________ Std:-________________

Name of School/College:-________________________

Signature of Applicant:-________________________

Parish: - ____________ Sign and Seal of Parish Priest:-______________

**નોંધ :- આ ફોર્મ ભરી તા.૧૫-૪-૨૦૧૩ પહેલા યુથ ઑફિસ,કરમસદમાં મોકલી આપવું.**

# ૧૫મી પુણ્યતિથિએ હૃદયાંજલિ

સ્નેહનો જો અર્થ પૂછે કોઈ તો
આંગળી ચીંધુ તમારા નામ પર

## શ્રી બિપિનભાઈ આઝાદ

(૦૧-૦૬-૧૯૩૦ – ૧૫-૦૩-૧૯૯૮)





માર્ચ મહિનાની આવી જ એક સવારે કોમામાંથી પાછા ફર્યા બાદ અમે અમારાં પપ્પાને હોસ્પિટલમાંથી ઘેર લઈ જવાનું નક્કી કર્યું હતું. એ ઘેર, જે એમણે અમારાં બધાં માટે ખૂબ પ્રેમથી બનાવ્યું હતું. તેઓ નોકરીમાંથી નિવૃત્ત થયા ત્યારે તેમણે કહ્યું હતું, 'કેથોલિક ધાર્મિક સાહિત્ય ખાતર મેં મારું સર્વસ્વ ન્યોછાવર કરી દીધું છે. હું બચત કરી શક્યો નથી, પરંતુ તમારા ઉપર દેવું પણ મૂક્યું નથી.' સંદેશ સ્પષ્ટ હતો, **એમણે અમને સમથળ વર્તમાનનો વારસો આપ્યો હતો, જેના પર અમારે જાતે અમારી ઈમારત ઊભી કરવાની હતી.** પિતા કશું ય ન આપવાનો દેખાવ કરીને સંતાનોને એક આખેઆખું ભવિષ્ય આપી દેતા હોય છે.

પિતા અને પુત્રનો સંબંધ વિલક્ષણ હોય છે. તેમાં માતા સાથે હોય એવી મુખરતા હોતી નથી, બધું કહી દેવાનું હોતું નથી. **પિતા-પુત્ર વચ્ચે હંમેશા એક મૂક સંવાદ ચાલતો રહે છે જેમાં અવ્યક્ત લાગતા પ્રેમની સુગંધ આવ્યા કરે છે.** પપ્પા અમારા મિત્ર હતાં. પિતા જ્યારે મુરબ્બીપણાના આવરણમાંથી બહાર નીકળે છે ત્યારે જ એમને વધારે પારદર્શક થયેલા અનુભવી શકાય છે. કદાચ પિતા અને પુત્રના સંબંધમાં સૌથી વધારે જરૂરી આવી પારદર્શકતાઓની હોય છે. પુત્રે આપેલી વેદનાઓને પિતા એના વૃદ્ધ થતા જતા ચહેરા પાછળ સંતાડી દે છે. સમજદાર પિતા માટે ચહેરા પાછળ બધું જ સંતાડી રાખવાની આવડતનું બીજું નામ પારદર્શકતા છે.

ફરી પાછા પપ્પા કોમામાં ચાલ્યા ગયાં હતાં. થોડાં દિવસો બાદ ઈશ્વરે તેમને બોલાવી લીધા હતાં. તેમની ખુલ્લી, પણ કશું જ જોઈ ન શકતી આંખોની બહાર એક પતંગિયાની જેમ, એક ન દેખાયેલા ધુમાડાની જેમ, એક ન ટપકેલાં આંસુની જેમ, અધૂરી રહી ગયેલી ઈચ્છાઓની જેમ તમારી બાકી રહી ગયેલી જિંદગીને બહાર મૂકીને તમે ચાલ્યા ગયાં હતાં.

મૃત્યુ જેટલું મોટું પૂર્ણવિરામ કોઈ નથી.
શબ પર ફૂલ મૂકીએ છીએ
એ પહેલાં હૃદયમાં પથ્થર મૂકવો પડે છે.

પ્રભુ, આપના આત્માને ચિરકાલિન શાંતિ બક્ષો.

પુનરુત્થાનની પ્રભાતે ફરી મળીશું,
એ વિશ્વાસ સાથે.

**લિ.**
**આપનો પરિવાર**

# પારસ ડેવલોપર્સ

# પારસ ટ્વીન્સ બંગ્લોઝ

## આણંદ




આણંદ શહેરના શાંતિ અને સમૃદ્ધ વિસ્તારમાં, ૧૦૦ ફૂટના રોડ પર, ઝાયડસ મલ્ટીસ્પેશ્યાલિટી હોસ્પિટલ તથા GNM નર્સિંગ સ્કૂલના સાંનિધ્યમાં ફક્ત ખ્રિસ્તી પરિવારો માટે જ છેલ્લી તક.

- ⇨ આણંદ T.P. No. 9
- ⇨ NA, NOC ટાઈટલ ક્લીયર
- ⇨ ૯ થી ૧૨ માસમાં મકાન સંપૂર્ણ તૈયાર.
- ⇨ લોન પેપર્સ ઉપલબ્ધ. S.B.I., H.D.F.C. ઝડપી લોન.
- ⇨ ફ્લેટની કિંમતે બંગ્લોઝ

**4 BHK પ્રિમિયમ હોમ્સ મર્યાદિત બંગ્લોઝ બાકી રહેલ છે.**

**(જૂજ સભ્યો બાકી છે.)**

જીસસ બગ્લોની પાસે, હીમાલયા રીટ્રીટની પાછળ

**—: સંપર્ક :—**

પ્રકાશભાઈ

૯૮૨૫૨ ૫૫૮૬૭

(૦૨૬૯૨) ૨૫૫૯૭૯



**વ્હાલા બાપુ,**

ધૂમકેતુની જેમ તમે પ્રગટ્યા,
પ્રચંડ તેજ-પૂંજથી પ્રકાશ્યા.
અને શુક્રની જેમ તેજસ્વીરૂપે ઝળહળી રહ્યા છો...



## સ્વ. જોસેફ મેકવાન

જન્મ: ૦૯-૧૦-૧૯૩૫

અવસાન: ૨૮-૦૩-૨૦૧૦

What I had, I spent!
What I saved, I lost!!
What I gave, I have!!!

**રેગીના જોસેફ મેકવાન**
**ગૌરા, રજની, રાગ (કેનેડા)**
**ચંદ્રનિલય પરિવારઃ**
**કેનેડા, આણંદ, વિદ્યાનગર, બાકરોલ, ગાંધીનગર, અમદાવાદ, નડીઆદ**

બાપુ, આપની અત્યંત લાડલી સીલ્વીયાના લગ્ન (જે તમારું સ્વપ્ન હતું) ધામધૂમથી સંપન્ન થયા છે અને આપના દોહિત્ર દામાદ ડો. રીતેશને 'ચંદ્રનિલય પરિવારે' સહર્ષ આવકાર્યા છે.

## ખાસ ખુશ ખબર... તદ્દન વ્યાજબી ભાવે

## મિલ્ક સીટી આણંદના સાનિધ્યમાં આકાર લઈ રહેલ નયનરમ્ય ટાઉનશીપ એટલે..

# સમર્પણ પાર્ક

પ્લોટનું
અને ૨BHK અને BHK બુકિંગ
ચાલું છે.



### 2-BHK અને 3-BHK રેસીડન્સ

શહેરના ઘોંઘાટ અને પ્રદૂષણથી દૂર, ખુલ્લી જગ્યામાં કુદરતના સાનિધ્યમાં બાગ-બગીચા સહિતનું આયોજન. કુલ ૪૧ બંગ્લોઝ જેમાં ૨ બેડરૂમ અને ૩ બેડરૂમના રેસીડન્સ, લેન્ડસ્કેપ ગાર્ડન્સ, સિનિયર સિટિઝન્સ સીટીંગ, પેવ્ડ પાથવેઝ, વોકવેઝ વગેરે જીવન જરૂરી સુવિધાઓ સાથે સુંદર રીતે વણી લેવામાં આવેલ છે. “સમર્પણ પાર્ક” સૌથી ઝડપથી વિક્સી રહેલ જીટોડીયા રોડ પર કોઈપણ હાઈરાઈઝ બિલ્ડીંગ સિવાયના વિસ્તારમાં અને આપની રોજીંદી જરૂરિયાતોથી તદ્દન નજીક.

### સુવિધાઓઃ

(૧) સોસાયટીની ફરતે કંમ્પાઉન્ડ વોલ (૨) બે કોમન પ્લોટ
(૩) દરેક મકાનને અલાયદી ૧૦૦૦ લીટરની સીન્ટેક્ષ-રેનો પાણીની ટાંકી
(૪) કોમન બોરવેલ (૫) દરેક મકાનને ડ્રેનેજ ખાળકૂવો
(૬) ગેસ લાઈનની સુવિધા (૭) લોન પેપર ઉપલબ્ધ (૮) દરેક મકાનને કમ્પાઉન્ડ વોલ
(૯) સોસાયટીના અંદરના રોડ પેવર બ્લોક ફીટીંગ સાથે.
(૧૦) સોસાયટીનો આકર્ષણ મેઈન ગેટ.

—: સ્થળ :—
સમર્પણ પાર્ક
આધસકાંત સોસાયટી સામે,
પ્રકૃતિપાર્કની બાજુમાં, ચાવડાપુરા
આણંદ

—: સંપર્ક :—
રવિન્દ્ર એસ. પરમાર
૯૩૭૫૦ ૧૨૧૪૮
કમલેશ જાદવ (સાઈટ સુપરવાઈઝર)
૭૩૫૯૬ ૬૪૧૪૨



# Happy Birthday

## પરમાર ઈશા નિલેષભાઈ

જન્મ: ૨૬-૦૩-૨૦૧૨

સુશીલાબેન મુળજીભાઈ પરમાર (દાદી)

પરમાર નિલેષભાઈ મુળજીભાઈ (પપ્પા)

પરમાર કલ્પનાબેન નિલેષભાઈ (મમ્મી)

પરમાર બાબુભાઈ મુળજીભાઈ
(મોટા પપ્પા)
મો. ૯૯૨૫૯ ૧૭૫૬૮

પરમાર સવિતાબેન બાબુભાઈ
(મોટી મમ્મી)

પરમાર રોહન બાબુભાઈ (ભાઈ)

HAPPY BIRTHDAY

**સમગ્ર પરિવાર**

નિલેષભાઈ મુળજીભાઈ પરમાર
બી-૨, બેથેલકૃપા સોસાયટી, હરિપુરા ધીરજ હાઉસીંગ બોર્ડની
પાછળ,
મણિનગર (પૂર્વ), અમદાવાદ - ૩૮૦૦૦૮

PAVAN HRUDAYA DOOT, March, 2013 R.N.I. No. GUJGUJ/2000/2975
Regd. No. AND/304/2012-14 valid up to Dec. 2014. Licensed to post without Prepayment Up to 30.06.2014
Posted at Anand HO. Date of Posting: 5th of every Month

# ચાલો, અંકલપુર કાલવારી

**ભગવાન ઈસુની પીડામાં સહભાગી થવા**
**અંકલપુરની ૫૭મી સામૂહિક યાત્રા**
**તપઋતુનો પાંચમો રવિવાર**

## ૧૭ માર્ચ, ૨૦૧૩



### પરમપૂજા

સવારના ૦૬.૦૦ કલાકે પરમપૂજા (દેવળમાં)
સવારના ૦૭.૦૦ કલાકે પરમપૂજા (દેવળમાં)
સવારના ૦૮.૩૦ કલાકે પરમપૂજા (મંડપમાં)
સવારના ૧૦.૦૦ કલાકે પરમપૂજા (મંડપમાં)
બપોરના ૧૨.૦૦ કલાકે પરમપૂજા (મંડપમાં)
બપોરના ૦૨.૩૦ કલાકે પરમપૂજા (મંડપમાં)

ક્રૂસના અવશેષને વંદન કરવાનું ચુકશો નહીં



### એસ.ટી. બસ અંગે
### આણંદથી આંકલાવ આવવા માટે

સવારે ૯.૦૦ વાગ્યાથી કલાક-કલાકના
અંતરે બસ ઉપડશે.
નીચેના રૂટની બસ આંકલાવ થઈને જાય છે.

| | |
|---|---|
| આણંદ-ચમારા | આણંદ-ઉમેટા |
| આણંદ-કોસિન્દ્રા | આણંદ-ગંભીરા |
| આણંદ-આમરોલી | નડીઆદ-પાદરા |
| અમદાવાદ-આંકલાવ | |

### સૂચના

રેલવે માર્ગે આવનાર યાત્રિકો માટે સવારે ૧૦.૪૫ વાગે આંકલાવ સ્ટેશનથી ક્રૂસના માર્ગની ભક્તિ શરૂ થશે.

લિ. સ્નેહાધીન
અંકલપુર કાલવારીના ભક્તજનો,
સાધ્વીબહેનો, ધર્મગુરુઓ, આંકલાવ

Printed and Published by: Jerry Sequeira S.J., on behalf of Gujarat Sahitya Prakash Society
and Printed at Anand Press, Gamdi-Anand, Published at Gujarat Sahitya Prakash, P.B. 70, Anand 388 001. Editor: Dr. Thomas Parmar